પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના:૧૪
તા. ૯-૧૦-૨૦૨૬, શુક્રવાર
વર્ષ: ૧૫, અંક : ૧૮૫

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

સૌથી વધારે હાંસલ કરવા માટે સૌથી વધારે કાબેલ બનવું પડે છે

શૌર્ટ્સ વિણાટ દેશી કાઠિયાવાડી
ખમણ નમકીન
કરીયાણાના વેપારી
મોલ-સુપર માર્કેટ માટે ઓફર
અપ્પુ
ચણાદાળ
ડીલર એજન્ટ જોઈએ છે
વિણાટ ચણા મળશે
9824200970

# જીએસટીમાં રાહતનો પટારો ખુલ્યો: ૧૦ હજારથી ઓછી રકમના ૧૨ લાખ પડતર કેસો પાછા ખેંચાશે

## કરદાતાઓ અને વિભાગ વચ્ચેના વિવાદો ઘટાડવા સરકારનો ઐતિહાસિક નિર્ણય: નોટિસો ફટકારવાનું બંધ થશે ટેક્સ અધિકારીઓ પાસેથી ધરપકડની સત્તા છીનવાઈ: પ્રોસિક્યુશન મર્યાદા ૧ કરોડથી વધારી ૫ કરોડ કરાઈ

**અબતક, નવી દિલ્હી**

દેશમાં જીએસટી વહીવટને વધુ સરળ અને પારદર્શક બનાવવા માટે સરકાર દ્વારા એક બહુ મોટો અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત નાના કરદાતાઓને મોટી રાહત આપતા રૂપિયા ૧૦,૦૦૦ થી ઓછી રકમના ટેક્સ દાવાઓ માટે ભવિષ્યમાં કોઈ નોટિસ નહીં ફટકારવાનો આદેશ જારી કરાયો છે. સૌથી મહત્વની વાત એ છે કે, સમગ્ર દેશમાં હાલમાં ચાલી રહેલા આવા ૧૨ લાખ જેટલા પડતર કેસોને પણ તાત્કાલિક અસરથી પાછા ખેંચી લેવામાં આવશે. આ નિર્ણયથી નાના વેપારીઓ પરનો કાનૂની બોજ સાવ નહિવત થઈ જશે અને સમગ્ર દેશની ટેક્સ સિસ્ટમ વધુ વેપાર-અનુકૂળ બની જશે.

તાજેતરમાં દિલ્હી ખાતે નાણામંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં મળેલી ૫૭મી જીએસટી કાઉન્સિલની બેઠકમાં વિવાદ નિવારણ અને કાનૂની સુધારાઓ પર સૌથી વધુ ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ, રૂપિયા ૧૦,૦૦૦ થી નીચેના કરવેરાના વિવાદોમાં કરદાતાઓને નોટિસ મોકલવાની પ્રથા સદંતર બંધ કરવામાં આવશે. હાલમાં દેશભરમાં અંદાજિત ૧૨ લાખ જેટલા કેસો માત્ર આ નાની રકમના વિવાદોને કારણે પડતર છે, જેનાથી સરકારી તિજોરી કરતા વહીવટી ખર્ચ અને સમયનો વધુ વ્યય થતો હતો. હવે આ તમામ ૧૨ લાખ કેસો સત્તાવાર રીતે પાછા ખેંચી લેવાના નિર્ણયથી નાના કરદાતાઓને મોટી શાંતિ મળી છે.

કરદાતાઓમાં ભયનો માહોલ દૂર કરવા માટે જીએસટી કાઉન્સિલે ટેક્સ અધિકારીઓ દ્વારા કરવામાં આવતી ધરપકડની સત્તાઓને પણ નાબૂદ કરી દીધી છે. સેન્ટ્રલ જીએસટી એક્ટની કલમ ૬૯ હેઠળ અધિકારીઓને મળેલી આ સત્તાનો દુરુપયોગ અટકાવવા આ મોટું કદમ ઉઠાવાયું છે. વધુમાં, ટેક્સ ચોરીના

(અનુ. આઠમા પાને)




### રિફંડ પ્રક્રિયાને બનાવાશે સુપરફાસ્ટ

વેપારીઓ માટે સૌથી માથાકૂટ વાળી ગણાતી જીએસટી રિફંડ સિસ્ટમમાં ધરખમ સુધારો કરવામાં આવ્યો છે. નવી સિસ્ટમ આધારિત રિફંડ મંજૂરી પ્રક્રિયા હેઠળ હવે ૯૦% જેટલા દાવાઓ માત્ર ૩ દિવસની અંદર જ ક્લિયર કરી દેવામાં આવશે. આ ઉપરાંત, રિફંડની પહોંચ આપવાનો જે સમય પહેલા ૧૫ દિવસનો હતો, તેને ઘટાડીને ૧૦ દિવસ કરી દેવામાં આવ્યો છે અને ડીમ્ડ એક્નોલેજમેન્ટની નવી વ્યવસ્થા શરૂ કરાઈ છે, જેથી વેપારીઓના નાણાં લાંબો સમય ફસાયેલા ન રહે.

### ઈ-કોમર્સ અને નાના વિક્રેતાઓને મોટી છૂટછાટ

ઓનલાઇન પ્લેટફોર્મ પર માલ વેચતા નાના વેપારીઓને હવે અલગ-અલગ રાજ્યોમાં મલ્ટિપલ રજીસ્ટ્રેશન કરાવવાની કોઈ જરૂર રહેશે નહીં, જેનાથી ૯૦% જેટલા ઓનલાઈન વિક્રેતાઓને સીધો ફાયદો થશે. આ ઉપરાંત, માત્ર ગ્રાહકોને જ સીધું વેચાણ કરતા અને રૂપિયા ૫ કરોડ સુધીનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા નાના વેપારીઓ માટે પણ જીએસટી કાઉન્સિલે મોટી રાહત આપી છે. આવા નાના વેપારીઓ હવે વારંવારના રિટર્ન ભરવાને બદલે માત્ર વાર્ષિક રિટર્ન ભરી શકશે.

### નવું રજીસ્ટ્રેશન માત્ર ૩ દિવસમાં મળશે

કોઈપણ નવો વ્યવસાય શરૂ કરવા માંગતા સાહસિકો માટે જીએસટી રજીસ્ટ્રેશન મેળવવાની પ્રક્રિયાને વધુ સુવ્યવસ્થિત અને ઓટોમેટેડ કરવામાં આવી છે. માનવીય હસ્તક્ષેપ ઘટાડવાના હેતુથી એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે જેમાં મોટાભાગના વ્યવસાયોને માત્ર ૩ દિવસમાં જ નવું રજીસ્ટ્રેશન મળી જશે. તેમજ મુખ્ય વ્યવસાય સ્થળ સિવાયની અન્ય કોઈ પણ વિગતોમાં ફેરફાર કરવાની હોય તો તે લાંબી મંજૂરી પ્રક્રિયા વિના આપમેળે જ ઓટોમેટિક અપડેટ થઈ જશે.

### ઈનપુટ ટેક્સ ક્રેડિટનો વ્યાપ વધારાયો

વેપારીઓને કેપિટલ ગુડ્સ પર જમા થયેલી ઈનપુટ ટેક્સ ક્રેડિટના રિફંડનો દાવો કરવામાં હવે લાંબા ગાળાની છૂટ મળી છે. આગામી નવેમ્બર મહિનાથી આ સુવિધા હેઠળ ક્રેડિટને ૬૦ મહિના સુધી સ્પ્રેડ કરી શકાશે. એટલું જ નહીં, અગાઉ હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ, ફ્રી સેમ્પલ, ફેક્ટરીમાં નંખાતી પાઈપલાઈન અને આઉટડોર કેટરિંગ જેવી સપ્લાય પર આઈટીસી લેવા પર જે કડક પ્રતિબંધો હતા, તેને સંપૂર્ણપણે હટાવી લઈને બિઝનેસને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું છે.

# ભરૂચની જામાં મસ્જિદમાં તીર્થંકર ભગવાન "મલ્લિનાથ"ના પૂજન માટે જૈનોએ હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યાં

## ૧૪મી સદીની મસ્જિદના ભોંયરામાંથી જૈન તીર્થંકર ભગવાન મલ્લિનાથની મૂર્તિ મળી હોવાનો દાવો-કોમી તંગદિલી વચ્ચે મૂર્તિને ખંડિત થતી અટકાવવા અરજદારોની માંગ, આજે વધુ સુનાવણી

**અબતક, ગાંધીનગર**

ભરૂચ સ્થિત ૧૪મી સદીની એક ઐતિહાસિક મસ્જિદના પરિસરમાંથી જૈન તીર્થંકરની મૂર્તિ મળી આવવાના દાવા બાદ સમગ્ર મામલો હવે ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો છે. મસ્જિદના ભોંયરામાંથી મૂર્તિ મળી હોવાનો દાવો કરી જૈન સમાજ દ્વારા હાઈકોર્ટમાં એક મહત્વપૂર્ણ પિટિશન દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં મસ્જિદમાં પૂજા-અર્ચના કરવાનો અધિકાર આપવા અને મૂર્તિને તાત્કાલિક રક્ષણ પૂરું પાડવા માટે માંગ કરવામાં આવી છે. કોમી તંગદિલી વચ્ચે મૂર્તિને નુકસાન પહોંચાડવામાં આવે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવતા કોર્ટે પણ આ બાબતની નોંધ લીધી છે અને આગામી સુનાવણી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ વિવાદની શરૂઆત આ વર્ષની શરૂઆતમાં જ થઈ ગઈ હતી. જૈન સમાજનો એવો દાવો છે કે મસ્જિદના ભોંયરામાં કરવામાં આવેલા એક નિરીક્ષણ દરમિયાન ૧૯મા જૈન તીર્થંકર ભગવાન મલ્લિનાથની પવિત્ર મૂર્તિ મળી આવી હતી. આ ઐતિહાસિક મસ્જિદ ૧૪મી સદીમાં ગયાઝુદ્દીન તુગલકના શાસનકાળ દરમિયાન બનાવવામાં આવી હોવાનું મનાય છે. મસ્જિદમાંથી મૂર્તિ મળી આવવાની વાત ફેલાતા સ્થાનિક હિન્દુ અને જૈન સંગઠનો દ્વારા એક મોટી રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ગુરુવારે હાઈકોર્ટ સમક્ષ આ મામલે અરજદારોના વકીલ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે, આ મૂર્તિ જૈન સમુદાય માટે અત્યંત પવિત્ર છે અને તેથી સમાજના લોકોને ત્યાં વિધિવત રીતે પૂજા કરવાની મંજૂરી મળવી જોઈએ. વિવાદ અને તંગદિલીના વાતાવરણમાં મૂર્તિનો નાશ કરવામાં આવી શકે તેવી દહેશત પણ વ્યક્ત કરવામાં આવી હતી. જો સત્તાધીશો દ્વારા તાત્કાલિક યોગ્ય રક્ષણ આપવામાં નહીં આવે તો મૂર્તિને ખંડિત થવાનો મોટો ભય રહેલો છે તેવી ભીતિ સેવવામાં આવી રહી છે. આ કેસમાં અરજદારો દ્વારા કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, પુરાતત્વ વિભાગ અને જામી મસ્જિદની મેનેજિંગ કમિટીને પક્ષકાર બનાવવામાં આવ્યા છે.

આ સમગ્ર મામલો અત્યંત સંવેદનશીલ હોવાથી તંત્ર પણ સાવચેતીના પગલાં લઈ રહ્યું છે. અગાઉ જ્યારે રેલીઓ યોજાઈ હતી ત્યારે પણ કોમી તંગદિલી સર્જાવાની અને કોઈ અનિચ્છનીય બનાવ બનવાની શકયતાને પગલે પુરાતત્વ વિભાગે દરમિયાનગીરી કરવી પડી હતી. તે સમયે પુરાતત્વ વિભાગ દ્વારા સ્થાનિક જિલ્લા કલેકટરને ખાસ સૂચના આપીને આ ઐતિહાસિક સ્મારકની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે તાકીદ કરવામાં આવી હતી.

### ઐતિહાસિક સ્મારક અંગેનો ૧૯૫૮નો કાયદો શું કહે છે?

ભરૂચની આ મસ્જિદ વર્ષ ૧૯૦૯થી આર્કિયોલોજિકલ સરવે ઓફ ઈન્ડિયા દ્વારા સંરક્ષિત સ્મારક તરીકે જાહેર કરવામાં આવેલી છે. તેને રાષ્ટ્રીય મહત્વના સ્મારકનો વિશેષ દરજ્જો પ્રાપ્ત છે. હાલમાં આ સ્મારક વર્ષ ૧૯૫૮ના પ્રાચીન સ્મારકો અને પુરાતત્વીય સ્થળો તથા અવશેષોના કાયદા હેઠળ સંચાલિત થાય છે. આ કાયદાની કડક જોગવાઈઓ સ્પષ્ટ કરે છે કે કોઈપણ સંરક્ષિત સ્મારકનું મૂળ સ્વરૂપ અથવા ચારિત્ર્ય બદલી શકાતું નથી, જેના કારણે જ પૂજાના અધિકાર અંગે કાનૂની પેચ ફસાયો છે.



### કોર્ટમાં સુનાવણી દરમિયાન કોણે શું રજૂઆત કરી?

હાઈકોર્ટમાં આ મહત્વપૂર્ણ પિટિશન સ્થાનિક રહીશો હરિશંકર જૈન અને રાહુલ દિવાન નામના અરજદારો દ્વારા દાખલ કરવામાં આવી છે. આ કેસની પ્રાથમિક સુનાવણી જસ્ટિસ નિશા ઠાકોરની બેન્ચ સમક્ષ હાથ ધરવામાં આવી હતી. કોર્ટમાં રાજ્ય સરકાર વતી સરકારી પ્લીડર જી. એચ. વિર્ક હાજર રહ્યા હતા, જેમણે કોર્ટને જણાવ્યું હતું કે અરજદારોની પિટિશનમાં અને રજૂઆતોમાં કેટલાક યોગ્ય તથ્યો રહેલા છે. હવે આ કેસની વધુ કાનૂની પ્રક્રિયા આજે શુક્રવારની સુનાવણીમાં હાથ ધરાશે.

# જાન્યુઆરીથી 'તગડા' વીમા કમિશન પર 'લગામ'ની તૈયારી: ૧૦ લાખ એજન્ટો 'નવરા' થઈ જશે!

## આગામી ૨૫ ઓક્ટોબર સુધીમાં સૂચનો મંગવાયા, ત્યારબાદ નવા નિયમો લાગુ થશે: વીમા કંપનીઓ અને બ્રોકરોના કમિશનમાં કાપના પ્રસ્તાવથી ફિનટેક કંપનીઓના શેરોમાં ભારે કડાકો

**અબતક, નવી દિલ્હી**

ભારતમાં વીમા નિયમનકાર દ્વારા વીમા એજન્ટો અને બ્રોકરોને ચૂકવાતા કમિશન પર અંકુશ મૂકવા માટે એક નવી અને કડક દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. આ નિર્ણયથી વીમા પોલિસીઓ સસ્તી બનવાની અને સામાન્ય ગ્રાહકોને લાંબા ગાળે મોટો ફાયદો થવાની અપેક્ષા છે. કમિશન પર કાપના સમાચારો વહેતા થતાની સાથે જ ઓનલાઈન વીમા બ્રોકિંગ કંપનીઓના શેરોમાં ભારે કડાકો જોવા મળ્યો છે. નિયમનકારનો મુખ્ય હેતુ કમિશન અને મેનેજમેન્ટ ખર્ચ ઘટાડીને દેશમાં વીમા કવરેજનો વ્યાપ વધારવાનો છે. નવા નિયમો આગામી જાન્યુઆરીમાં લાગુ કરવાની તૈયારી છે. જેનાથી જીવન, સ્વાસ્થ્ય અને પ્રોપર્ટી સહિતના તમામ વીમા ક્ષેત્રોમાં વ્યાપક બદલાવ આવી શકે છે અને ગ્રાહકોને સીધો આર્થિક લાભ મળી શકશે. વીમા ક્ષેત્રના નિયમનકાર આઈઆરડીએઆઈ ના આ નવા પ્રસ્તાવથી ઓનલાઈન વીમા બ્રોકરોની આવકમાં ૯૦ ટકા સુધીનો જંગી ઘટાડો થઈ શકે છે. ખાસ કરીને નવા બિઝનેસ માટે કમિશન રેટમાં ૧૦ ટકાના ઘટાડાની દરખાસ્તથી પીબી




ફિનટેક (પોલિસીબઝાર) જેવી કંપનીઓના શેરોમાં ૩૬ ટકાથી લઈને ૫૦ ટકા સુધીનું ગાબડું પડ્યું છે. ઈન્સ્યોરન્સ બ્રોકર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ એવી ચેતવણી આપી છે કે કમિશન ઘટવાથી વીમા સેક્ટરમાં અંદાજે ૧૦ લાખ (૧ મિલિયન) જેટલી નોકરીઓ જોખમમાં મુકાઈ શકે છે. વર્ષ ૨૦૨૩માં નિયમો હળવા થયા બાદ વીમા પ્રીમિયમના ગ્રોથ કરતા કમિશનમાં વધુ ઝડપથી વધારો થયો હોવાથી નિયમનકાર દ્વારા આ કડક પગલાં લેવાઈ રહ્યા છે.

જોકે, આઈઆરડીએઆઈ ના હોલ-ટાઈમ સભ્ય સુબ્રમણ્યને નોકરીઓ જવાની આ મોટી આશંકાને સદંતર ફગાવી દીધી છે. તેમના મતે, આ નવા સુધારાઓથી વીમા વિતરણનું નેટવર્ક વધુ મજબૂત અને બહોળું બનશે, જેનાથી બજારમાં નવા લોકો પ્રવેશી શકશે અને રોજગારીની નવી તકો ઉભી થશે. ગ્રાહકો સુધી વીમાની પહોંચ વધારવા માટે નિયમનકારે મેનેજમેન્ટ ખર્ચ પરની મર્યાદાઓને પણ આવનારા ૫ વર્ષમાં તબક્કાવાર ઘટાડવાની યોજના બનાવી છે. આ માટે પ્રથમ વચગાળાનો ટાર્ગેટ માર્ચ ૨૦૨૯ ના નાણાકીય વર્ષ સુધીમાં પૂરો કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

આ નવી પોલિસીમાં માત્ર કાપ જ નથી, પરંતુ ગ્રામીણ વિસ્તારો માટે મોટું પ્રોત્સાહન પણ છે. મોટા શહેરોની બહાર, ખાસ કરીને નાના નગરો અને ગ્રામ્ય વિસ્તારોમાં વીમાનો વ્યાપ વધારવા માટે ડિસ્ટ્રિબ્યુટર્સને ખાસ રાહતો જાહેર કરાઈ છે. નવી દરખાસ્ત મુજબ, ૧૦ લાખથી ઓછી વસ્તી ધરાવતા વિસ્તારોમાં બિઝનેસ લાવનાર ડિસ્ટ્રિબ્યુટર્સને કમિશન મર્યાદામાં ૧૦ ટકાનો વધારાનો લાભ મળશે. જ્યારે ૫૦ હજારથી ઓછી વસ્તીવાળા નાના ગામડાઓ અને નગરો માટે આ કમિશન મર્યાદા ૨૦ ટકા સુધી વધારવામાં આવશે, જેથી છેવાડાના માનવી સુધી વીમા સુરક્ષા પહોંચાડી શકાય.

આ નવા નિયમો અને વ્યાપક ફેરફારો અંગે તમામ હિતધારકો, વીમા કંપનીઓ અને બ્રોકર્સ પાસેથી આગામી ૨૫ ઓક્ટોબર સુધીમાં પ્રતિભાવો અને જવાબો મંગાવવામાં આવ્યા છે. ત્યારબાદ

(અનુ. આઠમા પાને)

# ભારતવંશી નવીનતમ પિલ્લાઈને શાંતિનો નોબેલ પુરસ્કાર

## પિલ્લાઈને શાંતિ અને આંતરરાષ્ટ્રીય કાયદાને મજબૂત કરવા માટે આ સન્માન આપવામાં આવશે: દક્ષિણ આફ્રિકામાં જન્મેલાં પિલ્લાઈએ રંગભેદ સામે લડનારા નેલ્સન મંડેલા સહિત અનેક લોકોનો કાનૂની બચાવ કર્યો હતો

**અબતક, રાજકોટ**

નોર્વેની નોબેલ સમિતિએ ૨૦૨૬નો નોબેલ શાંતિ પુરસ્કાર ભારતવંશી નવનીતમ નાવી પિલ્લાઈને આપવાની જાહેરાત કરી છે. તેમને શાંતિ અને આંતરરાષ્ટ્રીય કાયદાને મજબૂત કરવા માટે આ સન્માન આપવામાં આવશે.

દક્ષિણ આફ્રિકામાં જન્મેલાં પિલ્લાઈએ રંગભેદ સામે લડનારા નેલ્સન મંડેલા સહિત અનેક લોકોનો કાનૂની બચાવ કર્યો હતો. તેમણે યુદ્ધ અપરાધ અને નરસંહારના દોષિતોને સજા અપાવવાની દિશામાં પણ મહત્વપૂર્ણ કામ કર્યું છે.પિલ્લાઈએ ૧૯૭૩માં અરજી દાખલ કરીને રોબેન આઈલેન્ડ જેલમાં બંધ રાજકીય કેદીઓને વકીલોની મદદ લેવાનો અધિકાર અપાવ્યો હતો. આમાં નેલ્સન મંડેલા પણ સામેલ હતા. જોકે કેદી તરીકે તેમની મંડેલા સાથે ક્યારેય મુલાકાત થઈ નહોતી. પાછળથી જ્યારે મંડેલા રાષ્ટ્રપતિ બન્યા



ત્યારે તેમણે ૧૯૯૫માં નાવી પિલ્લાઈને દક્ષિણ આફ્રિકાની હાઈકોર્ટમાં જજ તરીકે નિયુક્ત કરવાની ભલામણ કરી હતી.નોબેલના બાકીના પુરસ્કારો સ્વિડનમાં આપવામાં આવે છે, પરંતુ શાંતિનો નોબેલ નોર્વેની રાજધાની ઓસ્લોમાં આપવામાં આવે છે. આનું કારણ લગભગ ૧૩૦ વર્ષ જૂનું છે. આ વ્યવસ્થા ખુદ અલ્ફ્રેડ નોબેલે પોતાની વિલ (વસિયતનામા)માં નક્કી કરી હતી.૧૮૯૫માં લખેલી પોતાની વિલમાં નોબેલે નક્કી કર્યું હતું કે શાંતિ પુરસ્કારનો નિર્ણય નોર્વેની સંસદ દ્વારા ચૂંટાયેલી સમિતિ કરશે. તે સમયે સ્વિડન અને નોર્વે એક જ રાજાના શાસન હેઠળ હતા, જોકે બંનેની પોતાની સંસદ અને અલગ રાજકીય વ્યવસ્થા હતી.નોબેલનું ૧૮૯૬માં અવસાન થયું અને ૧૯૦૧થી પુરસ્કારો આપવાની શરૂઆત થઈ. તે સમયે સ્વિડન અને નોર્વે એક યુનિયનમાં હતા.૧૯૦૫માં બંને દેશો અલગ થઈ ગયા, પરંતુ નોબેલની વિલમાં શાંતિ પુરસ્કાર માટે નોર્વેને આપવામાં આવેલી જવાબદારી ચાલુ રહી. આ જ કારણસર આજે પણ ફિઝિક્સ, કેમિસ્ટ્રી, મેડિસિન, સાહિત્ય અને અર્થશાસ્ત્રના નોબેલ સ્વિડનમાં, જ્યારે શાંતિનો નોબેલ નોર્વેમાં આપવામાં આવે છે.



## ટપાલ: કબૂતરની પાંખો અને ઈન્ટરનેટની ઝડપ વચ્ચેનો સેતુ

# પાંખોથી પોસ્ટ સુધી, પોસ્ટથી પિક્સેલ સુધી: સંદેશાની સદીઓ લાંબી સફર

## ભારતની ટપાલ સેવાનું નેટવર્ક એ વિશ્વનું સૌથી મોટું નેટવર્ક છે: ૧૭૨૭માં ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા કોલકતામાં સૌ પ્રથમ પોસ્ટ ઓફિસની સ્થાપના કરાય હતી: ૧૨૯૬માં ઘોડેસ્વાર ટપાલથી શરૂ થયેલી સેવા, આજે ઈન્ટરનેટ માધ્યમથી ટોચે પહોંચી છે




ભારતમાં સમ્રાટ ચંદ્રગુપ્તના શાસનકાળથી સંદેશાના આદાન-પ્રદાન માટેની શરૂઆત થઈ હતી. તે સમયે પાડોશી રાજ્યના રાજા સાથે મહત્વના દસ્તાવેજો મોકલવા તેમજ લાવવાની કામગીરી ખાસ માણસો દ્વારા થતી હતી. સંદેશા વ્યવહારના આરંભકાળમાં તો કબુતર દ્વારા પત્ર સંદેશા મોકલવામાં આવતા હતા. પઠાણ રાજા અલાઉદ્દીન ખીલજીના સરદાર જીયાઉદ્દીન બરાનીએ વ્યવસ્થિત ટપાલ વ્યવસ્થા ગોઠવી હતી, હલકારા નામે ઓળખાતા ઘોડેસવાર ટપાલીઓ ૧૨૯૬માં ટપાલો દેવા જતા હતા. ભારતમાં મુઘલ વંશની સ્થાપના કરનાર બાબર પોતાની રાજધાની આગરાથી કાબુલ સુધી ઘોડે સવારો દોડાવીને કાગળો મોકલતો હતો.આજે સંદેશો સેકન્ડોમાં પહોંચે છે, છતાં કાગળ પર લખાયેલી ચિઠ્ઠીમાં રહેલી લાગણી, રાહ અને માનવીય સ્પર્શનું મહત્વ હજુ પણ અનોખું છે.

માનવ સંસ્કૃતિના વિકાસ સાથે એક સ્થળેથી બીજા સ્થળે સંદેશો પહોંચાડવાની જરૂરિયાત પણ સતત વધતી ગઈ. પ્રાચીન સમયમાં ઝડપી સંદેશાવ્યવહાર માટે પ્રશિક્ષિત કબૂતરોનો ઉપયોગ થતો હતો. ખાસ કરીને યુદ્ધ અને મહત્વના સમાચાર પહોંચાડવા માટે કબૂતર સંદેશાવ્યવહારનું અસરકારક માધ્યમ બન્યાં હતાં. કાગળની નાની ચિઠ્ઠી કબૂતરના પગ સાથે બાંધીને તેને નિર્ધારિત સ્થળે મોકલવામાં આવતું. બીજી તરફ રાજાઓ અને શાસકોના સંદેશા પહોંચાડવા માટે ઘોડેસવાર દૂતોનો પણ ઉપયોગ થતો. દૂત એક સ્થળેથી બીજા સ્થળે સંદેશો લઈ જતો અને આ રીતે માનવજાતે અંતર પર વિજય મેળવવાની શરૂઆત કરી.

સમય જતાં સંદેશાવ્યવહાર વધુ સંગઠિત બન્યો અને ટપાલ વ્યવસ્થાનો વિકાસ થયો. વ્યક્તિગત પત્રો, સરકારી દસ્તાવેજો, વેપારી સંદેશા અને શુભેચ્છાઓ પહોંચાડવા માટે ટપાલ મહત્વનું માધ્યમ બની. ભારતમાં પણ આધુનિક ટપાલ વ્યવસ્થાના વિકાસે દેશના દૂરના વિસ્તારોને એકબીજા સાથે જોડવામાં મોટી ભૂમિકા ભજવી હતી. પોસ્ટમેન માત્ર પત્ર પહોંચાડનાર વ્યક્તિ નહોતો, પરંતુ પરિવાર, સમાજ, વેપાર અને શાસન વચ્ચેની કડી હતો. લાંબા અંતરે રહેતા સ્વજનો વચ્ચે લાગણી, સમાચાર અને સંબંધો જાળવી રાખવામાં ચિઠ્ઠીઓનું આગવું સ્થાન રહ્યું.ઓગણીસમી સદીમાં ટેલિગ્રાફ એટલે કે 'તાર'ના આગમનથી સંદેશાવ્યવહારમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું. અગાઉ સંદેશો પહોંચવામાં દિવસો કે અઠવાડિયા લાગી શકતા, જ્યારે તાર દ્વારા ટૂંકા સંદેશા ઝડપથી દૂરના સ્થળે પહોંચાડવાનું શક્ય બન્યું. ખાસ કરીને તાત્કાલિક સમાચાર, સરકારી સૂચનાઓ, વેપાર અને આપત્તિ જેવી પરિસ્થિતિઓમાં તાર ખૂબ ઉપયોગી બન્યો હતો. ભારતમાં પણ ટેલિગ્રાફે વિશાળ ભૌગોલિક અંતરને ઝડપથી જોડવામાં મહત્વની ભૂમિકા ભજવી. જોકે તારના યુગમાં પણ વિગતવાર અને વ્યક્તિગત સંદેશા માટે ટપાલ અને પત્રવ્યવહારનું મહત્વ યથાવત રહ્યું.વીસમી સદીના ઉત્તરાર્ધમાં કમ્પ્યુટર અને ઈન્ટરનેટના વિકાસે સંદેશાવ્યવહારની આખી દુનિયા બદલી નાખી. ઈ-મેલ દ્વારા પત્રની જેમ લાંબો સંદેશ, દસ્તાવેજ કે તસવીર પણ સેકન્ડોમાં હજારો કિલોમીટર દૂર મોકલવી શક્ય બની. ઈન્ટરનેટે ભૌગોલિક અંતરને લગભગ અદૃશ્ય કરી દીધું. એક સમય હતો જ્યારે પોસ્ટમેનના પગલાંની રાહ જોવાતી, હવે ડિજિટલ સંદેશો 'સેન્ડ' બટન દબાવતાં જ સામેની વ્યક્તિ સુધી પહોંચી શકે છે. આ પરિવર્તને શિક્ષણ, વેપાર, પત્રકારિતા, સરકારી સેવાઓ અને વ્યક્તિગત સંવાદ સહિત જીવનના લગભગ દરેક ક્ષેત્રને અસર કરી.આજે વિશ્વ પોસ્ટ દિવસ છે, ''એક પોસ્ટલ નેટવર્ક, અનંત શક્યતાઓ'' થીમ હેઠળ આ વર્ષનું અભિયાન સંયુક્ત વૈશ્વિક પોસ્ટલ નેટવર્કની તાકાત અને લોકો, વ્યવસાયો અને સમુદાયો માટે તેણે બનાવેલી ઘણી શક્યતા ઓની ઉજવણી કરે છે. ત્યારબાદ સોશિયલ મીડિયા અને સ્માર્ટફોને સંદેશાવ્યવહારને વધુ વ્યક્તિગત, ઝડપી અને સતત બનાવ્યો. વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, એક્સ જેવી ડિજિટલ સેવાઓ દ્વારા લખાણ સાથે ફોટો, વીડિયો, અવાજ અને દસ્તાવેજો પણ પળવારમાં શેર થઈ શકે છે. કીબોર્ડ હવે માત્ર કમ્પ્યુટર સુધી મર્યાદિત નથી રહ્યો; સ્માર્ટફોનના વર્ચ્યુઅલ કીબોર્ડે દરેક વ્યક્તિના હાથમાં સંદેશાવ્યવહારનું સાધન મૂકી દીધું છે. શોર્ટ મેસેજ સર્વિસ એટલે SMSએ પણ મોબાઈલ સંદેશાવ્યવહારના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી અને ટૂંકા લખાણને ઝડપથી એક ફોનથી બીજા ફોન સુધી પહોંચાડવા ની નવી રીત આપી. આ સમગ્ર સફર આપણને બતાવે છે કે માધ્યમ બદલાયાં છે, પરંતુ માનવીની એકબીજા સુધી પહોંચવાની મૂળભૂત જરૂરિયાત બદલાઈ નથી.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

૧૭૨૭માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ કોલકત્તામાં સૌ પ્રથમ પોસ્ટ ઓફિસ સ્થાપી હતી. ૧૭૬૬માં સૌપ્રથમ લોર્ડ ક્લાઈવ દ્વારા ભારતમાં ટપાલ વિતરણ ની પદ્ધતિની શરૂઆત થઈ હતી ત્યારબાદ ૧૭૭૪માં વોરન હેસ્ટિંગ્સ તેને કાયદાકીય સ્વરૂપ આપી વધુ વ્યવસ્થિત બનાવ્યું. પહેલી જૂને ૧૭૮૬ માં મદ્રાસમાં ફોર્ટ જ્યોર્જ સ્ક્વેર બીચ પાસે જનરલ પોસ્ટ ઓફિસ શરૂ થઈ. આઝાદી પહેલાનું કાઠિયાવાડ સૌરાષ્ટ્ર જુનાગઢ જિલ્લો ત્યાંથી ૧૮૬૪ માં એક આના ટિકિટ બહાર પાડનાર પ્રથમ રાજ્ય બન્યું. તેની ઉપર 'સૌરાષ્ટ્ર પોસ્ટ ૧૮૬૪- ૬૫' એવું લખાણ હતું. આઝાદ ભારતની પ્રથમ ટિકિટ સાડા ત્રણ આના તારીખ ૨૧ નવેમ્બર ૧૯૪૭ બહાર પડી જેની ઉપર જય હિન્દ લખેલું હતું. પ્રથમ જુલાઈ ૧૮૭૯ માં તાર અને ટપાલ ખાતાએ પ્રથમ પોસ્ટ કાર્ડ બહાર પાડ્યું હતું.ભારતમાં ટપાલ સેવા શરૂ થઈ ત્યારે તે માત્ર સરકારી કામકાજ માટે વાપરવામાં આવતી હતી. ૧૮૩૭ બાદ આ સેવા જાહેર જનતા માટે ખુલ્લી મુકવામાં આવી.

૧૮૫૪માં ભારતીય પોસ્ટ ઓફિસની પદ્ધતિસરની શરૂઆત થઈ. ભારતની ટપાલ સેવાનું નેટવર્ક એ વિશ્વનું સૌથી મોટું નેટવર્ક છે. ૧૯૯૫ માં રજીસ્ટર ટપાલો નું કમ્પ્યુટર દ્વારા વર્ગીકરણ કરવાનું શરૂ થયું. ટપાલ દ્વારા નાણાં મોકલવાની સેવાની શરૂઆત ૧૮૮૦માં થઈ.

## આઝાદી પહેલાનું કાઠિયાવાડ સૌરાષ્ટ્ર જુનાગઢમાં ૧૮૬૪માં એક આનાની ટિકિટ પ્રથમ બહાર પાડવામાં આવી હતી: જુલાઈ ૧૯૪૮માં બેંગ્લોર ખાતે ઈન્ડિયન ટેલીફોન ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના થઈ હતી: વિશ્વભરમાં ૬.૫ લાખથી વધુ ઓફિસો અને ૫૩ લાખ સ્ટાફ ધરાવતું વિશાળ પોસ્ટલ નેટવર્ક છે

### વિશ્વની ૫૩% પોસ્ટ ઓફિસો વીમો પૂરો પાડે છે

વિશ્વભરમાં ૧.૫ અબજથી વધુ લોકો વૈશ્વિક પુખ્ત વસ્તીના આશરે ૨૮% પોસ્ટલ નેટવર્ક દ્વારા મૂળભૂત નાણાકીય સેવાઓ ચુકવણી, નાણાં ટ્રાન્સફર અને બચતનો ઉપયોગ કરે છે.

વૈશ્વિક પાર્સલ બજાર ૨૦૧૮ માં ૪૫૦ બિલિયન યુએસડીથી થોડું ઓછું હતું જે ૨૦૨૦ માં ૫૦૦ બિલિયન યુએસડીથી વધુ થઈ ગયું છે. વિશ્વની ૫૩% પોસ્ટ ઓફિસો વીમો પૂરો પાડે છે, જે અનિયમિત અને અણધારી આવકના સ્તરનો સામનો કરી રહેલા ઓછી આવક ધરાવતા વ્યક્તિઓની સ્થિતિસ્થાપકતાને મજબૂત કરવા માટે એક મહત્વપૂર્ણ નાણાકીય સેવા છે. વિશ્વભરમાં ૬.૫ લાખથી વધુ ઓફિસો અને ૫૩ લાખ સ્ટાફ ધરાવતું પોસ્ટલ નેટવર્ક છે.

# મંત્ર હોસ્પિટલ ખાતે નવરાત્રી નિમિત્તે ૯ દિવસ નિ:શુલ્ક સર્વરોગ નિદાન

## પેટના રોગો, સાંધાના દુ:ખાવા, બી.પી. સહિતના રોગ માટે સારવાર અને નિદાન કરી આપવામાં આવશે

**અબતક, રાજકોટ**

રાજકોટના વિદ્યાનગર મેઈન રોડ પર આવેલ મંત્ર હોસ્પિટલ ખાતે નવરાત્રી પર્વ નિમીતે તા.૧૧-૧૦-૨૦૨૬ થી ૨૦-૧૦-૨૦૨૬ દરમિયાન દરરોજ સાંજે ૫:૩૦ થી ૭:૩૦ નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામા આવેલ છે જેમાં હરસ-મસા, ભગંદરના નિષ્ણાંત ડો. રૂદ્રદત વ્યાસ, આયુર્વેદ અને પંચકર્મ નિષ્ણાંત ડો. વિશાખા ખેરડીયા સહિતના ડોકટરો દર્દીઓનું નિદાન કરી યોગ્ય માર્ગદર્શન આપશે. આ કેમ્પ દરમિયાન હરસ-મસા, ભગંદર, પેટના રોગો, મળમાર્ગને લગતી તકલીફ,ગેસ-એસીડીટી, જુની શરદી, શ્વાસ, માથાનો દુ:ખાવો, સ્ત્રી રોગ સબંધી તકલીફો, વ્યંધત્વ, સાંધાના દુ:ખાવા, ડાયાબીટીઝ, બીપી, થાઈરોઈડ, વધુ પડતુ વજન સહિતના દર્દોની તપાસ કરવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા માગતા દર્દીઓએ વહેલા તે પહેલાના ધોરણે મો.નં. ૯૫૩૭૩ ૯૫૩૬૪ ઉપર ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

# કાલે સર્વપિતૃ શ્રાદ્ધની અમાસ ગજછાયા યોગમાં શનિવારી અમાસ

**અબતક,રાજકોટ**

ભાદરવા વદ અમાસ શનિવાર ના દિવસે રાત્રે ૦૯.૨૦ કલાક સુધી અમાસ તિથિ છે આ દિવસે ગજછાયા યોગ માં સર્વપિતૃ અમાસ અને શનીવારી અમાસ છે

ખાસ કરી ને શનીવારી અમાસ ને તથા સાતપેઢી નો ઉધ્ધાર કરનાર ગજછાયા યોગ હોવાથી આ દિવસ પિતૃ કાર્ય માટે પિન્ડદાન તર્પણ બ્રાહ્મણ ભોજન વસ્ત્રદાન, અન્નદાન ગાયોને ઘાસચારો માટે ઉત્તમ દિવસ છેઆ દિવસે કરેલ પિતૃકાર્ય અને દાન પિતૃમોક્ષ આપનાર તથા મનોકામના સિધ્ધ કરનાર બનશેઆ દિવસે પિપળે પાણી રેડવું પિપળા ની ૪ અથવા ૧૧ અથવા ૧૦૮ પ્રદક્ષીણા કરવીવિષ્ણુસહસ્ત્ર નામ ના પાઠ બોલવા તે ઉપરાંત શનીવારી અમાસ હોવા ના લીધે શનીદેવ ના મંદિરે પગે લાગવુ શનીકવચ ના પાઠ કરવા હનુમાન તથા શનીદેવ ને સરસવ નું તેલ ચડાવુ અડદ ચડાવવા સાંજના સમયે પીપળે દીવો કરવો અને શનીપીડા દુર થાય તેવી પ્રાથના કરવી તથા હનુમાન ચાલીસા ના પાઠ કરવા ઉત્તમ ફળ આપનાર બનશે અને પનોતી ની પીડા દુર કરનાર બનશે આ દિવસે તિર્થ સ્નાન કરવુ તિર્થ મા તર્પણ કરવુ પંડા પિતૃઓને મોક્ષ ગતિ અપાવનાર બનશે અને મનોકામના સિધ્ધ કરશે

સૌરાષ્ટ્ર મા દામોદરકુંડ જુનાગઢ પ્રાચી સોમનાથ ત્રીવેણીસંગમ પિન્ડદાન તથા અનેક નાના મોટા મંદિરે પિતૃતર્પણ તથા પિતૃ કાર્ય થશે પિતૃ ઉપાસના થશે

**શાસ્ત્રી રાજદિપ જોષી**

# માર્ગદર્શક માત્ર સફળતા તરફ નથી દોરી જતા વિકટ વેળાએ સાચો માર્ગ પણ બતાવે છે !

જીવનમાં આગળ વધવા માટે માર્ગદર્શક નું સ્થાન ખૂબ જ મહત્વપૂર્ણ છે. યોગ્ય માર્ગદર્શક આપણને માત્ર સફળતા તરફ નથી લઈ જતા પરંતુ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ સાચો અને રસ્તો બતાવીને આપણી ક્ષમતાને આગળ લઈ જવા માટેનું કામ કરે છે. જીવનમાં આગળ વધવા માટે આપણું માર્ગદર્શન કોણ કરે છે એ ખૂબ મહત્વનું છે. માર્ગદર્શક કોઈ ચોક્કસ વ્યક્તિ હોવો જરૂરી નથી, પણ તે આપણા જીવનમાં અલગ અલગ તબક્કે આપણી સાથે રહે એ હોવું જરૂરી છે. જેમ કે જન્મ આપનારા આપણા માતા-પિતા અને આપણો પરિવાર આપણું પ્રથમ માર્ગદર્શક હોય છે. જે આપણને સંસ્કાર, ધૈર્ય અને જીવન જીવવાના પાયાના મૂલ્ય શીખે છે. આપણા સુખ દુ:ખના સમયમાં માતા-પિતા ભાઈ બહેન અને આપણા પરિવારના સભ્યો આપણને સાથ આપે છે. અને સાથે રહે છે. એવી જ રીતે બીજા માર્ગદર્શક આપણા શિક્ષકો અને ગુરુઓ છે. આપણને ભણતા શાળા કોલેજમાં આપણા ધ્યેય સુધી પહોંચી વળવા માટેની પૂરેપૂરી મહેનત આપણી પાસે જે કરાવે છે તે આપણા ગુરુ છે. આપણે જીવનમાં ઘણું બધું શીખીએ છીએ. આપણને શિક્ષકોને ગુરુઓ સાચી દિશા બતાવી આપણી આંતરિક શક્તિને ઓળખવામાં મદદ કરે છે.

## માર્ગદર્શક હંમેશા વ્યક્તિની કાર્ય કરવાની યાત્રાને સરળ બનાવવાની પ્રક્રિયામાં સાથે રહે છે

સાથો સાથ આપણી સાથે કામ કરતા આપણા સહ કર્મચારીઓ આપણને સાચો માર્ગદર્શક તરીકે સાથ આપે છે. જે આપણા કાર્યક્ષેત્રમાં આપણી સાથે રહી અને જે જૂના અનુભવો હોય તે આપણને કહી અને તેના ઉપર કેવી રીતે આગળ વધવું એ સમજ આપે છે. તેવો ક્ષેત્રના વ્યવહારિક જ્ઞાન અને તકો વિશે આપણને જરૂરી માર્ગદર્શન આપી અને સારા માર્ગદર્શક બની જાય છે.

માર્ગદર્શક હંમેશા આપણી આ કાર્ય કરવાની યાત્રાને સરળ બનાવવાની પ્રક્રિયામાં સાથે રહે છે. માર્ગદર્શક માં અનુભવી જ્ઞાની લોકોને ગણના ખૂબ જ હોય છે જે આવનારી મુશ્કેલીઓનો ઉકેલ કેમ લાવવો કેવી રીતે તે મુશ્કેલીઓને શાંતિથી સંભાળી એમાંથી કઈ રીતે બહાર આવી શકીએ એ નુકસાની વગર આપણને પાકી જાણકારી આપે છે. આપણને આવતી મુશ્કેલીઓને અગાઉ ચેતવી અને સરળતાથી ઉકેલ માં સાથ આપે છે. ઘણીવાર માનવીય વર્તન આપણું સ્થિર હોતું નથી, આપણી પ્રાથમિકતા પ્રમાણેનું આપણું જીવન હોય છે.જે ઘણીવાર સંજોગો અને સ્વાર્થ ને આધારિત હોય છે જેમાં આપણું સંઘર્ષ કયા પ્રકારનું હોય છે તે મહત્વનું છે. લોકોની ઈર્ષા આપણી સફળતાને આડે આવતી હોય ત્યારે લોકો અને આપણા વચ્ચે નું ઘર્ષણ ને સમજી ને સાચી સમાજ આપે એ સાચો માર્ગદર્શક છે. માર્ગદર્શક વગર કાર્યની યાત્રા મૂંઝવણ ભરેલી લાગે છે. આત્મવિશ્વાસ નબળો પડે છે મહેનત અને યોગ્ય દિશા ન આપે અને આપણી દરેક બાબતને દરરોજ યોગ્ય દિશામાં આપણું અવલોકન કરે એ પણ માર્ગદર્શક ની નિશાની છે. આપણને માર્ગદર્શન આપના વ્યક્તિ સફળ જ હોય એ પણ જરૂરી નથી. અત્યારના સમય પ્રમાણે વિચારતા વ્યક્તિની સાથે ચાલવું ઘણીવાર મુશ્કેલ હોય છે. સમાજનું વિચારીને ચાલવું ખૂબ જરૂરી બને છે. આપણે મહાભારતના યુદ્ધમાં જોયેલ કે અર્જુનના માર્ગદર્શક તરીકે ભગવાન શ્રીકૃષ્ણ હતા. એમણે અર્જુનને ભૂલો પણ ટકોર કરી અને સાચી સમજ આપી હતી. એવી જ રીતે આપણે કોઈપણને નીચા દેખાડવા આપણી વાતને ઉપર રાખવી લોકોની ભૂલોને શોધવી એ સાચા માર્ગદર્શક ની નિશાની નથી.

**ડો, બી.આર.વાઘેલા**
**પ્રમુખ : શ્રી શક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ-રાજકોટ**

જીવનમાં અનુભવો આપણી ભૂલો અને મળેલી નિષ્ફળતાઓને અને સ્વાનુંભાવ પણ સમજતા આપણા માટે એક માર્ગદર્શક બની જાય છે. એવી જ રીતે જે નિષ્પક્ષ અને સાચા પણાને પસંદ કરે છે, જે આપણને પ્રશંસામાં ભોળવતા નથી, આપણી નબળાઈ અને ધ્યાનમાં રાખીને આપણને ટોકી શકે છે, ક્યાં કેટલી ભૂલ છે એ ટકોર કરી ને કહી શકે, એ સાચા માર્ગદર્શક ની નિશાની છે એવી જ રીતે નિષ્ફળતા કે નબળાઈને સ્પષ્ટ પણે અને સકારાત્મક રીતે પ્રકાશ પાડી આપણને સુધરવાની તક આપે અને સાચા માર્ગ પર આપણને લઈ જાય. સાચી રીતે માર્ગદર્શક દુરદર્શી અને પ્રેરણાદાયી હોવો જોઈએ જે ભવિષ્યનું વિચારીએ આપણને સાચો માર્ગ બતાવે. આપણી વાત ગૂંચવણમાંથી કેવી રીતે આપણે બહાર નીકળી શકીએ તે દિશા સ્પષ્ટતા માં હંમેશા મદદરૂપ થાય.

## સૂડોકુ -૯૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | | | ૧ | ૩ | | | |
| | | ૪ | | | ૭ | | | |
| | | | ૨ | ૪ | | | | |
| | | | ૪ | | ૬ | | ૩ | ૭ |
| | | ૯ | ૫ | | | ૪ | | |
| | | | | | | | | |
| | | | | | ૫ | ૩ | ૭ | |
| | ૧ | | | ૩ | | | | ૨ |
| ૭ | | ૮ | | ૬ | | | | ૫ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૫ | ૩ | ૧ | ૭ | ૯ | ૬ | ૮ |
| ૧ | ૭ | ૬ | ૮ | ૫ | ૯ | ૪ | ૩ | ૨ |
| ૮ | ૯ | ૩ | ૪ | ૨ | ૬ | ૧ | ૫ | ૭ |
| ૭ | ૩ | ૪ | ૧ | ૬ | ૮ | ૨ | ૯ | ૫ |
| ૨ | ૫ | ૧ | ૭ | ૯ | ૩ | ૮ | ૪ | ૬ |
| ૯ | ૬ | ૮ | ૨ | ૪ | ૫ | ૭ | ૧ | ૩ |
| ૫ | ૪ | ૨ | ૬ | ૮ | ૧ | ૩ | ૭ | ૯ |
| ૩ | ૮ | ૯ | ૫ | ૭ | ૪ | ૬ | ૨ | ૧ |
| ૬ | ૧ | ૭ | ૯ | ૩ | ૨ | ૫ | ૮ | ૪ |

## તા.૧૦/૧૦ ને શનિવારનું રાશિ ભવિષ્ય

### સંવંત ૨૦૮૨, ભાદરવા વદ અમાસ, હસ્ત નક્ષત્ર, ઐંદ્ર યોગ, ચતુષ્પાદ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ કન્યા (પ,ઠ,ણ) રહેશે



**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

**મેષ** (અ,લ,ઈ) : તબિયતની કાળજી લેવી,ખાવા પીવા માં ખ્યાલ રાખવો, વધુ પડતી દોડધામ ટાળવા સલાહ છે.

**વૃષભ** (બ,વ,ઉ) : સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ગમતી વ્યકિતથી મુલાકાત થાય.

**મિથુન** (ક,છ,ઘ) : તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, આજ દિવસે યોગ્ય નિર્ણય કરી શકો.

**કર્ક** (ડ,હ) : સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, મિત્રોની મદદ મળી રહે.

**સિંહ** (મ,ટ) : તમારા યોગ્ય વાણી-વર્તનથી અટકલેલાં કાર્ય પૂર્ણ કરી શકો, સામી વ્યક્તિ પાસે થી કામ લઈ શકો ,શુભ દિન.

**કન્યા** (પ,ઠ,ણ) : તમારા ક્ષેત્રમાં તમે આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો, તમારા કાર્યની સરાહના થાય.

**તુલા** (ર,ત) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, કામ કાર્યનો સંતોષ પ્રાપ્ત થાય, યોગ્ય જગ્યા એ નાણાં રોકી શકો

**વૃશ્ચિક** (ન,ય) : વેપારીવર્ગને મધ્યમ રહે, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક,તમારા હક માટે અવાજ ઉઠાવી શકો.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : નોકરિયાતવર્ગને ઈચ્છીત કામગીરી મળે, વેપારીવર્ગને લાભ થાય, ધંધા રોજગાર માં સારું રહે, પ્રગતિ થાય.

**મકર** (ખ,જ) : ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હોય તેવું વાતાવરણ બને, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.

**કુંભ** (ગ,સ,શ) : ભ્રમની સ્થિતિઓમાંથી હવે બહાર આવવાની જરૂર છે, તમે સત્ય સ્વીકારી બુદ્ધિપુર્વક આગળ વધશો તો લાભ થશે.

**મીન** (દ,ચ,ઝ,થ) : આંતરિક જીવનમાં મધ્યમ રહે પણ જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૯-૧૦-૨૦૨૬ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (મીઠડા મહેમાન)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (લૌકી કોફતા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રાકેશ ચાંગાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૨૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૦-૧૦-૨૦૨૬ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી કષ્ટભંજન દેવ)લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ




## તા.૧૦-૧૦-૨૦૨૬ શનીવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ભાદરવા વદ અમાસ અમાસનું શ્રાધ્ધ
**નક્ષત્ર** હસ્ત
**યોગ** ઐન્દ્ર **કરણ:** ચતુષ્પાદ
**સુર્યોદય** ૬.૪૩ **સુર્યાસ્ત:** ૬.૨૬
**ચંદ્ર રાશી** કન્યા
**રાશિ અક્ષર** પ.ઠ.ણ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા**
કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા**
લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૧ થી ૧૨.૫૮

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

"તારી ચણિયા ચોળી એ જોબનિયા કીધા..."

# ચણિયા-ચોળી સાથે જ્વેલરીનો જલવો: જર્મન સિલ્વર અને ડ્યુઅલ ટોન કલેક્શનની ધૂમ

## ચણઈયા ચોળીમાં પ્લેન અને ગોલ્ડન સિલ્વર ડિઝાઈનની વધુ માંગ: બ્રેસલેટ અને આર્મ કફનો નવો ટ્રેન્ડ, અફઘાન જ્વેલરી તરફ પણ વધ્યો ઝોક





**અબતક રાજકોટ**

નવરાત્રીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે રાજકોટના બજારોમાં ચણિયાચોળીથી લઈને પરંપરાગત પહેરવેશ અને જ્વેલરી સુધી ખરીદીનો માહોલ જામ્યો છે. યુવતીઓ અને મહિલાઓમાં દર વર્ષે કંઈક નવું, યુનિક અને ટ્રેન્ડિંગ પહેરવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને સોશિયલ મીડિયાની રીલ્સમાં જોવા મળતી ડિઝાઈન હવે ખરીદીની પસંદગી બની રહી છે. રીલ્સમાં પસંદ પડેલી ચણિયાચોળી કે જ્વેલરી શોધવા ગ્રાહકો સીધા દુકાનો સુધી પહોંચી રહ્યા છે. આ વર્ષે ચણિયાચોળીમાં નવા રંગો, કાપડ, વર્ક અને સિમ્પલ લુકવાળા કલેક્શનની માંગ જોવા મળી રહી છે. બીજી તરફ, ચણિયાચોળી સાથે મેચિંગ જ્વેલરી, ઓર્નામેન્ટ, પાઘ અને પરંપરાગત એસેસરીઝનું આકર્ષણ પણ વધ્યું છે. જર્મન સિલ્વર, અફઘાન જ્વેલરી, ડ્યુઅલ ટોન ફ્યુઝન કલેક્શન ઉપરાંત લૂઝ બ્રેસલેટ અને આર્મ કફ જેવા નવા ટ્રેન્ડ યુવતીઓનું ધ્યાન ખેંચી રહ્યા છે.

રાજકોટના વેપારીઓએ નવરાત્રીને ધ્યાનમાં રાખીને નવા અને ફ્રેશ કલેક્શનનો જથ્થો તૈયાર કર્યો છે. પરંપરાગત ગુજરાતી પહેરવેશ સાથે આધુનિક ફેશનનો સમન્વય આ વર્ષની ખરીદીમાં જોવા મળી રહ્યો છે. જોકે, કાપડ, કાચા માલ, ડાઈંગ અને અન્ય ખર્ચમાં વધારાની અસર ભાવ પર પણ પડી છે. તેમ છતાં નવરાત્રીના ઉત્સાહ વચ્ચે ગ્રાહકો પોતાની પસંદગીના પહેરવેશ અને એસેસરીઝ ખરીદવા બજારમાં પહોંચી રહ્યા છે.





### ૧૦ વર્ષથી ગ્રાહકોનો વિશ્વાસ સાથે ટ્રેન્ડ મુજબ કલેક્શન: રેખાબેન રાઠોડ



પંચાયત ચોક ખાતે આવેલી બાલાજી ચણિયાચોળી છેલ્લા ૧૦ વર્ષથી નવરાત્રીના કલેક્શન માટે ગ્રાહકોમાં આગવી ઓળખ ધરાવે છે. વેપારી રેખાબેન રાઠોડના જણાવ્યા મુજબ, દર વર્ષે સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરતી ડિઝાઈન અને નવી ફેશનને ધ્યાનમાં રાખીને ચણિયાચોળીના નવા પીસ લાવવામાં આવે છે. અત્યાર સુધીમાં અંદાજે ૧૦થી ૧૨ હજાર ગ્રાહકો દુકાનની મુલાકાત લઈ ચૂક્યા છે. આ વર્ષે પણ બુકિંગને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ખાસ વાત એ છે કે હવે ગ્રાહકો ભારે વર્કવાળા ચણિયાચોળીની સાથે સાદા, સિમ્પલ અને એલિગન્ટ લુકવાળા કલેક્શનને પણ પસંદ કરી રહ્યા છે. અહીં રૂ.૧,૦૦૦થી રૂ.૪,૦૦૦ સુધીની રેન્જમાં વિવિધ ચણિયાચોળી ઉપલબ્ધ છે.

### કલરફુલ કોટન-સિલ્ક કલેક્શનની એન્ટ્રી, ૨૦૦થી વધુ ડિઝાઈન ઉપલબ્ધ: હેમાલી ગુજરાતી



હસનવાડી મેઈન રોડ પર પાર્થ સ્કૂલની સામે આવેલી દુકાનમાં આ વર્ષે નવરાત્રી માટે કલરફુલ કોટન-સિલ્ક અને નવી ડિઝાઈનર ચણિયાચોળીનું કલેક્શન રજૂ કરવામાં આવ્યું છે. હેમાલી ગુજરાતીના જણાવ્યા મુજબ, દુકાનમાં ૨૦૦થી વધુ ડિઝાઈન ઉપલબ્ધ છે. રૂ.૨,૫૦૦થી પેકેજ શરૂ થાય છે, જ્યારે રૂ.૩,૦૦૦ના પેકેજમાં ચણિયાચોળી સાથે જ્વેલરી પણ આપવામાં આવે છે. એક દિવસ માટે ચણિયાચોળી લેતા ગ્રાહકો માટે રૂ.૩૦૦થી રૂ.૧,૨૦૦ સુધીની રેન્જ ઉપલબ્ધ છે. અત્યાર સુધીમાં અનેક બુકિંગ થઈ ચૂક્યાં છે અને બુકિંગની ક્ષમતા પણ લગભગ પૂર્ણ થતી હોવાનું વેપારી તરફથી જણાવાયું છે.



### ભરવાડી પરંપરાગત પહેરવેશ સાથે ઓર્નામેન્ટની વિશેષ રેન્જ: કાનાભાઈ સાંગડીયા



રૈયા રોડ હનુમાન મઢી પાસે આવેલી કાન જોગી શોપમાં નવરાત્રી માટે ભરવાડી અને પરંપરાગત પહેરવેશનું ખાસ કલેક્શન તૈયાર કરવામાં આવ્યું છે. કાનાભાઈ સાંગડીયાના જણાવ્યા મુજબ, અહીં કેડિયું, બંડી, ગંજી, પાઘડી, છત્રી, લાકડી સહિતની પરંપરાગત વસ્તુઓ ઉપલબ્ધ છે. આ સાથે ગળાની ચેન, કાનનાં કુંડળ અને મહિલાઓ તથા પુરુષો માટેનાં વિવિધ ઓર્નામેન્ટ પણ રાખવામાં આવ્યા છે. આ વર્ષે ભાવમાં વધારો થયો હોવા છતાં ગ્રાહકોનો પ્રતિસાદ સારો છે અને અગાઉથી બુકિંગ પણ શરૂ થઈ ચૂક્યું છે. ખાસ કરીને પર મોરલાવાળી બંડી અને પરંપરાગત કેડિયું અહીંની આગવી વિશેષતા છે.

### સિલ્વર અને ગોલ્ડન સાથે કુંદનનું વર્ક ધરાવતી જ્વેલરી ગ્રાહકોની પ્રથમ પસંદગી બની: યુએસ કેટલોગના જીગ્નેશ ભાઈ



જમીન માર્ગ ખાતે આવેલી યુએસ કેટલોગ શોપમાં નવરાત્રીને ધ્યાનમાં રાખીને જર્મન સિલ્વરની ડ્યુઅલ ટોન જ્વેલરીનું ફ્યુઝન કલેક્શન રજૂ કરવામાં આવ્યું છે. વેપારી જિગ્નેશભાઈના જણાવ્યા મુજબ, સિલ્વર અને ગોલ્ડન રંગના સંયોજન સાથે પાચી કુંદનનું વર્ક ધરાવતી જ્વેલરી ગ્રાહકોનું ધ્યાન ખેંચી રહી છે. પરંપરાગત અને આધુનિક બંને પ્રકારના ચણિયાચોળી સાથે આ જ્વેલરી મેચ થઈ શકે છે. બિંદી, સ્ટીકર્સ, બ્રેસલેટ અને પાયલની નવી ડિઝાઈન પણ ઉપલબ્ધ છે. ખાસ કરીને લૂઝ બ્રેસલેટ અને આર્મ કફનો ટ્રેન્ડ યુવતીઓમાં જોવા મળી રહ્યો છે. અહીં રૂ.૩૯૫થી રૂ.૧,૯૯૫ સુધીની વિવિધ જ્વેલરી ઉપલબ્ધ છે.



### ચણિયાચોળી સાથે પાઘ અને ઓર્નામેન્ટનો વધ્યો ક્રેઝ: ભાવિન કક્કડ



નવરંગ ચણિયાચોળીમાં આ વર્ષે નવરાત્રી માટે ૧૦૦થી ૧૫૦ જેટલા નવા પીસ ઉમેરવામાં આવ્યા છે. વેપારી ભાવિન કક્કડના જણાવ્યા મુજબ, મોર અને માતાજીની ડિઝાઈનવાળી અઢી ફૂટની પાઘ સહિતની વિવિધ એસેસરીઝ યુવાનોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. ચણિયાચોળી ઉપરાંત ઓર્નામેન્ટ અને પરંપરાગત પહેરવેશને અનુરૂપ એસેસરીઝની માંગ પણ વધી છે. સોશિયલ મીડિયા રીલ્સમાં કોઈ ડિઝાઈન પસંદ આવ્યા બાદ ગ્રાહકો એ જ પ્રકારનું કલેક્શન શોધવા દુકાન સુધી પહોંચી રહ્યા છે. અહીં વિવિધ એસેસરીઝ રૂ.૩૦૦થી શરૂ થઈ રૂ.૨,૦૦૦ સુધીની રેન્જમાં ઉપલબ્ધ છે.

### ૧૯૬૮થી પરંપરાગત પહેરવેશની ઓળખ, ચોથી પેઢી સંભાળે છે વેપાર: દર્શિત સોલંકી



દિવાનપરા મેઈન રોડ પર આવેલી ફેશન હાઉસની શરૂઆત વર્ષ ૧૯૬૮માં થઈ હતી અને આજે ચોથી પેઢી વેપાર સંભાળી રહી છે. દર્શિત સોલંકીના જણાવ્યા મુજબ, અહીં ચણિયાચોળી ઉપરાંત અજરક, પરંપરાગત બાવળિયા, કચ્છી આઈટમ, સિલ્ક અને લગ્નપ્રસંગોને અનુરૂપ વિવિધ કલેક્શન ઉપલબ્ધ છે. છ મહિનાના બાળકથી લઈને ૩ એક્સએલ સાઈઝ સુધીના ચણિયાચોળી રાખવામાં આવે છે. દુકાનનું પોતાનું ઉત્પાદન હોવાથી કાચો માલ સુરત અને કોટનનો માલ બાલોતરાથી લાવવામાં આવે છે, જ્યારે મજૂરીનું કામ રાજકોટમાં થાય છે. મોંઘવારીને કારણે કાપડ અને ડાઈંગના ખર્ચમાં વધારો થયો છે. મોટી સાઈઝનાં ચણિયાચોળી રૂ.૧,૦૦૦થી રૂ.૫,૫૦૦ સુધીની રેન્જમાં ઉપલબ્ધ છે. આ ઉપરાંત કેડિયાં, પટિયાલા, જેકેટ, બ્લાઉઝ અને પરંપરાગત ડેનિમના વિકલ્પો પણ છે. અત્યાર સુધીમાં નવરાત્રી સ્પેશિયલ ચણિયાચોળીની ૪૦૦થી ૫૦૦ જોડીના ઓર્ડર મળ્યા હોવાનું જણાવાયું છે.

### રૂ.૪૦થી શરૂ થઈ રૂ.૫,૦૦૦ સુધીની રેન્જમાં જ્વેલરી ઉપલબ્ધ: કુમકુમ શોપના કલ્પેશ બાવીસી



બંગડી બજાર મેઈન રોડ પર ધર્મેન્દ્ર રોડ પાસે આવેલી કુમકુમ શોપમાં નવરાત્રી માટે વિવિધ પ્રકારની જ્વેલરીનું કલેક્શન તૈયાર કરવામાં આવ્યું છે. વેપારી કલ્પેશ બાવીસીના જણાવ્યા મુજબ, જર્મન સિલ્વર અને અફઘાન જ્વેલરીની ખાસ માંગ જોવા મળી રહી છે. અહીં કડા, વીંટી, માથાની દામણી, ટીકો સેટ અને કંદોરા સહિતની વિવિધ જ્વેલરી ઉપલબ્ધ છે. પરંપરાગત પહેરવેશ સાથે અલગ અને આકર્ષક દેખાવ મેળવવા યુવતીઓ નવી ડિઝાઈન પસંદ કરી રહી છે. અહીં રૂ.૪૦થી શરૂ થઈ રૂ.૫,૦૦૦ સુધીની રેન્જમાં જ્વેલરી ઉપલબ્ધ છે. નવરાત્રી નજીક આવતાં ખરીદીમાં વધુ વેગ આવે તેવી વેપારીઓને આશા છે.

---

ચાકડા પર ઘડાઈ રહી છે આસ્થાની ઓળખ

# પરંપરાગત કળા સાથે ભક્તિનો સંગમ માટીના ગરબાથી સજશે માઁ અંબાની આરાધના

## અવનવા ડેકોરેશન બાંધણી ઝરી મોતી અને કલરફુલ ગરબા 30 રૂપિયાથી લઈ ૨૫૦ રૂપિયા સુધીના ગરબાની બોલબાલા માટીના ગરબાની માંગ યથાવત: કારીગરો મહિનાઓ અગાઉથી તૈયારીઓમાં

**અબતક, રાજકોટ**

આસો નવરાત્રિને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે જગતજનની મા અંબાની ભકિતના આ મહાપર્વમાં ગરબાનું વિશેષ મહત્વ છે. આજના આધુનિક પ્લાસ્ટિક અને મેટલના યુગમાં પણ ધાર્મિક શ્રદ્ધા અને પરંપરાગત માટીના ગરબાની માંગ યથાવત જોવા મળી રહી છે. શહેરના પ્રજાપતિ કારીગરો મહિનાઓ અગાઉથી મા અંબાની આરાધના માટે માટીના ગરબા બનાવવાની તૈયારીઓમાં લાગી જાય છે.

માટીના ગરબા બનાવવાની પ્રક્રિયા ખૂબ જ મહેનત માંગી લે તેવી છે. ગરબા બનાવવા માટે ગામડામાંથી ખાસ દેશી માટી, નદી કિનારાની માટી અને ખારસ માટી એમ ત્રણ પ્રકારની માટી લાવવામાં આવે છે. આ માટીને ગાળીને, ઠારીને અને હાથેથી ખૂબ ખૂંદીને ચોળવામાં આવે છે. ત્યારબાદ તેના પિંડા બનાવી ગરબા તૈયાર કરવામાં આવે છે. આજના વૈશ્વિકીકરણના યુગમાં પણ લોકો પોતાની સંસ્કૃતિ અને માટી સાથે જોડાયેલા રહ્યા છે. કારીગરોની મહેનત અને ભકતોની શ્રદ્ધા પરંપરાગત માટીના ગરબાની કળાને આજે પણ જીવંત રાખી રહી છે.



### છેલ્લા આઠ વર્ષથી માટીના ગરબા બનાવું છું: મનીષભાઈ

હું માટીના ધંધા સાથે છેલ્લા આઠ વર્ષથી સંકળાયેલો છું. નવરાત્રિના બે-ત્રણ મહિના અગાઉ ગરબા બનાવવાની શરૂઆત કરી દઉં છું અને દિવસના આશરે ૨૦૦ જેટલા ગરબા બનાવી નાખું છું. આ વર્ષે ગરબામાં પ્રતિ નંગ રૂ. ૫નો ભાવ વધારો થયો છે. અમે રૂ. ૩૫થી લઈને રૂ. ૧૦૦ સુધીના ગરબા બનાવીએ છીએ, જેમાં સાદા તેમજ ફેન્સી ગરબાનો સમાવેશ થાય છે.



### બાંધણી અને જરી કામવાળા ગરબાની માંગ વધુ: બિંદિયા આશિયાણી



ખાસ કરીને આ વર્ષે બજારમાં માટીના ગરબાની માંગ વધુ છે. તેમાં પણ બાંધણી કામ તથા અલગ-અલગ જરી કામ કરેલા ગરબાની માંગ વધારે જોવા મળી રહી છે. અમે રૂ. ૩૦થી લઈને રૂ. ૫૦૦-૬૦૦ સુધીના ગરબા વેચીએ છીએ. દિવસના આશરે ૨૦૦ ગરબા આરામથી તૈયાર કરી લઈએ છીએ. આ તરફથી સંદેશ છે કે આ વખતે નવરાત્રિમાં માટીના ગરબાનો વધુમાં વધુ આગ્રહ રાખો.



# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કાલે રાજકોટમાં: ૧૩૬ ગ્રામહાટનું લોકાર્પણ કરશે

## વિરપુર, જસદણ અને આટકોટ ખાતે એસ.ટી. બસ સ્ટેશન પર ગ્રામ હાટ શરૂ થશે

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાજકોટ ખાતેથી આવતીકાલે ૧૩૬ ગ્રામહાટનું લોકાર્પણ કરવામાં આવશે. રાજ્યભરમાં અગત્યના સ્થળોએ નિર્મિત આ ગ્રામહાટ મહિલાઓની કલા કારીગરી અને વ્યવસાયિક ઉત્પાદનોને મંચ આપવા સાથે નારી સશક્તિકરણ અને સ્વાવલંબનની દિશામાં મહત્વપૂર્ણ બની રહેશે.

ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડ તથા ગ્રામ વિકાસ વિભાગના સંયુકત ઉપક્રમે રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે સવારે ૧૦ કલાકે આ લોકાર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ તકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા મહિલાલક્ષી વિવિધ યોજનાઓનો શુભારંભ પણ કરવામાં આવશે.

મુખ્યમંત્રી દ્વારા સખી મંડળની બહેનોને અમૂલ પાર્લરના એલોટમેન્ટ લેટર્સ, કેશ ક્રેડિટના ચેક, ડેરી ઉદ્યોગ સાથે જોડાયેલી બહેનોને ક્રેડિટ સહાય તથા ઈ-કોમર્સ પ્રોત્સાહનના ચેકનું વિતરણ કરવામાં આવશે. આ અવસરે ગ્રામીણ મહિલાઓને ડિજિટલ બજાર સાથે જોડવાના મહત્વપૂર્ણ પ્રયાસરૂપે બે વર્ષ કે તેથી વધુ સમયથી લખપતિ દીદી તરીકે ઓળખાતી મહિલાઓ દ્વારા ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર દરેક ઓર્ડર દીઠ રૂ. ૨૦નું પ્રોત્સાહન આપવાની પહેલનો પણ પ્રારંભ કરવામાં આવશે.આ કાર્યક્રમ દરમિયાન મહિલા સ્વાવલંબનને વેગ આપવાના હેતુથી વિવિધ એમ.ઓ.યુ. પણ કરવામાં આવશે. જેમાં અમૂલ પાર્લર માટે બેંક સાથે, જી.એલ.પી.સી. અને જી.આર.ટી.સી. વચ્ચે ગ્રામ હાટ માટે, જી.એલ.પી.સી. અને રેલવે વચ્ચે ગ્રામ હાટ માટે તેમજ જી.એલ.પી.સી., પશુપાલન અને સહકાર વિભાગ વચ્ચેના કરારનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લામાં વિરપુર, જસદણ અને આટકોટ ખાતે એસ.ટી. બસ સ્ટેશન પર ગ્રામ હાટનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ.મનસુખભાઈ માંડવિયા, શ્રમ અને ગ્રામ વિકાસ કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી જીતુભાઈ વાઘાણી તથા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ રાજ્યકક્ષાના મંત્રી સંજયસિંહ મહીડા, મેયર ડો. નેહલભાઈ શુક્લ, સાંસદો પરસોત્તમભાઈ રૂપાલા અને કેસરીદેવસિંહ ઝાલા, જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયા, ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, ભાનુબેન બાબરીયા, ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો.મહેન્દ્રભાઈ પાડલીયા, જયેશભાઈ રાદડીયા, જીતુભાઈ સોમાણી, દુર્લભજીભાઈ દેથરિયા, મેઘજીભાઈ ચાવડા, શામજીભાઈ ચૌહાણ અને ગીતાબા જાડેજા, કમિશનર-વ-અગ્રસચિવ ધનંજય દ્વિવેદી તથા જી.એલ.પી.સી.ના મેનેજિંગ ડિરેક્ટર પ્રશસ્તિ પારીક ઉપસ્થિત રહેશે.

# આહીર સેના દ્વારા રાસોત્સવમાં પરંપરાગત પોશકમાં રમાશે



**અબતક,રાજકોટ**

રાજકોટ શહેરમાં આ વર્ષે નવરાત્રિ દરમિયાન આહીર સેના દ્વારા પ્રથમવાર ભવ્ય ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આહીર સમાજના લોકો માટે નવરાત્રિના પર્વને પરંપરાગત અને સાંસ્કૃતિક રીતે ઉજવવાના હેતુથી સતત નવ દિવસ સુધી ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આયોજનને લઈને સમાજમાં ઉત્સાહ અને ઉમાં મળી રહ્યો છે. ખાસ કરીને સાતમાં નોરતે આહીર સમાજના પરંપરાગત પોશાકમાં ગરબા રમવાની વ્યવસ્થા રાખવામાં આવી છે. આહીર સેના દ્વારા આયોજિત આ ગરબામાં સમાજની પરંપરા, સંસ્કૃતિ અને ધાર્મિક ભાવનાને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. ગરબા મહોત્સવ દરમિયાન માતાજીની આરાધના સાથે પરંપરાગત ગરબાની રમઝટ જોવા મળશે. આયોજનને સફળ બનાવવા માટે આહીર સેના દ્વારા છેલ્લા કેટલાક સમયથી તળામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આ આયોજનમાં ઓનલાઈન એપ્લિકેશન દ્વારા ફ્રી પાસ રજીસ્ટ્રેશનનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું. આ માટે વોર્ડ દીઠ અલગ-અલગ ટીમોને જવાબદારી સોંપવામાં આવી હતી. નવરાત્રિ દરમિયાન ગરબા સ્થળે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેવાની હોવાથી આયોજન સ્થળે જરૂરી વ્યવસ્થાઓ પણ કરવામાં આવી રહી છે.

આ નવરાત્રિના મહોત્સવમાં આહીર સમાજની પરંપરાગત સંસ્કૃતિની ઝલક જોવા મળશે. આયોજકો દ્વારા જણાવ્યા મુજબ, આ આયોજન માત્ર ગરબા પૂરતું સીમિત નથી પરંતુ સમાજની નવી પેઢીને પોતાની પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડવાનો પણ પ્રયાસ છે. ગરબા મહોત્સવ દરમિયાન ધાર્મિક વાતાવરણ સાથે સામાજિક એકતા અને ભાઈચારો જળવાઈ રહે તે માટે પણ ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ ગરબા મહોત્સવનું સૌથી મોટું અને વિશેષ આકર્ષણ જો કોઈ હોય, તો તે નોરતાના સાતમા દિવસનું આયોજન છે. આયોજકોના જણાવ્યા મુજબ, સાતમના દિવસે સમાજના તમામ ભાઈઓ અને બહેનો આહીર સમાજના અસલ પરંપરાગત પોશાકમાં ઉપસ્થિત રહેશે.આ પરંપરાગત વસ્ત્રભૂષણો સાથે જ્યારે ખેલૈયાઓ ગરબે રમશે,

# સરગમી ગોપી રાસોત્સવનો વજુભાઈ વાળાના હસ્તે કરાશે ધમાકેદાર પ્રારંભ




**અબતક, રાજકોટ**

સોમવારને તા. ૧૧મીએ પહેલું નોરતું છે અને સરગમ લેડીઝ કલબની બહેનો આ ગોપી રાસોત્સવમાં રમવા માટે થનગની રહી છે. ડો. યાજ્ઞિક રોડ ઉપર ડી.એચ.કોલેજના ગ્રાઉન્ડમાં સંપૂર્ણ પારિવારિક માહોલમાં આ નવરાત્રિ ઉજવાશે. સોમવારે પ્રથમ નોરતે આ રાસોત્સવને કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મૂકશે.

આ રાસોત્સવમાં સરગમ લેડિઝ કલબના સભ્ય ન હોય એ બહેનો પણ જોડાઈ શકે છે.સિઝન પાસના ૧૦ દિવસ ની ૫૦૦/- રૂપિયા રાખવામાં આવેલ છે. અને ડેઈલી પાસ ના ૧૦૦/- રૂપિયા રાખવામાં આવેલ છે. ૧૫ વર્ષથી ઉપર ની કોઈપણ બહેનો ભાગ લઈ શકશે. ગોપીરાસ નાં સીઝન પાસ મેળવવાનું સ્થળ યાજ્ઞીક રોડ જાગનાથ મંદિર ચોક મંદિર ની બાજુમાં ફોમ ભરવાનું સ્થળ અને સીઝન પાસ મેળવવાનું સ્થળ પણ આજ રહેશે. ફોન નં. ૨૪૬૭૭૧૭ / ૨૪૬૭૭૧૮ માહિતી માટે સંપર્ક કરવાનો રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ બહેનોને સમયસર ૮-૩૦ વાગ્યે ગ્રાઉન્ડમાં આવી જવા અનુરોધ કર્યો છે.

# ઓર્ગેનિક ખેતી જ ભારતીય છે, યુરિયા છોડી પ્રાકૃતિક ખેતી અપનાવો: રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

## બેડી યાર્ડ ખાતે 'પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ : યુરિયાના રાસાયણિક ઝેરથી કેન્સર જેવી બીમારીઓ વધ્યાનો રાજ્યપાલનો દાવો



**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, અંતર્ગત બેડી માર્કેટીંગ યાર્ડ ખાતે ભવ્ય 'પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી ઉપસ્થિત જનમેદનીને સંબોધતા ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ રાસાયણિક અને ઓર્ગેનિક ખેતી વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરીને પ્રાકૃતિક ખેતીનું મહત્ત્વ સમજાવ્યું હતું. રાજ્યપાલે ઓર્ગેનિક ખેતી અંગેની ગેરસમજ દૂર કરતા જણાવ્યું હતું કે, "લોકોમાં એવી ગેરસમજ છે કે ઓર્ગેનિક ખેતી આપણી મૂળ પદ્ધતિ છે, પરંતુ વાસ્તવમાં તે ભારતીય નથી પરંતુ વિદેશી ખેતી પદ્ધતિ છે, જેનો પ્રચાર ૧૯૦૫માં શરૂ થયો હતો. ઓર્ગેનિક ખેતીમાં પૂરતું ઉત્પાદન મળતું નથી, ખાતર બનાવવામાં મહિનાઓ લાગે છે જ્યારે તેની સામે પ્રાકૃતિક ખેતી ખૂબ જ સરળ અને સહજ છે." પ્રાકૃતિક ખેતીનું ગણિત સમજાવતાં તેમણે જંગલ મોડેલનું ઉદાહરણ આપ્યું હતું કે, માત્ર એક દેશી ગાય રાખવાથી આખી ખેતી સમૃદ્ધ થઈ શકે છે. જંગલમાં કોઈ ખાતર કે યુરિયા નાખવા જતું નથી, છતાં વૃક્ષો ફળોથી લડી જાય છે અને સિમેન્ટ-લોખંડ વચ્ચે પણ પીપળો કે વડ પોતાની જાતે ઊગી નીકળે છે, કારણ કે પ્રકૃતિ પોતાની જાતે ખોરાક તૈયાર કરવાનો નિયમ ધરાવે છે. તેમણે ખેડૂતોને યુરિયા નાખીને નકામી સ્પર્ધા બંધ કરવા ટાકોર કરી હતી. પોતાના અનુભવ અને કુરૂક્ષેત્ર ફાર્મની સફળતા શેર કરતા તેમણે ઉમેર્યું હતું કે, કુરુક્ષેત્રના ગુરુકુલમાં ૨૦૦ એકરના ફાર્મમાં છેલ્લા ૧૦ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરાય છે અને રાસાયણિક ખેતી કરતાં પણ વધુ ઉત્પાદન મેળવાય છે. આજે ગુજરાતમાં ૯ લાખથી વધુ સન્માનિત ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે અને જે ખેડૂતો પહેલાં બે-અઢી લાખ કમાતા હતા, તેઓ હવે પ્રાકૃતિક ખેતી થકી રૂ. ૯ થી ૧૦ લાખ સુધીની વાર્ષિક કમાણી કરી રહ્યા છે. રાસાયણિક ખાતરોથી થતા કેન્સર અને પ્રદૂષણના ગંભીર પરિણામો અંગે ચેતવણી આપતાં તેમણે જણાવ્યું હતું કે, ૧૦૫ માતાઓના દૂધના કેમિકલ ટેસ્ટમાં પણ યુરિયાના અંશ મળી આવ્યા છે અને આજે પશુઓને પણ કેન્સર તથા હાર્ટ એટેક આવી રહ્યા છે. અગાઉ ડાયાબિટીસ, કેન્સર કે કિડનીની બીમારીઓ નહોતી, જે આજે રાસાયણિક ઝેરને કારણે વધી છે. વધુમાં યુરિયાથી નીકળતો નાઈટ્રસ ઓકસાઈડ કાર્બન ડાયોક્સાઈડ કરતાં ૩૧૨ ગણો વધુ ખતરનાક હોવાથી પર્યાવરણને ભારે નુકસાન પહોંચાડે છે. અંતમાં રાજ્યપાલે તમામ સરપંચો, કૃષિ સખીઓ, કોમ્યુનિટી રિસોર્સ પર્સન અને ખેડૂતોને ગામડે-ગામડે પ્રાકૃતિક ખેતીનો સંદેશ પહોંચાડવા અને આ અક્ષય અભિયાનમાં જોડાઈને તેના નિયમોનું પૂરેપૂરું પાલન કરવા આહ્વાન કર્યું હતું.

## ભવિષ્યની પેઢીને જંતુનાશકોથી બચાવવા પ્રાકૃતિક ખેતી જરૂરી: કેસરીદેવ સિંહ ઝાલા



કેસરીદેવ સિંહ ઝાલા એ "અબતક" સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે બેડી યાર્ડ ખાતે ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. તેમાં રાસાયણિક ખેતી છોડી અળસિયાં આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા પર ભાર મુકાયો, જેથી જમીનની ફળદ્રુપતા જળવાય અને ભવિષ્યની પેઢીને જંતુનાશકોથી બચાવી શકાય. આ પ્રસંગે મહિલાઓને પણ પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહિત કરાઈ હતી. આ સાથે પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન ઘટે છે તેવી ગેરસમજ દૂર કરી સ્પષ્ટ કરાયું કે સાચી પદ્ધતિથી ખેતી કરવાથી ઉત્પાદન ઘટતું નથી, પરંતુ જમીન સુધરે છે અને લોકોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે છે

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનું બ્રહ્માકુમારીઝ પરિવાર દ્વારા સન્માન



ગઢકા ગામે ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના આગમન પ્રસંગે બ્રહ્માકુમારીઝ પરિવાર દ્વારા તેમનું હાર્દિક સ્વાગત અને ભાવભર્યું અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બ્રહ્માકુમારી અંજુબેન, બ્રહ્માકુમારી પુષ્પાબેન અને બ્રહ્માકુમારી ઓનીબેને માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીને શાલ ઓઢાડીને સન્માનિત કર્યા હતા.

સૌજન્યપૂર્ણ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રી સાથે આધ્યાત્મિક જ્ઞાન, જીવનમૂલ્યો અને ભારતીય સંસ્કૃતિને લગતી જ્ઞાનસભર ચર્ચાઓ પણ કરવામાં આવી હતી. આ મુલાકાતથી આધ્યાત્મિકતા અને નૈતિક મૂલ્યોના મહત્વને ઉજાગર કરવાની સાથે પરસ્પર સ્નેહ, સદભાવના અને સન્માનની ભાવનાને પ્રોત્સાહન મળ્યું હતું.

બ્રહ્માકુમારીઝ સંસ્થા રાજયોગ ધ્યાન, આધ્યાત્મિક જાગૃતિ, નૈતિક શિક્ષણ અને મૂલ્યનિષ્ઠ જીવનશૈલી દ્વારા સમાજમાં શાંતિ, સુખ અને સદભાવનાના પ્રસાર માટે કાર્યરત છે. રાજ્યપાલશ્રી સાથેની આ શુભ મુલાકાત બ્રહ્માકુમારીઝ પરિવાર માટે આનંદ અને ગૌરવની ક્ષણ બની રહી હતી.

બ્રહ્માકુમારીઝ પરિવાર, રાજકોટ દ્વારા રાજ્યપાલને હાર્દિક શુભેચ્છાઓ પાઠવીને ભાવભર્યું અભિવાદન કરવામાં આવ્યું હતું.

# યુવક મહોત્સવ યુવાનોમાં રહેલી કલાને વિસ્તારવાનો સુંદર અવસર: સાંસદ રૂપાલા

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૪માં ત્રિદિવસીય યુવક મહોત્સવ "હીરક સ્પંદન"નું લોકસભાના સાંસદ રૂપાલાના હસ્તે રંગારંગ ઉદઘાટન, મેયર ડો. નેહલભાઈ શુકલ, પદ્મશ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડની વિશેષ ઉપસ્થિતિ

### કલાકારો કલાના સાધ્ય બને સાધન નહીં: શહાબુદીન રાઠોડ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૪ મા યુવક મહોત્સવમાં ઉપસ્થિત પદ્મશ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડે જણાવ્યું હતું કે, યુવક મહોત્સવ એ યુવાનોનો દિવસ છે. કલાકારો કલાના સાધ્ય બને સાધન નહીં તેવી ટકોર કરી હતી. પદ્મશ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડ એ એક વાર્તા અને દ્રષ્ટાંત સાથે વિદ્યાર્થીઓને આપણી પરંપરા અને સાહિત્યનો મર્મ સમજાવ્યો હતો.યુવાનો મજબુત શરીર અને ઉતમ શિક્ષણ એ બે વસ્તુ પર ધ્યાન આપે અને ભારતના ભવ્ય વારસાને જાળવી રાખે. યુવક મહોત્સવમાં ભાગ લેનાર સૌને શાહબુદ્દીનભાઈએ શુભેચ્છાઓ પાઠવી હતી.




### ૨૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ ૩૩ સ્પર્ધામાં પોતાની કલા રજૂ કરશે

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલસચિવ ડો. અજયસિંહ જાડેજાએ સ્વાગત પ્રવચન કર્યું અને યુવક મહોત્સવની માહિતી આપી હતી.યુવક મહોત્સવના ઉદઘાટન કાર્યક્રમમાં મહિલા કોલેજ, ખામટા તથા રાજકોટની કણસાગરા મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાચિન રાસ રજૂ કર્યા હતા.યુવક મહોત્સવમાં ઉપસ્થિત મહાનુભાવોનું મોમેન્ટો તથા શાલ અર્પણ કરી સ્વાગત કરાયું હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલ ૨૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ૩૩ સ્પર્ધામાં ભાગ લીધો છે.

અબતક, રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૪ મા ત્રિદિવસીય યુવક મહોત્સવ "હીરક સ્પંદન" નું રાજકોટ લોકસભાના સાંસદ પરષોતમભાઈ રુપાલાના વરદહસ્તે આજરોજ નવા ઓડીટોરીયમ ખાતે રંગારંગ ઉદઘાટન થયું.કાર્યક્રમમાં રાજકોટના મેયર ડો. નેહલભાઈ શુકલ, પદ્મશ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉત્પલ જોશીના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૪ મા યુવક મહોત્સવમાં રાજકોટના સાંસદ પરષોતમભાઈ રુપાલાએ જણાવ્યું હતું કે, યુવાનોમાં રહેલી કલાને પોંખવાનો અને કલાને વિસ્તારવાનો સુંદર અવસર છે. સૌરાષ્ટ્રના ગરબા, લોકગીતો, હાલરડા, મરસીયા, લોકવાર્તાઓ અને નાટકોમાં આપણી લોકપરંપરા અને લોકસાહિત્યની વાતો એ આજે પણ સાંપ્રત સમયમાં પ્રસ્તુત છે. આજના યુવાનો આ યુવક મહોત્સવમાં ધોડ, રાસડા, હાલરડાં અને મરસીયા જેવી સ્પર્ધામાં ભાગ લીધો એ ખુબ આનંદની વાત છે. ભવાઈ એ આપણી સંસ્કૃતિ અને સંસ્કારને જીવંત રાખવાનું કાર્ય કર્યું છે. આજે ભવાઈની રમતો લુપ્ત થવામાં છે. આજે આખ્યાનો ઓછા થયાં છે. ઝવેરચંદ મેઘાણીજી અને હેમુ ગઢવીજીએ લોકગીત અને લોકસાહિત્યને જીવંત રાખ્યા છે. આપણા લોકગીત, લોકસાહિત્ય અને લોકવાર્તાઓ યુવાનોના જીવનમાં ઉતરે એ જરુરી છે. રુપાલા જણાવ્યું હતું કે પશ્ચિમિ સંસ્કૃતિનો આપણા પર પ્રભાવ ખુબ છે ત્યારે યુવાનોએ આપણી સંસ્કૃતિ અને મૂલ્યોનું જતન કરવા આવા યુવક મહોત્સવમાં ભાગ લેવા અપીલ કરું છું. બાળકોના ઉછેર માટે વીટામીન અને સપ્લીમેન્ટ કરતા હાલરડાં દ્વારા બાળકોના ઉછેર માટે ટકોર કરી હતી. યુવાનોને યુવક મહોત્સવમાં ભાગ લેવા અને આ ત્રણ દિવસ આનંદ કરવા અપીલ કરી હતી.

આ કાર્યક્રમના અધ્યક્ષશ્રી અને યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશીએ અધ્યક્ષીય ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૬૦ મા વર્ષની ઉજવણીના અવસરે "હીરક સ્પંદન" યુવક મહોત્સવનું સુંદર આયોજન કરેલ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિદ્યાર્થીઓને શિક્ષણ, કલા-સાહિત્ય, સંશોધન અને રમત-ગમત માટે પ્રોત્સાહિત કરવા કાર્યરત છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૬૦ મા વર્ષની ઉજવણી ચાલી રહી છે એના ઉપલક્ષ્યમાં યુવક મહોત્સવનું નામ "હીરક સ્પંદન" નામ રાખવામાં આવેલ છે. યુવક મહોત્સવમાં આપણી કલા, સાહિત્ય અને ભવ્ય સાંસ્કૃતિક વારસાની ઝલક જોવા મળે છે. કુલપતિશ્રી એ યુવક મહોત્સવમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય નંબરે આવનારને પરીક્ષા ફી માંથી મુકિતની જાહેરાત કરી હતી. અંતમાં કુલપતિશ્રી એ યુવક મહોત્સવમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

# નેપાળી દંપતીનું ઘૃણાસ્પદ કૃત્ય : પત્નિએ ૧૪ વર્ષની બાળકીને ઘરે બોલાવી, પતિએ દેહ ચૂંથ્યો

**ભોમેશ્વર વિસ્તારનો બનાવ : પત્નિની હાજરીમાં જ મહેશ નેપાળીએ ત્રણ વાર માસુમનું શિયળ લૂંટ્યું**

**તરૂણીને ઘરેથી કારમાં ઉઠાવી નરાધમે ખોળામાં બેસાડી શારીરિક અડપલાં કર્યા : પત્નિએ વાંધાજનક વિડીયો ઉતાર્યો**

**પતિ અન્ય સ્ત્રી સાથે ભાગી જતાં ઉશ્કેરાયેલી પરિણીતાએ જ પીડિતાના ભાઈને વિડીયો મોકલી ભાંડો ફોડ્યો**

**માસુમની માતાની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે નેપાળી દંપતી સામે પોકસો, દુષ્કર્મ, અપહરણ સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો**

## મહેશ નેપાળી ભારે હવસખોર : પીડિતાની પરિણીત બહેનને પણ પ્રેમજાળમાં ફસાવી ભગાડી ગયો

### આરોપીનું પગેરૂ મુંબઈ તરફ મળ્યું : ગાંધીગ્રામ પોલિસની ટીમ દોડી

ભોમેશ્વર વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષીય બાળકી પર દુષ્કર્મ ગુજારનાર મહેશ નેપાળી ભારે હવસખોર નીકળ્યો હતો. પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર ૧૪ વર્ષની દુષ્કર્મ પીડિતાની મોટી બહેન રાજકોટમાં જ સાસરે છે. તે છેલ્લા ત્રણ માસથી તેના પતિ સાથે કોઈ બાબતે અણબનાવ બનતા રીસામણે આવી હતી. તે દરમિયાન આરોપી મહેશસિંગે સગીરાની મોટી બહેનને પણ પોતાના પ્રેમજાળમાં ફસાવી લીધી હતી. બાદ ગઈ તા.૦૧-૧૦ ના રોજ મહેશ પીડિતાની મોટી બહેનને ભગાડી ગયો હતો. જે અંગે પરિજનોએ પુત્રી ગુમ થયાની પોલીસમાં જાણ પણ કરી હતી. આ બનાવ અંગે આરોપીની પત્ની મંજુને જાણ થતા જ તેણે સમગ્ર મામલાનો ભાંડાફોડ કર્યો હતો. હાલ આરોપી અને દુષ્કર્મ પીડિતાની બહેન મુંબઈમાં હોવાનું પોલીસને જાણ થતાં ગાંધીગ્રામ પોલિસની ટીમ મુંબઈ તરફ દોડી હતી.

**અબતક, રાજકોટ**

શહેરના ભોમેશ્વર વિસ્તારમાં રહેતા નેપાળી દંપતી દ્વારા આચરવામાં આવેલ ઘૃણાસ્પદ કૃત્ય સામે આવ્યું છે. જયા પાડોશમાં રહેતી ૧૪ વર્ષની માસુમ બાળકીને નેપાળી પરિણીતાએ ઘરે આંટો મારવા બોલાવી હતી અને બાદમાં તેના પતિએ તરૂણી પર પત્નિની હાજરીમાં જ દુષ્કર્મ આચર્યું હતું. વધુમાં બાળકીનું ઘરેથી અપહરણ કરી નેપાળી દંપતી કારમાં સાથે લઈ ગયો હતો. દરમિયાન કારમાં હવસખોરે બાળકીને પોતાના ખોળામાં બેસાડી શારીરિક અડપલાં કર્યા હતા. જેનો વિડીયો તેની પત્નિએ રેકોર્ડ કર્યો હતો. દરમિયાન મહેશ નેપાળી નામના શખ્સે ત્રણ વાર બાળકીનું શિયળ લૂંટ્યું હતું. બાદમાં નરાધમને તેની પત્નિ સાથે માથાકૂટ થતાં તેણી રિસામણે ચાલી ગઈ હતી. દરમિયાન નરાધમ પતિ અન્ય સ્ત્રી સાથે ભાગી જતાં ઉશ્કેરાયેલી પરિણીતાએ વાંધાનજક વિડીયો પીડિતાના ભાઈને મોકલતા સમગ્ર મામલાનો ભાંડો ફૂટ્યો હતો. જેથી સમગ્ર મામલે પીડિતાની માતાની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે દંપતી વિરુદ્ધ પોકસો, દુષ્કર્મ, અપહરણ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી હતી.

બનાવ અંગે જામનગર રોડ પર રહેતી એક મહિલાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મહેશસિંગ નેપાળી અને તેની પત્ની મંજુ નેપાળી (રહે. ભોમેશ્વર, મૂળ નેપાળ) નું નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે દુષ્કર્મ, પોકસો એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતુ કે, તેણીને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. તે પતિ અને સંતાનો સાથે રહે છે. મોટી પુત્રીના દોઢ વર્ષ પહેલાં લગ્ન થયેલ છે. તેમજ એક ૧૪ વર્ષની પુત્રી છે. તેઓનું મૂળ વતન નેપાળ છે. તેમની પાડોશમાં આરોપી દંપતી પણ રહે છે. થોડા દિવસ પૂર્વે આરોપી દંપતીને કોઈ કારણોસર ઝઘડો થતાં આરોપી અંજુ તેના માવતર મધ્યપ્રદેશ રિસામણે જતી રહી હતી. જે બાદ અંજુએ ગઈ તા.૦૧ ના ફરીયાદીનાં પુત્રને ફોન કરી જાણ કરી હતી કે, તારી ૧૪ વર્ષની સગીર બહેન સાથે મારો પતિ જાતીય સતામણી કરતો હોય તેવો વિડીયો છે. જે બાદ આરોપી મંજુએ તે વિડીયો મોકલતા તેમાં આરોપી મહેશસિંગ કાર ચલાવતો હતો અને તેની સગીર બહેનને ખોળામાં બેસાડી શરીરે અડપલા કરતો હતો. જે વિડીયો જોઈ સગીરાના ભાઈ અને તેના પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.જે બાદ પરીજનોએ દીકરીની પુછતાછ કરતા તેને આપવીતી જણાવતાં કહ્યું હતું કે, તે પાડોશીના સબંધે આરોપી દંપતીને ત્યાં અવારનવાર જતી હતી. તે દરમિયાન જ્યારે માતા પિતા ગઈ તા.૦૫-૦૭ ના વતનમાં કામ અર્થે ગયાં ત્યારે આરોપી મંજુએ તેને પોતાના ઘરે બોલાવી હતી અને તેની હાજરીમાં જ તેના પતિ મહેશસિંગે તેના પર બળઝબરી કરી દુષ્કર્મ આચર્યું હતું. જે બાદ પણ તા.૦૫-૦૭ થી તા. ૨૪-૦૭ દરમિયાન આ જ રીતે આરોપી મંજુએ તેને ઘરે બોલાવી તેના પતિએ તેની હાજરીમાં ત્રણ વખત ધરારીથી દુષ્કર્મ ગુજાર્યું હતું. તેમજ એક વખત તે સમય દરમ્યાન એક વખત ઘરેથી તેણીનું અપહરણ કરી દંપતી તેને કારમાં બેસાડી લઈ ગયાં હતા અને આરોપી મહેશસિંગે તેને ખોળામાં બેસાડી શરીરે અડપલા કર્યા હતાં અને આરોપી મંજુએ પાછળની સીટમાં બેસી તેનો વિડીયો ઉતાર્યો હતો.

જે અંગેની વાત સામે આવતાં જ પરીજનો તુરંત પોલીસ મથકે દોડી ગયા હતા અને પીઆઈ એચ.પી.ગઢવી સમક્ષ ઘટના વર્ણવતા તુરંત પોલીસે આકરી કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ આદરી હતી.

# વૃદ્ધ સાથે દુબઈના વિઝા અને એસ.આઈ.પી.ના બહાને રૂ.૧૭.૫૮ લાખની છેતરપિંડી

**વૃદ્ધના ફલેટમાં ભાડુઆત તરીકે રહેવા આવેલા ગાઝિયાબાદના શખ્સે પારિવારિક સંબંધો કેળવી વિશ્વાસ જીત્યો**

**તમે વૃદ્ધ છો, સંતાન પણ નથી માટે એસ.આઈ.પી. કરો અને દુબઈની સરકાર વૃદ્ધોને પેંશન આપે છે માટે ગોલ્ડન વિઝા મેળવી લ્યો કહી શીશામાં ઉતાર્યા**

**નાણાં ખંખેરી ઠગ ભાડુઆત એકાએક ફ્લેટ ખાલી કરી ભૂગર્ભમાં ઉતરી ગયો : વૃદ્ધે યુનિવર્સીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી**

**અબતક, રાજકોટ**

શહેરના ગંગોત્રી પાર્ક વિસ્તારમાં રહેતા વૃદ્ધ સાથે ગાઝિયાબાદના શખ્સે રૂ. ૧૭.૫૮ લાખની છેતરપિંડી આચરી હતી. વૃદ્ધના ફલેટમાં ભાડેથી રહેવા આવેલા શખ્સે દુબઈના ગોલ્ડન વિઝા કરાવી દેવાની અને પેંશન માટે એસ.આઈ.પી. શરૂ કરવાના બહાને નાણાં મેળવી લીધા હતા. બાદ એકાએક ઠગ ફ્લેટ ખાલી કરી ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. જેથી વૃદ્ધે સમગ્ર મામલે યુનિવર્સીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ગંગોત્રી પાર્ક નજીક કેરેલા પાર્ક મેઈન રોડ પર આઈકોન સિલ્વર એપાર્ટમેન્ટમાં રહેતા ૭૨ વર્ષીય વૃદ્ધ ચીમનલાલ નારણભાઈ પટેલે આરોપી તરીકે અનુજ પ્રકાશ ઓમ પ્રકાશલાલ (રહે. સી-૪, આર કે પુરમ, ગોવિંદપૂરમ, ગાજીયાબાદ, યુપી)નું નામ આપી જણાવ્યું હતુ કે, હું મારી પત્નિ સાથે રહી નિવૃત જીવન વિતાવું છું. મારે કોઈ સંતાન નથી. અગાઉ હું સુરેન્દ્રનગર ખાતે ઓટો મોબાઈલની દુકાન ચલાવતો હતો. જે ધંધો મે છેલ્લા પંદર વર્ષથી વય નિવૃત્તિના કારણે બંધ કરી દીધો છે. મે મારાં વૃદ્ધા અવસ્થામાં ઘરખર્ચ કાઢવા અર્થે ભાડાની આવક માટે બીજો ફ્લેટ ખરીદેલ હતો. જે ફ્લેટ નં. સી-૫૦૧, વસંત માર્વેલ, શીવધામ સોસાયટી સામે, વિમલ નગર મેઈન રોડ ખાતે આવેલ છે.

વૃદ્ધે ફરીયાદમાં જણાવ્યું હતુ કે, મારે વિમલ નગર મેઈન રોડ પર આવેલ ફ્લેટ ભાડે આપવાનો હોય જેથી બ્રોકર રોહીતભાઈ પી. મોરી (રહે. રાજકોટ) નો સંપર્ક કરતા તેમણે અનુજપ્રકાશ ઓમ પ્રકાશલાલ સાથે મુલાકાત કરાવેલ હતી. જે ફ્લેટ માસિક ૨૧ હજારના ભાડે મે અનુજપ્રકાશને આપેલ હતો અને તેનો ભાડા કરાર પણ કરાવેલ હતો. બાદ પરિચય આગળ ધપતા અનુજપ્રકાશે જણાવેલ કે, તે પોતે અમેરીકાની બેંકમાં ઓનલાઈન નોકરી કરે છે અને તેની પાસે કેનેડાની સીટીજનશીપ છે. થોડા દિવસો બાદ અનુજપ્રકાશની પત્નિ રીત પણ સાથે રહેવા આવી ગયેલ હતી. બાદ અનુજ અને તેની પત્નિ અમારી સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ફરવા પણ આવેલ હતા.

ત્યારબાદ અનુજપ્રકાશે જણાવેલ કે, તમે ઉમર લાયક છો, તમારે સંતાન પણ નથી, જેથી તમારી નિવૃત્તિની આવક માટે એસ.આઈ.પી. માં રોકાણ કરો જેથી તમને પેન્સન મળશે અને દુબઈ ખાતેના વિઝા કરાવી આપીશ. સીનીયર સીટીઝનને દુબઈ ખાતે પેન્સન આપવામા આવે છે તેમ જણાવી અનુજપ્રકાશે મને કહેલ કે દુબઈના ગોલ્ડન વિઝાની એપ્લીકેશન (અરજી) કરવી પડશે. જેથી અનુજ પ્રકાશને મે ગઈ તા-૧૫/૦૩/૨૦૨૫ ના મારો મોબાઈલ ફોન આપતાં તેણે મારા એચ.ડી.એફ.સી. બેંક ખાતામાથી ઓનલાઈન તેમના ખાતામાં રૂ ૧ લાખ ટ્રાન્સફર કરેલ હતા. બાદ ગઈ તા-૧૭/૦૪/૨૦૨૫ ના મારા એચ.ડી.એફ.સી. બેંક ખાતામાથી રૂ. ૭૮, ૮૪૭ વીઝા માટે અનુજ પ્રકાશે તેના ખાતામાં ટ્રાન્સફર કરેલ હતા. ગઈ તા-૧૯/૦૪/૨૦૨૫ ના મારા બેંક ખાતામાંથી રૂ.૮૩,૭૧૭ વીઝા માટે અનુજ પ્રકાશે તેના ખાતામાં ટ્રાન્સફર કરેલ હતા. બાદ દુબઈના ગોલ્ડન વિઝાની ફી પેટે રૂ ૬ લાખ રોકડા આપેલ હતા. મારી પત્નીના વિઝાની પ્રોસેસ કરવા માટે રૂ ૩.૯૬ લાખ પત્નિના બેંક એકાઉન્ટમાંથી અનુજ પ્રકાશને આપેલ હતા. બાદ એસ.આઈ.પી. શરૂ કરવા માટે મારી પાસે રૂ. ૧૫ લાખ માંગી કહેલ કે, મારે તમારો વિમલનગરનો ફ્લેટ ખરીદવો છે જેથી તમારી એસ.આઈ.પી.ના ૧૫ લાખમાંથી રૂ. ૧૦ લાખ હુ આપીશ અને ૫ લાખ તમો આપજો. જેથી મે મારા સાળા શિવલાલભાઈ પાસેથી રૂ. ૫ લાખ મેળવી રોકડ આપેલ હતી. વધુમાં અનુજ પ્રકાશે તા. ૦૭/૦૬/૨૦૨૫ ના રોજ ફ્લેટ ખરીદવા પેટે રૂ. ૫ લાખનો મને ચેક આપેલ હતો પણ તે ચેક રિટર્ન થઈ ગયેલ હતો. બાદ જુલાઈ, ૨૦૨૫ મા અનુજપ્રકાશ અમારી જાણ બહાર પોતાનો સામાન લઈ ફ્લેટ ખાલી કરી જતો રહેલ હતો.

જેથી અનુજપ્રકાશે દુબઈના વિઝા, એસઆઈપી સહીતના બહાને વૃદ્ધ પાસેથી કટકે કટકે રૂ. ૧૭,૫૮,૫૬૪ કપટ પુર્વક મેળવી ફ્લેટ ખાલી કરી નાસી જઈ છેતરપિંડી આચરતા વૃદ્ધે યુનિવર્સીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# નાના મવાના લેન્ડ પાર્કમાં બીમારીથી કંટાળીને વૃધ્ધનો ઝેરી દવા પી આપઘાત

### તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરીઃ પરિવારમાં ગમગીની છવાઈ

**અબતક,રાજકોટ**

શહેરના નાના મોવા લેન્ડ પાર્ક ન્યુ ગાંધી સ્કૂલ ની સામે રહેતા ૬૫ વર્ષીય વૃધ્ધએ ગત તા ૬ના રોજ બીમારી થી કંટાળીને પોતાના ઘરે ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું ઘટનાની જાણ થતા તાલુકા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો આ અંગે ઘણા સમયથી સ્પાઈનની બીમારી હોય જેથી પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે આ અંગે મળતી માહિતી મુજબ શહેરના નાના મોવામાં ગાંધી સ્કૂલ ની સામે લેન્ડ પાર્ક રહેતા વાલજીભાઈ રાઘવજીભાઈ બોદર ઉંમર વર્ષ ૬૫ વર્ષીય વૃધ્ધએ ગત ૬ ના રોજ પોતાના ઘરે બીમારીથી કંટાળી ને ઝેરી દવા પી જતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જેનું ચાલુ સારવાર દરમિયાન ગઈ કાલે મોત નીપજ્યું હતું ઘટનાની જાણ હતા તાલુકા પોલીસ સ્ટેશનની ટીમ દોડી ગઈ હતી અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકના પુત્ર એ જણાવ્યું હતું કે ઘણા સમયથી સ્પાઈન બીમારી હતી જેથી કંટાળીને પગલું ભર્યું હોવાની જાણવા મળ્યું હતું મૃતક પોતે બે ભાઈ એક બેન માં વચેટ હતા અને બે પુત્રોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ગમગીની સવાઈ હતી આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# સ્વાતિ પાર્ક રોડ પર ઢગા બે તરૂણને ઢોર માર્યો હોવાનો આક્ષેપ

### બગીચામાં હિંચકો ખાલી કરવા બાબતે ઝગડામાં યુવકએ સિક્યુરિટીની લાકડી વડે તૂટી પડ્યોઃ પિતા

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા નજીક સ્વાતિ પાર્ક રોડ પર રહેતા ૧૪ વર્ષીય તરુણને યુવક માર મારતા તરુણને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા ઘટનાની જાણ થતા આજીડેમ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો આ અંગે તરુણ બગીચામાં રમતો હતો ત્યારે જય નામના શખ્સએ હિંચકામાં ન બેસવા દેતા બે તરુણ ઢોર માર્યો હોવાનો આક્ષેપ કર્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ રાજકોટ કોઠારીયા રોડ પર સ્વાતિ પાર્ક રોડ પર ખોડલધામમાં રહેતા ૧૪ વર્ષીય તરુણ ગઈ કાલે ૧૦ વાગે બગીચામાં હતો ત્યારે જય નામના શખ્સ દ્વારા હિંચકો ખાલી કરવા બાબતે તરુણને પ્લાસ્ટિક લાકડી વડે તરુણને ઢોર મારતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા હાલ સારવાર હેઠળ છે આ અંગે પિતાએ જણાવ્યું હતું કે હિંચકો ખાલી કરવા બાબતે તેમનો પુત્રઅને એક અન્ય તરુણ ને માર માર્યો હોવાનો આક્ષેપ કર્યો હતો આ અંગે આજીડેમ પોલીસે પોલીસે વધુ તપાસ હાથ ધરી

# કે.કે.વી. હોલ પાસે બસ સ્ટેન્ડમાં પારડીના યુવકે ફિનાઈલ ગટગટાવ્યું

### પોલીસનો પાર્કિંગ દંડ આપ્યો હોય અને બોલાચાલી બાદ માર માર્યાનો પરિવારનો આક્ષેપ : તાલુકો પોલીસે વધુ તપાસ આદરી

**અબતક, રાજકોટ**

શહેરના કે.કે.વી હોલ પાસે જીટી શેઠ સ્કૂલ સામે બસ સ્ટોપ પર પારડી ગામે રહેતા યુવકે ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો આ અંગે યુવાને નવી રીક્ષા લીધી હોય અને પોલીસ દ્વારા પાર્કિંગમાં દંડ આપ્યો અને મારામારી કરતા પગલું ભર્યું હોવાનો પરિવારે આક્ષેપ કર્યો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ પારડી ગામે રહેતા રીક્ષા ચાલક હેમંતભાઈ લાખાભાઈ ચાવડા ઉંમર વર્ષ ૪૦ વર્ષીય યુવક ગત રાત્રે આઠ વાગ્યે આસપાસ કે કેવી હોલ પાસે જીટી શેઠ સ્કૂલ સામે બસ સ્ટોપ માં હતો

ત્યારે ફિનાઈલ પી લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ઘટનાની જાણ થતા તાલુકા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને વધુ કાર્યવાહી હાથ ધરી હતી આ અંગે યુવકના પરિવારે જણાવ્યું હતું કે હેમત પોતે ૧ માસ પહેલા નવી રીક્ષા લીધેલ હોય અને પોલીસ દ્વારા નો પાર્કિંગમાં રહેલ રીક્ષાનો દંડ અપાયો હોય અને બાદ બોલાચાલી પોલિસ માર માર્યો હોવાથી યુવકને મનમાં લાગી આવતા પગલું ભર્યું હોવાનો પરિવારે આક્ષેપ કર્યો હતો આ અંગે તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# થોરાળામાં પુર્વ પ્રેમિકાએ મળવા બોલાવી તરૂણને ૪ શખસે માર માર્યો

### પોલીસ સ્ટેશનમાં તરુણ વિરુદ્ધ છેડતી ખોટી ફરિયાદ નોંધાવી હોવાનો માતાનો આક્ષેપ

**અબતક, રાજકોટ**

નવા થોરાળા મેઈન રોડ પર તરુણીએ તરુણને મળવા બોલાવીને પરિવારના ૪ શખ્સોએ ધોકા પાઈપ વડે તરુણને માર મારતા ઈજાઓ થતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ઘટનાની જાણ થતા થોરાળા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો આ અંગે તરુણ અને તરુણ વચ્ચે પ્રેમ સંબંધ તોડી નાખ્યા બાદ ફરી તરુણીના પરિવાર દ્વારા યુવકને મળવા બોલાવી માર માર્યો હોવાનો તરુણની માતાએ આક્ષેપ કર્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ થોરાળામાં રહેતા ૧૭ વર્ષીય તરુણે ગઈકાલે ૯ વાગા આસપાસ પોતાના ઘરે હતો ત્યારે પૂર્વ બોયફ્રેન્ડ તરુણી દ્વારા મળવા માટે બોલાવ્યો હતો જેથી તરુણ વિશ્વાસમાં આવીને તરુણીને મળવા ગયો હતો જ્યાં તરુણીના પરિવારના ભદીયો, પીગડો ,વીરુ, મિલન , એ પ્રેમ સબંધનો ખાર રાખી તરુણ પર ધોકા વડે માર મારતા સારવાર છે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો આ અંગે તરુણની માતાએ જણાવેલ કે થોડા સમય પહેલા તરુણ ને એક તરુણી સાથે પ્રેમ સંબંધ હોય જે અંગે સબંધ તોડી નાખેલ હતી ગઈ કાલે તરુણી દ્વારા તરુણ ને બોલાવી બાદ પરિવારે હુમલો કર્યો હતો અને પુત્રને માર મારી પોલીસ સ્ટેશન લઈ જઈ ને જણાવેલ કે તરુણીની તરુણે છેડતી કરી હોવાની ખોટી ફરિયાદ કરેલનો આક્ષેપ કર્યો હતો આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે આ અંગે થોરાળા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે


**CHANGE OF NAME**

I have changed my name from **PANCHAMATIYA JEEL BHARATBHAI** to **PANCHMATIYA VIHAN BHARATBHAI** as per affidavit dated 08/10/2026 before Notary Shri R. R. NAKUM, Khambhalia. Address: Ramnath Society, Khambhalia, Devbhumi Dwarka, Gujarat - 361305.


# રોયલ રજવાડી રાસોત્સવમાં પગ અડી જવા બાબતે યુવકને ૩ શખ્સે માર માર્યો

### હુમલાખોર શખ્સોએ યુવકના ખિસ્સામાંથી રૂ ૭૦૦ની રોકડ લૂંટી લીધાનો યુવાનના બનેવીનો આક્ષેપ

**અબતક ,રાજકોટ**

શહેરના જામનગર રોડ પર સ્લમ ક્વાર્ટરમાં રહેતા ૨૮ વર્ષીય યુવક ગત રાત્રે વિરાણી સ્કૂલ પાસે રોયલ રજવાડી રાસોત્સવ હતો ત્યારે અજાણ્યા યુવકને પગ અડવા બાબતે બોલાચાલીમાં યુવકને ૩ શખ્સો લોખંડના પાઈપ વડે માર મારતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો આ અંગે ઈજાગ્રસ્ત યુવાનના સગાએ યુવકના કિસ્સા માંથી આરોપએ પૈસા પણ કાઢી લેવાનો આક્ષેપ કર્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ શહેરમાં દિવસે અને દિવસે મારામારીના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે જામનગર રોડ પર સ્લમ ક્વાટરમાં રહેતા ગૌરવભાઈ વસંતભાઈ ગોહેલ ઉંમર વર્ષ ૨૮ વર્ષીય યુવક ગત રાત્રે ૧૧ વાગે રોયલ રજવાડી રાસોત્સવ હતો ત્યારે રમતી વેળાએ એક યુવાનને પગ અડી જવા બાબતે બોલાચાલી થઈ હતી બાદમાં યુવક ઘરે જતી વેળાએ ગેટ પાસે રૂપેશ પુરબીયા, નથન, તથા એક અજાણ્યા વ્યક્તિઓ એ લોખંડના પાઈપ વડે માર મારતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ઘટનાની જાણ થતા એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો આ અંગે ઈજાગ્રસ્ત યુવકના બનેવી દ્વારા જણાવેલ કે તેમના સાળા ગૌરવ ને પગ અડી જવા બાબતે માથાકૂટ થઈ હતી ત્રણથી ચાર શખ્સો. ઢોર માર માર્યો હતો અને ગૌરવના ખિસ્સાં માંથી રોકડા ૭૦૦ રૂપિયા કાઢી લેવાનો ઈજાગ્રસ્તના બનેવી આક્ષેપ કર્યો હતો આ અંગે એ ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે


**જાહેર નિવિદા નં.૨ (સને ૨૦૨૬-૨૭)**

નાયબ કાર્યપાલક શ્રી, પોલીસ કેમ્પસ (મા. અને મ.) પેટા વિભાગ, રાજકુમાર કોલેજ સામે, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧, ફોન નં. ૨૪૬૬૭૫૭ ફેક્સ નં.૦૨૮૧૦ - ૨૪૬૩૫૯૯ ની કચેરી દ્વારા સરકારી મકાનોનાં ટાંકાની સાફ - સફાઈનાં કુલ-૧ (એક) કામ માટે અનુભવી ઈજારદારશ્રી પાસેથી શીલ્ડ ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી **તા.૧૭/૦૯/૨૦૨૬** સુધી છે અને પરત સ્વીકારવાની છેલ્લી **તા.૨૬/૧૦/૨૦૨૬** (કચેરી સમય) સુધી છે. આ કામની વિગતવાર નોટીસ અંગેની વધુ માહિતી માટે કચેરીનાં સમય દરમિયાન રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી -રાજ-૯૩૭ -૨૬-૨૭



**પ્રાર્થના સભા/ઉઠમણું**



સ્વ. હીરાભાઈ ચુનીલાલ માણેક

મંગળવાર

રાજકોટ લોહાણા મહાજનના અગ્રણી, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ, કાઠિયાવાડ બાલાશ્રમના પૂર્વ સેક્રેટરી, જીઆઈડીસીના પૂર્વ ડાયરેકટર, લોહાણા બોર્ડિંગના પ્રમુખ સહિત અનેક સંસ્થાઓમાં નિષ્કામ સેવા આપનાર મુઠ્ઠી ઉંચેરા

**સ્વ. હીરાભાઈ ચુનીલાલ માણેક**

ની પ્રાર્થના સભા (ઉઠમણું) તા.૧૦/૧૦/૨૦૨૬, શનીવારના રોજ રાષ્ટ્રીય શાળા, મધ્યસ્થ ખંડ, રાજકોટ મુકામે સાંજના ૫:૦૦ થી ૬:૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

ઈન્દુબેન ચુનીલાલ માણેક — બહેનશ્રી

પુરૂષોત્તમ પીપરીયા — પુત્રતુલ્યશ્રી



**જાહેર નોટીસ**

**ધ્રાંગધ્રાના મહેરબાન એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામઃ ધ્રાગધ્રા.**

વકીલ શ્રી એફ.આઈ. કોટવાલ
ફોજદારી પરચુરણ અરજી નં.:-૪૭૧/૨૦૨૬,
મુદતતારીખઃ-૦૭/૧૧/૨૦૨૬

વાઘજીભાઈ ગાંડાભાઈ મુંધવા
ઉ.વ.૬૭, ધંધોઃ પશુપાલન, ધર્મે : હીન્દુ
રહે. પુનીતનગર,ધ્રાંગધ્રા. ..........અરજદાર

વિરુધ્ધ

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
ધ્રાંગધ્રા નગરપાલીકા, ધ્રાંગધ્રા. .........સામાવાળા

**બાબતઃ- જન્મ મરણ નોંધણી અધિનીયમની કલમ ૧૩(૩) મુજબ મરણની નોંધણી કરવા અંગે**

આથી જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારે તેમની માતા કુંવરબેન ગાંડાભાઈ મુંધવાનાઓ તા.૦૧/૦૫/૨૦૨૧ ના રોજ મરણ ગયેલ હોય, તેઓના મરણની નોંધ ધ્રાંગધ્રા નગરપાલીકામા કરાવવાની રહી ગયેલ હોય, જેની મરણની નોંધ કરાવવા અત્રેની અદાલતમાં ઉપરોકત નંબરથી અરજી દાખલ કરેલ છે.જે અરજી સામે કોઈ શખ્સ અથવા સંસ્થાને વાંધો હોય તો મુદ્દત તારીખ -૦૭/૧૧/૨૦૨૬ ના રોજ પોતાના લેખિત વાંધા સાથે રૂબરૂ અથવા વકીલ મારફતે હાજર રહેવું. અન્યથા આગળ તે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ : ૦૬ માહે : ઓકટોબર સને-૨૦૨૬ ના રોજ કોર્ટનો સીલ તથા મારી સહી કરી જાહેર કર્યું.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | હુંકમથી |
|---|---|---|
| (એમ.પી.પરમાર) | (એમ.ડી.ડાભી) | (પી.વી.સોગઠીયા) |
| આસીસ્ટન્ટ, | આસીસ્ટન્ટ | સુપ્રિટેન્ડન્ટ |
| એડી. ચીફ જ્યુ.મેજી. કોર્ટ, ધ્રાંગધ્રા. | એડી. ચીફ જ્યુ.મેજી.કોર્ટ, ધ્રાંગધ્રાં. | એડી.ચીફ જ્યુ. મેજી. કોર્ટ, ધ્રાંગધ્રા |

તંત્રી લેખ

# ભાદરવાના તડકામાં રોગચાળાથી સાવધાન

ભાદરવા મહિનાનો અસહ્ય તાપ અને ભેજવાળું વાતાવરણ દર વર્ષે પોતાના સાથે અનેક શારીરિક તકલીફો લઈને આવે છે. ચોમાસાની વિદાયનો આ સમયગાળો મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળા માટે ખાતર-પાણી પૂરું પાડે છે. હાલમાં રાજ્યભરમાં ભાદરવાના તીવ્ર તડકાની સાથે-સાથે ડેન્ગ્યુના કેસમાં જોવા મળેલો ચિંતાજનક ઉછાળો જનઆરોગ્ય માટે લાલબત્તી સમાન છે. ઘર-ઘરમાં તાવ, શરદી, અને ઉલટી-ઉબકાના દર્દીઓ ખાટલે પડ્યા છે, જેમાં ડેન્ગ્યુના કેસોમાં સતત થઈ રહેલો વધારો સૌથી વધુ ગંભીર બાબત છે.

ડેન્ગ્યુ ફેલાવતા 'એડીસ એજીપ્ટી' મચ્છર ચોખ્ખા અને બંધિયાર પાણીમાં ઉત્પન્ન થાય છે. ચોમાસા દરમિયાન ભરાયેલા પાણી અને ભાદરવાના તડકાને કારણે ભેજનું પ્રમાણ વધતાં આ મચ્છરોનો ઉપદ્રવ ઝડપથી વધી રહ્યો છે. તંત્ર દ્વારા દવાનો છંટકાવ કે ફોગિંગ જેવી કામગીરી કરવામાં આવે છે, પરંતુ માત્ર સરકારી તંત્ર પર નિર્ભર રહેવાને બદલે નાગરિકોની પોતાની જાગરૂકતા જ આ રોગચાળા સામેનું શ્રેષ્ઠ શસ્ત્ર બની શકે છે.

ડેન્ગ્યુના પ્રકોપથી બચવા માટે 'સાવચેતી એ જ સલામતી'ના મંત્રને જીવનમાં ઉતારવો અનિવાર્ય છે. ઘરમાં કે આસપાસના વિસ્તારમાં ક્યાંય પણ પાણી એકઠું ન થવા દેવું જોઈએ. કૂલર, ગમલા, ફ્રિજની પાછળની ટ્રે, જૂના ટાયર કે પક્ષીઓના કુંડામાં ભરાયેલું પાણી નિયમિતપણે બદલવું કે સાફ કરવું જરૂરી છે. મચ્છરના કરડવાથી બચવા માટે આખી બાયના કપડાં પહેરવાં, રાત્રે અને ખાસ કરીને દિવસે પણ મચ્છરદાની કે મચ્છર રોધક ક્રીમનો ઉપયોગ કરવો જોઈએ. ભાદરવાના તડકામાં ડીહાઈડ્રેશનથી બચવા પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી, ઉકાળેલું પાણી અને તાજો ખોરાક લેવો હિતાવહ છે.

તાવ, સાંધાનો દુખાવો, આંખોની પાછળ બળતરા કે શરીર પર ચકમા જેવા લક્ષણો જણાય તો જાતે દવા લેવાની ભૂલ કર્યા વગર તાત્કાલિક તબીબી સલાહ લેવી જોઈએ. ડેન્ગ્યુમાં પ્લેટલેટ્સ ઘટવાનું જોખમ રહેલું હોવાથી સમયસરનું નિદાન અને સારવાર જીવલેણ પરિસ્થિતિથી બચાવી શકે છે.

રોગચાળાને આટોપવા માટે આરોગ્ય વિભાગ અને સામાન્ય જનતાએ સાથે મળીને કદમ ઉઠાવવા પડશે. જાગરૂકતા, સ્વચ્છતા અને ત્વરિત સાવચેતી જ આપણને અને આપણા પરિવારને આ મોસમી રોગચાળાના પંજામાંથી સુરક્ષિત રાખી શકશે.

# જેન-ઝીને ગમે તેવી સાઉન્ડ સીસ્ટમને સથવારે સોનમ ગરબામાં ખેલૈયાઓ નિખરશે

## વિશ્વ વણીક અને જૈન વિઝન ટીમ આયોજીત સોનમ ગરબાની તૈયારીઓને આખરી ઓપ અપાયો




**અબતક, રાજકોટ**

રાજકોટમાં પ્રીમિયમ નવરાત્રીના આયોજન માટે પ્રખ્યાત નવનાત વણિક સંગઠન સમાજ અને જૈન વિઝન આયોજિત સોનમ ગરબા આ વખતે ખેલૈયાઓ અને દર્શકો માટે કાંઈક ખાસ આયોજન કર્યું છે. આ વખતે મેલ અને ફીમેલ સિંગર તો એક એક થી ચડીયાતા છે જ સાથોસાથ સાઉન્ડ સીસ્ટમ પણ જેન-ઝીને ગમી જાય તેવી છે.

આ વખતે ઈન્ટરનેશનલ લેવલની હાઈ-પાવર, ક્રિસ્ટલ કિલયર સાઉન્ડ સિસ્ટમ લગાવવામાં આવી છે. ઢોલનો એક એક થાપ સીધો કાળજે વાગશે, અને બેઝ એવો કે જમીન પણ ધ્રુજે. અવાજ એટલો ચોખ્ખો અને દમદાર કે દૂર ઉભા હશો તો પણ પગ આપોઆપ થીરકવા લાગશે. એક વાર સાંભળશો તો આખી રાત ઝૂમતા જ રહેશો.

સોનમ ગરબામાં આ વખતે સુરીલા કંઠ ધરાવતા સ્ટાર સિંગર્સની ટીમ રાખવામાં આવી છે. ખાસ કરીને એન્કર કમ સિંગર ગાર્ગી નિમ્બાર્ક, ગરબા અને બોલીવુડ સિંગર અશ્વિની મહેતા, રાજકોટ મુંબઈ ના એકે લાઈવ,સિંગર જયંત ગજ્જર, રિધમિષ્ટ સૌરભ ગઢવી, ગીટારિસ્ટ હિતેશ મહેતા અને કી-બોર્ડ પ્લેયર જયેન્દ્ર પટેલ જે.કે. સહિતના ધૂમ મચાવશે પરંપરાગત ગરબાથી લઈને લેટેસ્ટ ટ્રેન્ડિંગ ડાકલા સુધી, તેમના અવાજમાં એવો જાદુ છે કે ખેલૈયાઓને એક ક્ષણ પણ બેસવા નહિ દે.

સોનમ ગરબાની તૈયારી પૂર્ણતાનાં આરે છે અને ખેલૈયાઓ માટે શ્રેષ્ઠ ગણાતા મેદાનને સુંદર રીતે સજાવવામાં આવ્યું છે. ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર શીતલ પાર્ક ચોકડી પાસે સિક્રેટ કિચનની સામેના ભાગે આવેલા આ ગ્રાઉન્ડમાં ખેલૈયાઓ આસાનીથી રમી શકે તે માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.

ગરબાના ગ્રાઉન્ડને સુંદર રીતે સજાવવામાં આવ્યું છે અને પરિવારજનો સાથે બેસીને આ નવરાત્રિ માણી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

સમગ્ર આયોજન સફળ બનવા વિશ્વ વણિક અને ટિમ જૈન વિઝન ની વિશાળ ભાઈ બહેનો ની ટિમ કામે લાગી છે,

# કલાકુટુંબ ઈવેન્ટસ દ્વારા કાલે ગોકુળીયુધામ નવરાત્રી મહોત્સવનું આયોજન

## વિશ્વંભરી નવરાત્રી ગ્રાઉન્ડ ખાતે યોજાનાર રાસોત્સવમાં ખેલૈયાઓ મન મૂકી ગરબે રમશે




**અબતક, રાજકોટ**

કલાકુટુંબ ઈવેન્ટ્સ (Kalakutumb Events) દ્વારા 'ગોકુળીયુધામ નવરાત્રી મહોત્સવ-૨૦૨૬'નું ભવ્ય આયોજન ધવલ ગોંડલીયા , અમિત વાકાણી દ્વારા કરવામાં આવ્યું છે.

આ નવરાત્રી મહોત્સવનું આયોજન કાલે સાંજે ૭:૦૦ કલાકથી વિશ્વંભરી નવરાત્રી ગ્રાઉન્ડ, વેલ્વેટ પાર્ટી પ્લોટ, અયોધ્યા ચોક, સીનર્જી હોસ્પિટલ સામે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, ખાતે યોજાશે. કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિ તરીકે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ તથા જસદણના પૂર્વ ધારાસભ્ય ડો. ભરત બોઘરા ઉપસ્થિત રહી ખેલૈયાઓનો ઉત્સાહ વધારશે.

આ ઉપરાંત સાંસદ પરસોતમ રૂપાલા, ધારાસભ્ય રમેશ ટીલાળા, ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય ઉદય કાનગડ, ભાજપ અગ્રણી નીતિન ભારદ્વાજ, રાજુભાઈ ધ્રુવ, મેયર નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયેશ પરેશ પીપળીયા, અંજલીબેન રૂપાણી, કોંગ્રેસ અગ્રણીઓ તેમજ રાજકોટ શહેરના પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડિશનલ કમિશનર ચૈતન્ય માંડલિક, કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, ડીસીપી, એસીપી, પીઆઈ સહિતના ઉચ્ચ પોલીસ અને વહીવટી અધિકારીઓ ઉપરાંત તબીબી તથા સામાજિક ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

માનવંતા મહેમાનો સર્વ અરૂણ નિર્મળ (પ્રેસ મીડીયા અગ્રણી, ભારતીય જનતા પાર્ટી ), ડો. અલ્પેશ ફિકાણી (સિનિયર કન્સલ્ટન્ટ, મેડિકલ ઓન્કોલોજિસ્ટ), ડો. ગૌતમ માકડીયા (કન્સલ્ટન્ટ, મેડિકલ ઓન્કોલોજિસ્ટ), ડો. આકાશ પાંચાણી (મેનેજીંગ ડાયરેક્ટર, બેકબોન મેડીસીટી હોસ્પિટલ), ડો. સુરજ નાથ (ગ્રુપ સી.ઈ.ઓ., બેકબોન મેડીસીટી હોસ્પિટલ), ડો. રિધ્ધી પરસાણા પાંભર (એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર, મેડીકલ એન્ડ બિઝનેસ અફેર્સ), ડો. ભુમિકા હિંડોચા (ફેમીલી ફિઝીશીયન એન્ડ સર્જન), ધર્મેશ શાહ (કેમ્પ્યન એડ્સ એન્ડ ઈવેન્ટ્સ), લક્ષ્મી મિશ્રા (મહિલા પ્રદેશ અધ્યક્ષ), સન્ની પાજી (સન્ની પાજી હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ), ડો. તૃપ્તી ઋષિકેશ શુક્લ (રાજકોટ નગર પ્રાથમિક સમિતિ સદસ્ય), ભરત મહાદેવ બચ્ચે (ડાયરેક્ટર, સમૃદ્ધિ ટ્રાવેલ્સ - મુંબઈ)ખાસ ઉપસ્થિત રહેશે. આ ભવ્ય રાસોત્સવમાં રાજકોટ સહિત આસપાસના વિસ્તારના ગરબા રસિકો અને ખેલૈયાઓ પરિવાર સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે અને માતાજીની આરાધનાના આ પાવન પર્વની ઉજવણીમાં સહભાગી બને તે માટે 'ગોકુળીયુધામ નવરાત્રી મહોત્સવ-૨૦૨૬'ને સફળ બનાવવા આયોજક ધવલ ગોંડલીયા (મો. ૮૪૬૯૪ ૬૯૯૬૫) તથા અમિત વાકાણી (મો. ૮૩૪૭૯ ૮૨૫૮૪) દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આયોજકો દ્વારા સૌને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# એડવોકેટ વિવેક ભાંસળીયાએ LL.M.મા પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો



**અબતક, રાજકોટ:** રાજકોટના યુવા એડવોકેટ વિવેક વી. ભાંસળીયા (ગઢવી) એ કાયદાના ક્ષેત્રમાં શૈક્ષણિક શ્રેષ્ઠતાનો પોતાનો સિલસિલો યથાવત રાખી ગૌરવ હાંસલ કર્યું છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૬૧મા પદવીદાન સમારંભ દરમિયાન કક.ખ. ના અભ્યાસક્રમમાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરવા બદલ તેમને બે પ્રતિષ્ઠિત ગોલ્ડ મેડલ એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા છે. નોંધનીય છે કે, તેમણે અગાઉ LL.B.ના અભ્યાસ દરમિયાન પણ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો અને હવે LL.M.માં પણ યુનિવર્સિટી ફર્સ્ટ રહીને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી પોતાની પ્રતિભા સાબિત કરી છે. રાજ્યપાલ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતજી, રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી ત્રિકમભાઈ છાંગા, જવાહરલાલ નહેરુ સેન્ટર ફોર એડવાન્સ્ડ સાયન્ટિફિક રિસર્ચ, બેંગલુરુના પ્રેસિડેન્ટ પ્રો. કે. એસ. નારાયણની ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે યોજાયેલા પદવીદાન સમારંભમાં તેમને રતિલાલ અભેચંદ મણિયાર ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ' પ્રેરિત 'રસિકલાલ રતિલાલ મણિયાર ગોલ્ડ મેડલ' અને 'વકીલ શરદચંદ્ર એસ. ઝવેરી ગોલ્ડ મેડલ' એનાયત કરવામાં આવ્યા હતા.

# રાજ્યપાલે પ્રગતિશીલ ખેડૂતના ઘરે ગાયનું દોહન કરી ખેડૂતો સાથે કર્યો સંવાદ



## પ્રાકૃતિક કૃષિના ફાયદા વર્ણવતા ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી કરવા પ્રતિબદ્ધતા દર્શાવી: અનુસૂચિત જાતિ પરિવારના ઘરે અલ્પાહાર કરી સામાજિક સમરસતાનો સંદેશો આપ્યો

**અબતક, રાજકોટ**

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ રાજકોટ જિલ્લાના પ્રવાસ દરમિયાન આજે સવારે ગુંદા ગામે પ્રગતિશીલ ખેડૂત રાજેશભાઈ લીંબાસીયાના મોડેલ ફાર્મ ''વિશ્વંતી નેચરલ્સ''ની મુલાકાત લીધી હતી. ખેતી, ગાય અને ગ્રામ્ય સંસ્કૃતિનું મહત્વ દર્શાવતા રાજ્યપાલે અહીં જાતે ગૌ દુગ્ધ દોહન કર્યું હતું.

તેમણે મોડેલ ફાર્મમાં પ્રાકૃતિક પદ્ધતિથી તૈયાર કરાતા વિવિધ ખાતર અને પ્લાન્ટ તેમજ પ્રાકૃતિક ખેતી અને પાકનું નિરીક્ષણ કર્યું હતું. અહીં વિવિધ પાકમાં ફળ અને ફૂલનું સારું પ્રમાણ તેમજ તમામ પાક કીટક અને બીમારીમુક્ત જોઈ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.

ખેડૂત રાજેશભાઈનો યુવાન દીકરો કેવિન પણ પ્રાકૃતિક કૃષિ કાર્યમાં સહભાગી થતો હોવાનું જાણીને રાજ્યપાલશ્રીએ આનંદ વ્યક્ત કરતા કહ્યું હતું કે, ભાવિ પેઢી પ્રાકૃતિક કૃષિ સાથે ધરતીના જતન માટે તૈયાર થાય એ જરૂરી છે.આસપાસના ૧૦૦થી વધુ ખેડૂતો પણ રાજ્યપાલને મળવા આવ્યા હતા. રાજ્યપાલશ્રીએ તમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવતો માહિતીસભર સંવાદ કર્યો હતો.

રાજ્યપાલે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી માત્ર ખેતીની પદ્ધતિ નથી, પરંતુ જમીન, પાણી, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્યના સંરક્ષણ સાથે જોડાયેલો ટકાઉ માર્ગ છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના અતિશય ઉપયોગને કારણે જમીનની ફળદ્રુપતા, ભૂગર્ભ જળ અને પર્યાવરણને થતી અસરોનો ઉલ્લેખ કરીને તેમણે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવા પ્રેરણા આપી હતી.

# નવરાત્રીના પાવન પર્વે કતલખાનાઓ બંધ રાખવા મુખ્યમંત્રીને એનિમલ હેલ્પલાઈનની રજૂઆત

**અબતક, રાજકોટ**

ભારત દેશનું સૌથી મોટુ ધાર્મિક પર્વ એટલે માં નવદુર્ગાની આરાધના કરવાનું પર્વ નવરાત્રી અને તેના તરત પાછળ આવતો દશેરાનો પર્વ જે સત્ય પર આસ્થાનો વિજય, માતૃશક્તિની ઉપાસના અને સાત્વિકતાનો સંદેશ આપે છે.

માં નવદુર્ગાની આરાધના કરવાનું દેશનું સૌથી મોટું પર્વ નવરાત્રી અને દશેરા નિમીતે તા.૧૧/૧૦/૨૦૨૬ (રવિવાર) થી ૧૯/૧૦/૨૦૨૬ (સોમવાર) સુધી તથા દશેરા તા.૨૦/૧૦/૨૦૨૬ (મંગળવાર) નાં રોજ કતલખાનાઓ બંધ રાખવા, માંસ-મટન, ઈંડા, ચીકન, મચ્છીનાં વેચાણ બંધ રાખવા અંગે એનિમલ હેલ્પલાઈન દ્વારા ગુજરાત સરકારને રજૂઆત કરાઈ છે. તંત્ર દ્વારા આ પ્રકારનું જાહેરનામું બહાર પડે અને તેનું અમલીકરણ થાય તેવી એનિમલ હેલ્પલાઈનનાં મિતલ ખેતાણી, પ્રતિક સંઘાણી, ઘનશ્યામભાઈ ઠકકર, ધિરેન્દ્ર કાનાબાર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રમેશભાઈ ઠકકર, રજનીભાઈ પટેલ, ગૌરાંગભાઈ ઠકકર, પારસભાઈ મહેતા દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરવામાં આવી છે.

# જીવન નગર વિકાસ સમિતિ દ્વારા નવરાત્રી મહોત્સવમાં બાળાઓ રાસ-ગરબાની રમઝટે ધૂમ મચાવશે

## બાળાઓ અવનવા રાસ-ગરબા રજૂ કરી કૌશલ્ય પ્રદર્શન કરશે

**અબતક, રાજકોટ**

જીવનનગર વિકાસ સમિતિ, નવરાત્રિ મહોત્સવ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવ ધામ સમિતિ, મહિલા મંડળના સંયુકત ઉપક્રમે જીવનનગર પ્રાચીન ગરબીમાં ત્રણ ગ્રૂપની બાળાઓ અવનવા રાસ-ગરબા રજૂ કરી પોતાનું કૌશલ્ય બતાવશે. રવિવારે શહેર ભા.જ.પ. ના હોદ્દેદારોની હાજરીમાં નવરાત્રિ મહોત્સવ ખુલ્લું મુકવામાં આવશે.

ગરબીના વ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ, નેહાબેન મહેતાની સંયુકત યાદીમાં જણાવાયું કે તા. ૧૧ મી ઓકટોબર નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ થશે. બાળાઓ દિવડા, ખંજરી, ટીપ્પણી, બેડા રાસ રજૂ કરી પોતાની કૌશલ્યતાનું નિદર્શન કરશે. નવ દિવસ સુધી રાસ-ગરબા ઉપરાંત નૃત્ય સહિત કલાનું પ્રદર્શન કરશે.

સમિતિના પ્રમુખ એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે મહાદેવ ધામ પટ્ટાંગણમાં ૪૫ મા વર્ષે પ્રાચીન ગરબીની આખરી તૈયારીમાં બાળાઓ-વાલીમાં જબરો થનગનાટ જોવા મળે છે.

# રેસકોર્સ પાર્ક પ્રાચીન ગરબીમાં ૫૪ બાળાઓ રાસગરબા થકી માંને રીઝવશે

## રેસકોર્સ પાર્કના પરિવાર પ્રમુખ દ્વારા પ્રાચીન ગરબીનું ૩૨માં વર્ષે મંગલ પ્રવેશ થશે



**અબતક, રાજકોટ**

રેસકોર્સ પાર્કમાં બાળ માનસને છેલ્લા ૩૧ વર્ષથી ધર્મ-ભારતની પરંપરાગત સંસ્કૃતિ તરફ અભિમુખ કરાઈ રહયા છે. ૩૨ માં વર્ષે મંગલ પ્રવેશ કરનાર રેસકોર્ષ પાર્ક પ્રાચીન ગરબીમાં ૫૪ બાળાઓ વિધવિવિધ સ્વરૂપે ચાચર ચોકમાં માતૃવંદના કરવા, માના ગુણલા ગાવા અને માને રાજી કરવા બાળાઓ દવારા રાસગરબા થકી ''મન મોર બની થનગાટ કરે'', મોંગલ છેડતા કાળો નાગ'', આસમાનના રંગની ચૂંદડી, ઝૂલે ઝૂલે અંબા'' વગેરે પ્રાચીન ગીતોના થનગનાટ વચ્ચે સુંદર મજાના રાસ નું આબેહુબ તૈયારી કરી લોકો સમક્ષ રજૂ કરવામાં આવે છે. માં અંબાની ભકિત કરી, ગુણગાન ગાઈ માને રીઝવવાનાં સ્તુતિમય પ્રયાસો કરાય છે. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે રાજેન્દ્રસિંહ ગોહિલ નાં કુશળ માર્ગદર્શન હેઠળ ગીતાબા ગોહીલ, હીનાબેન સંઘવી,ગીતાબેન દાફડા, રીટાબેન દોશી, પારૂલબેન જીવરાજાની, કીંજલબેન, એડવોકેટ રોહીતભાઈ ધોળકીયા, મહેશભાઈ ત્રિવેદી, ઉદયસિંહ રાઠોડ, જગદીશભાઈ સોનેજી, મંજુબેન પટેલ, વિરેન્દ્રભાઈ સંઘવી, જીતેન્દ્રસિંહ જાડેજા વગેરે જહેમત ઉઠાવી રહયા છે.રેસકોર્સ પાર્ક પરિવારના પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલની યાદીમાં જણાવેલ છે.

# વાઈકિંગ એડ અને વીંગ્સ ઓફ ડિજિટલ મીડિયાના ક્રિશ ગોહેલનો જન્મદિવસ



એડવર્ટાઈઝિંગ, બ્રાન્ડિંગ અને ડીજીટલ મીડિયા ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઉભી કરનાર યુવા ક્રિશ ગોહેલનો આજે તા. ૯ ઓક્ટોબર, શુક્રવાર ૨૦૨૬ના રોજ જન્મદિવસ છે. આજે તેઓ જીવનના ૨૬મા વર્ષમાં પ્રવેશ કરી જન્મદિવસની ઉજવણી કરી રહ્યા છે.

યુવા વયે જ એડવર્ટાઈઝિંગ અને ડિજીટલ મીડિયા, બ્રાન્ડિંગ ક્ષેત્રે પોતાની સર્જનાત્મક ઓળખ બનાવનાર ક્રિશ ગોહેલ વાઈકિંગ એડવર્ટાઈઝિંગ અને વીંગ્સ ઓફ રાજકોટ ડીજીટલ મીડિયાની મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહ્યા છે. તેમની ક્રિએટિવ વિચારસરણી, નવીન અભિગમ અને એઆઈ ટેક્નોલોજી પ્રત્યેની સમજણ એજન્સીના વિવિધ ક્રિએટિવ પ્રોજેક્ટ્સને નવી દિશા આપે છે. ક્રિશ ગોહેલ એક સર્જનાત્મક આર્ટિસ્ટ તરીકે પણ પોતાની આગવી ઓળખ ધરાવે છે. ડિઝાઈન, વિઝ્યુઅલ કમ્યુનિકેશન અને ક્રિએટિવ આર્ટના ક્ષેત્રમાં તેમની રુચિ અને કૌશલ્ય તેમની કામગીરીમાં સ્પષ્ટ વિઝન જોવા મળે છે. પ્રિન્ટિંગ પહેલાંની ડિઝાઈન પ્રક્રિયા, લેઆઉટ, કલર મેનેજમેન્ટ, પ્રિન્ટ-રેડી આર્ટવર્ક તેમજ ડિજીટલ ક્રિએટિવ્સની સમજણને કારણે તેઓ એડવર્ટાઈઝિંગના ટેક્નિકલ અને ક્રિએટિવ બંને પાસાંને અસરકારક રીતે સંભાળી રહ્યા છે. આ ઉપરાંત ક્રિશ ગોહેલને વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીનો પણ વિશેષ શોખ અને જુસ્સો છે. પ્રકૃતિ અને વન્યજીવનને કેમેરાની નજરે કંડારવાની તેમની કળાત્મક દૃષ્ટિએ તેમને અલગ ઓળખ અપાવી છે.

તેમના વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફસનો નિયમિત સમાવેશ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા - રાજકોટ પ્લસમાં પ્રીન્ટ થતો રહે છે, જે તેમની ફોટોગ્રાફી પ્રતિભા અને કલાત્મક દૃષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે. આજરોજ તેમના જન્મદિવસ નિમિત્તે પરીવાર, મિત્રો, સહકાર્યકરો, ક્લાયન્ટ્સ તથા સમગ્ર ટીમ તરફથી તેમને જન્મદિવસના અભિનંદનો પાઠવવામાં આવી રહ્યા છે. આપ પણ ક્રિશ ગોહેલને તેમના જન્મદિવસે શુભેચ્છાઓ પાઠવી શકો છો.મોબાઈલ: ૯૪૨૬૬ ૦૦૨૭૩

# પરંપરા અને નવીનતાના સંગમ સાથે યોજાનારા ''સહિયર રાસોત્સવ''માં ખેલૈયાઓને આવકારવા આયોજકો આતુર

## રવિવારથી આરંભ થતી નવરાત્રીમાં રેસકોર્સ ખાતે યોજાનારા રાસોત્સવ માટે આયોજકોએ તૈયારીઓને આખરી ઓપ આપ્યો



**અબતક, રાજકોટ**

નવરાત્રિની આગવી ઓળખ સમાન સહિયર રાસોત્સવ-૨૦૨૬ને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે સમગ્ર આયોજન ટીમમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખેલૈયાઓને આ વર્ષે નવરાત્રિનો અવિસ્મરણીય અનુભવ કરાવવા સહિયર કલબ દ્વારા રાત-દિવસ કામગીરી કરવામાં આવી રહી છે. ભવ્ય સ્ટેજ નિર્માણ, ગ્રાઉન્ડ ફિનિશિંગ અને પરિસરની બાઉન્ડરી સહિતની તમામ મુખ્ય તૈયારીઓ પૂર્ણતાના આરે છે અને મેદાન હવે નવરાત્રિના રંગે રંગાઈ રહ્યું છે.

સહિયરના ૨૬મા વર્ષમાં પરંપરા સાથે નવીનતાનો અનોખો સમન્વય જોવા મળશે. નવા બીટ્સ, સંગીતની વિવિધ શૈલીઓ અને નવીન રજૂઆતો સાથે ખેલૈયાઓને દરરોજ અનોખો અનુભવ આપવા માટે ગરબા કિંગ રાહુલભાઈ મેહતા, સૂરીલો કંઠ પૂનમબેન ગોંડલિયા, વર્સેટાઈલ તેજસભાઈ શિશાંગીયા અને એનર્જેટિક હિતેષભાઈ ઢાંકેચાં એન્ડ બ્રધર્સ દ્વારા વિશેષ તૈયારીઓ કરાઈ રહી છે. સંસ્કૃતિસભર ગરબાની ભાવના જાળવીને ખેલૈયાઓ અને પરિવારજનો સુરક્ષિત અને આનંદમય વાતાવરણમાં ગરબા માણી શકે તે માટે દરેક નાની-મોટી બાબત પર વિશેષ ધ્યાન અપાઈ રહ્યું છે. આયોજક સુરેન્દ્રસિંહ વાળા અને ટીમના જણાવ્યા મુજબ, આ વર્ષે સાહિયારમાં ખેલૈયાઓને માત્ર ગરબા રમવાનો નહીં, પરંતુ સંગીતના નવા રંગો, અલગ-અલગ બીટ્સ અને ઉત્સાહથી ભરપૂર નવરાત્રિનો અનોખો અનુભવ આપવાનો અમારો પ્રયાસ છે. તૈયારીઓ હવે અંતિમ તબક્કામાં છે અને અમે ખેલૈયાઓને આવકારવા આતુર છીએ. રવિવારથી ૧૯ ઓક્ટોબર દરમિયાન રેસકોર્સ ખાતે ફનવર્લ્ડની બાજુમાં યોજનારા આ ભવ્ય સાહિયાર રાસોત્સવ-૨૦૨૬ માટે છેલ્લી ઘડીની રાહ જોયા વિના ખેલૈયાઓને પોતાના પાસ મેળવી લેવા અને મિત્રો તથા પરિવાર સાથે તૈયાર થઈ જવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાજકોટ જિલ્લા સરકારી વકીલ એસ.કે. વોરા ૧૧ વર્ષ બાદ મુક્ત: મહેશ જોશીને વધારાનો ચાર્જ

**ગૃહ વિભાગના નાયબ સચિવે તાત્કાલિક અસરથી સેવા સમાપ્તિનો હુકમ કર્યો, વકીલ આલમમાં ચર્ચા!**

**૧૦ વર્ષથી AGP તરીકે સેવા આપતા મહેશ જોશીને DGPનો વધારાનો હવાલો સંભાળ્યો**

## મહેશ જોશી ફરી બન્યાં ઈન્ચાર્જ જિલ્લા સરકારી વકીલ

### ''અભયભાઈના આશિર્વાદથી શક્ય બન્યું'' મહેશભાઈ જોશી : વકીલ દ્વારા શુભેચ્છાઓ



રાજ્ય સભાના પૂર્વ સાંસદ, ભારતના કાયદા પંચના પૂર્વ સભ્ય અને સિનિયર ધારાશાસ્ત્રી સ્વ. અભયભાઈ ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ મહેશભાઈએ વર્ષ-૧૯૯૪ માં વકિલાતના વ્યવસાયની શરૂઆત કરી હતી.બાદ વર્ષ-૨૦૦૮ માં એડીશ્નલ પબ્લીક પ્રોસીકયુટર તરીકે નીમણુક થઈ હતી. પ્રોસીકયુટર તરીકેનું ઉમદા કામને ધ્યાને લઈ વર્ષ-૨૦૧૩ થી ૨૦૧૫ દરમ્યાન મહેશભાઈને રાજકોટના જીલ્લા સરકારી વકિલ તરીકેની વધારાની જવાબદારી સોંપી હતી.અનેકો કેસમાં આરોપીને સજા અપાવી અનેક આરોપીને જેલ ભેગા કર્યા હતા.૧૮ વર્ષથી સરકારી વકીલ તરીકેની કારકીદીને વિરામ આપવાની ઈચ્છા વ્યકત કરતા સરકારી વકીલ તરીકેના પદ પરથી રાજીનામું આપ્યું હતું. બાદ પોતાની જુની ઓફિસ એટલે કે અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સમાં જોડાવવાની પ્રક્રિયામાં હતા. તે અરસામાં જ સરકારએ તેઓનું રાજીનામું ન સ્વીકારી અને તેઓને જીલ્લા સરકારી વકિલ તરીકેનો મહત્ત્વનો હોદ્દો ફરી એનાયત કર્યો છે. જેથી મહેશભાઈ ફરીથી રાજકોટની જીલ્લા સરકારી વકિલમાં ફરી વિધિવત રીતે જોડાવા જઈ રહ્યા છે..મહેશભાઈ જોષીએ તા.૦૯ને શુક્રવારે જીલ્લા સરકારી વકિલ તરીકેનો ચાર્જ સંભાળેલ છે. સમગ્ર વકીલોમા ઉત્સાહ સાથે શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.જીલ્લા સરકારી વકીલ તરીકેની જવાબદારી ફરી સંભાળતા હોય ત્યારે ગુરૂ અભયભાઈ ભારદ્વાજને યાદ કરી મહેશભાઈએ જણાવેલ છે કે, અભયભાઈના આશીર્વાદ થકિ જ આ શક્ય બન્યુ છે. તેઓ આજે મને ઉપરથી આશીર્વાદ આપી રહ્યા હોય તેવી મને પ્રતિતિ થાય છે.''આ તબક્કે અભયભાઈના ભારદ્વાજના પુત્ર એડવોકેટ અંશ ભારદ્વાજ અને બાર કાઉન્સીલ ઓફ ગુજરાત મેમ્બર અને અભયભાઈના પુત્રી અમૃતાબેન ભારદ્વાજએ મહેશભાઈને શુભેચ્છા પાઠવતા જણાવેલ છે કે, સિનિયર જુનીયરો વકિલ દ્વારા મહેશભાઈને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.



**અબતક, રાજકોટ**

રાજકોટ જીલ્લા સરકારી વકીલ એસ.કે. વોરાને તાત્કાલીક અસરથી મુક્ત કરી તેમના સ્થાને એડિશનલ પબ્લિક પ્રોસિકયુટર (એપીપી) મહેશકુમાર જોશીને જિલ્લા સરકારી વકીલ તરીકેનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. જેને પગલે વકીલ મિત્રોમાં ચકચાર મચી જવા પામી છે. રાજ્યના ગૃહ વિભાગના નાયબ સચિવે દ્વારા રાજકોટ જિલ્લા સરકારી વકીલ એસ.કે. વોરાની સેવા તાત્કાલિક અસરથી સમાપ્તિનો હુકમ કર્યો છે. જ્યારે ગૃહ વિભાગે હવે ડીજીપીનો ચાર્જ એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર મહેશ જોશીને સોંપવાનો એકાએક હુકમ કરવામાં આવ્યો છે. એસ.કે. વોરા ડીજીપી તરીકે ૧૧ વર્ષથી સેવાઓ આપી રહ્યા હતાં તેમજ તેમની પાસેથી તાત્કાલીક અસરથી સેવાસમાપ્તીનો હુકમ કરવામાં આવતા જેમાં વયમર્યાદા કે અન્ય કોઈ કારણ હોવાનું મનાઈ રહ્યું છે.બાદ છેલ્લા ૧૦ વર્ષથી વધુ સમયથી એજીપી તરીકે પોતાની સેવા આપી હતી. તેમજ પોણા ત્રણ વર્ષ તરીકે ઈન્ચાર્જ ડીજીપી તરીકે પણ કામગીરી કરી હતી. તેમની સિન્યોરીટીને ધ્યાને લઈ ગૃહ વિભાગ દ્વારા મહેશભાઈ જોશીને વધારાની ડીજીપી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.

## મહેશ જોશીને બાર એસો.દ્વારા શુભેચ્છા

### બાર કાઉન્સિલના કો-ચેરમેન દિલીપ પટેલ અને વિવિધ બારના પ્રમુખો ઉપસ્થિત રહ્યા



રાજકોટ એડિશનલ પબ્લિક પ્રોસિકયુટર (એપીપી) મહેશકુમાર જોશીને જિલ્લા સરકારી વકીલ તરીકેનો વધારાનો ચાર્જ સોંપવામાં આવતા વકીલોમાં ઉત્સાહ જોવા મળ્યો છે. મહેશભાઈ જોષી એ ચાર્જ સંભાળતા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના/ઈન્ડિયાના કો. ચેરમેન દિલીપ પટેલ રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ સુમિત વોરા, નિલેશ પટેલ કેતન મંડ, પ્રગતિ માકડીયા, જયેન્દ્ર ગોંડલીયા, રેવન્યુ બારના પ્રમુખ રમેશ કથીરિયા, વિજય તોગડીયા, કલેઈમ બારના પ્રમુખ નિકુંજ સુકલ રાજેશ મહેતા તથા નોટરી બારના પ્રમુખ પ્રકાશસિંહ ગોહિલ, દિલીપ મહેતા યોગેશ ઉદાણી, રાજભા ગોહિલ અને મહિલા બારના પ્રમુખ નયનાબેન ચૌહાણ, બીનલબેન રવેશિયા, મહેશ્વરી બેન ચૌહાણ દ્વારા ઈન્ચાર્જ ડીજીપી મહેશભાઈ જોશીનું અદકેરું સન્માન કરવામાં આવેલ હતું. આ તકે સિનિયર જુનિયર એડવોકેટો તેમજ મહિલા ધારાશાસ્ત્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મહેશભાઈ જોશીને શુભેચ્છા પાઠવી હતી.

# ૧૧ વર્ષમાં ૧૪૭ કેસમાં ગુનેગારોને જેલ ભેગા કરનાર ડીજીપી એસ.કે. વોરાનો દબદબાભર્યો કાર્યકાળ

### દુષ્કર્મના બે કેસમાં નરાધમોને ફાંસી, ૪૦થી વધુને આજીવન કેદ, ૫૦થી વધુ દુષ્કર્મના નરાધમોને સજા અપાવી

**ગુજસીટોક હેઠળ જયેશ પટેલ અને નિખિલ દોંગા ગેંગના એક પણ આરોપીને ચાર્જશીટ સુધી જામીન ન મળવા દીધા, ૧૫૦૦થી વધુ જામીન અરજી રદ કરાવી**

**ગાંજા, હેરોઈન કેસથી લઈ GST-સાયબર ફ્રોડના કેસોમાં તર્કબદ્ધ દલીલોથી આરોપીઓને જેલમાંથી બહાર ન નીકળવા દીધા**



**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા સરકારી વકીલ તરીકે સૌથી લાંબો કાર્યકાળ ધરાવનાર એસ.કે. વોરા ઉર્ફે સંજયભાઈ વોરાએ પોતાના ૧૧ વર્ષના કાર્યકાળમાં સરકાર પક્ષે એવી પ્રમાણિક અને દબંગ કામગીરી કરી છે કે, સમગ્ર સૌરાષ્ટ્રના ગુનેગારોમાં તેમનો ડર રહેતો હતો.રાજકોટ જિલ્લા સરકારી વકીલ તરીકેનો ફરજ બજાવનાર સંજયભાઈ વોરાએ ૧૪૭થી વધુ કેસમાં નામચીન ગુનેગારોને જેલ ભેગા કરવાનો શ્રેય જાય છે જેમાં બેગુનેગારોને ફાંસી, ૪૦થી વધુ ગુનેગારોને આજીવન મળી ૧૧૫થી વધુ આરોપીઓને સજા કરાવી સરકારપક્ષે ચુકાદા અપાવ્યા છે. આ ઉપરાંત ૧૫૦૦થી વધુ આરોપીઓના જામીન અરજી રદ કરાવી છે. તેમજ ગુજસીટોકના ગુનામાં સંડોવાયેલ જામનગરના જયેશ પટેલ અને ગોંડલના નિખિલ દોંગાને સેસન્સ કોર્ટમાંથી જામીન નામંજુર કરાવ્યા હતાં. એસીબીના ૩૦ જેટલા અધિકારી અને કર્મચારીઓને સજા કરાવતા ભ્રષ્ટ કર્મચારીઓમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

વધુ વિગત મુજબ રાજકોટ જિલ્લા સરકારી વકીલ એસ.કે. વોરાએ પોતાનો ૧૧ વર્ષની કામગીરી દરમિયાન સરકારપક્ષે પ્રમાણીતપણે કામગીરી કરી છે. જેમાં ૧૪૭ કેસમાં અનેક ગુનેગારોને જેલના સળિયા પાછળ ધકેલવાનો મોટો ફાળો છે. તેમની કામગીરી અને દલીલ તેમજ રજૂઆત કરવાની રીતથી અનેક સિનિયર, જૂનિયર વકીલો પણ અચંબામાં મુકાઈ જાય છે. જેમાં શહેરના ચકચારી દુષ્કર્મના બે પ્રકરણમાં નરાધમોને ફાંસીની સજાના હુકમો કરાવ્યા છે. જ્યારે હત્યા સહિતના ભારે ગુનામાં ૪૦થી વધુ આરોપીઓને આજીવન કેદની સજા કરાવી છે. જ્યારે સૌથી વધારે દુષ્કર્મના ગુનામાં ૫૦થી વધુ નરાધમોને જેલમાં ધકેલ્યા છે. તેમજ લાંચ-રૂશ્વત વિરોધી શાખામાં ૩૮માંથી ૩૦ ગુનામાં અધિકારી અને કર્મચારી તેમજ વચેટિયાઓને સજા કરાવી છે. આ ઉપરાંત ૧૫૦૦થી વધુ જામીન અરજીઓ નામંજુર કરાવી આરોપીઓને હાઈકોર્ટના ધક્કા ખવડાવ્યા છે. સૌરાષ્ટ્રને ધમરોળતી હાલારની ભૂમાફિયા જયેશ પટેલની ગેંગ તેમજ ગોંડલની નિખીલ દોંગા ગેંગ સામે કરાયેલા ગુજસીટોકના ગુનામાં ચાર્જસીટ સુધી એક પણ આરોપીને જેલમાંથી બહાર ન નિકળવા દીધો આ ઉપરાંત જંગલેશ્વરમાંથી ઝડપાયેલા ૪૦૦ કિલો અને ૨૨૫ કિલો ગાંજાના જથ્થામાં ઝડપાયેલા શખ્સોને જેલના સળિયા પાછળ ધકેલવાનો મહત્વની જીલ્લા સરકારી વકીલની ભૂમિકા રહી છે. તેમજ જામનગર રોડ ઉપરથી હેરોઈનના જથ્થા સાથે એટીએસે ઝડપેલા નાઈઝીયન શખ્સ સામેના ટ્રાયલ પણ ચલાવી રહ્યા છે.

સરકારી કચેરીઓ સાથે છેતરપીંડી કરી અને જીએસટી અને સાયબર ફ્રોડના કરોડો રૂપિયાના છેતરપીંડીના કેસમાં સંડોવાયેલા શખ્સો સામે તેમણે કરેલી તર્કબદ્ધ દલીલોને કારણે તેમને જામીન મળવા પણ મુશ્કેલ બન્યા છે.

### ડીજીપી એસ.કે. વોરાનું મુખ્યમંત્રી અને ગૃહ મંત્રીના હસ્તે સન્માન

ડીજીપી એસ.કે. વોરાએ તેમના કાર્યકાળ દરમિયાન લાંચના કેસમાં ૩૮માંથી ૩૦ ભ્રષ્ટાચારના કેસમાં ભ્રષ્ટ અધિકારી-કર્મચારી તેમજ વચેટિયાઓને સજા કરાવવામાં આવતા ભ્રષ્ટાચારીઓમાં ફફડાટ ફેલાયો હતો. ડીજીપી એસ.કે. વોરા દ્વારા કરવામાં આવેલી કામગીરી અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહમંત્રી હર્ષ સંઘવીના હસ્તે બે વખત સન્માનિત કરવામાં આવ્યા હતાં.

# મુંજકાના પૂર્વ સરપંચે સાગરીતો સાથે મળી સાળાને બેફામ ફટકાર્યો

**તું મજૂરોની મેટરમાં ખુબ રસ લે છે કહી વિરડા વાજડી ગામે ધસી ગયેલી ત્રિપુટીએ યુવાનને લાકડી, સાંગણી અને લોખંડના હુકના આડેધડ ઘા ઝીંક્યા**

**આ રિવોલ્વરનું લાયસન્સ તારા માટે જ કઢાવ્યું છે, તને ભડાકે દઈ દેવો છે કહી બનેવીએ સાળાને ધમકી આપી : ગુનો નોંધાયો**

**અબતક, રાજકોટ**

મુંજકા ગામના પૂર્વ સરપંચ જે ડી જાદવે તેના બે સાગરીતો સાથે મળી સાળા પર લાકડી, સાંગણી અને લોખંડના હુક વડે હીંચકારો હુમલો કર્યો હતો. તું મજૂરોની મેટરમાં ખુબ રસ લે છે તેમ કહી પૂર્વ સરપંચ આણી ટોળકી યુવાન પર તૂટી પડી હતી. વધુમાં આ રિવોલ્વરનું લાયસન્સ તારા માટે જ કઢાવ્યું છે, તને ભડાકે દઈ દેવો છે કહી બનેવીએ સાળાને ધમકી આપી હતી. સમગ્ર મામલે તાલુકા પોલીસે ત્રિપુટી સામે ગુનો નોંધ્યો હતો.

કાલાવડ રોડ પર આવેલ વિરડા વાજડી ગામે રહેતા ૩૨ વર્ષીય વેપારી યુવાન ભાવેશભાઈ ભાનુભાઈ ચાવડાએ આરોપી તરીકે બનેવી જયેશ દેવરાજભાઈ જાદવ, નવઘણ વજુભાઈ જાદવ અને મહેશ ખેંગારભાઈ ગોલતરનું નામ આપી જણાવ્યું હતું કે, હું બી પ્લસ હબ નામની સિમેન્ટની એજન્સી વિરડા વાજડી ગામ ખાતે ધરાવી વેપાર કરુ છું. મારા સૌથી મોટા બહેન અલ્પાબેનના લગ્ન મુંજકા ગામ ખાતે રહેતા જયેશભાઈ દેવરાજભાઈ જાદવ સાથે થયેલા છે. મારા બનેવી જયેશભાઈને મકાનનું કામ ચાલુ હોય અને ત્યાં અમારા મજુર કામે જતા હોય જયેશભાઈ અવારનવાર મજૂરો સાથે બોલાચાલી - ઝઘડો કરતા હતા. જેથી અમે તેમને ઝગડો નહિ કરવા અવારનવાર સમજાવતા હતા.

યુવાને વધુમાં જણાવ્યું હતું કે, ગઈ ૦૭/૧૦/૨૦૨૬ ના રોજ સવારના સાડા નવ વાગ્યે હું મારી સિમેન્ટની એજન્સી ખાતે હતો. ત્યારે અમારા ગામના નાથુભાઈ ડાંગર મારી એજન્સી ખાતે હાજર હતા. દરમિયાન એક કાળા કલરની કીયા કાર આવેલ હતી. જે ગાડીમાંથી મારા બનેવી જયેશભાઈ તથા નવઘણ વજુભાઈ જાદવ અને મહેશ ખેંગારભાઈ ગોલતર નીચે ઉતરેલ હતા. ત્યારે જયેશભાઈ અને મહેશભાઈના હાથમાં લાકડી હતી અને નવઘણભાઈના હાથમાં લોખંડની સાંગણી હતી. બાદ જયેશભાઈ મને કહેવા લાગ્યો કે, તું અમારા મજુરની મેટરમાં બહુ રસ લે છે કહી ગાળો આપેલ હતી. મે ગાળો આપવાની ના પાડતા ત્રણેય શખ્સો મને માર મારવા લાગેલ હતા. નવઘણએ મને માથાના ભાગે લોખંડની સાંગણીનો એક ઘા મારી દીધેલ હતો. જયેશભાઈએ મને પગમાં લાકડીનો ઘા મારતા હું નીચે પડી જતા મહેશએ મને ડાબા હાથમાં લાકડીનો ઘા મારી દીધેલ હતો. બાદ ત્રણેય શખ્સો મને આડેધડ ઘા મારવા લાગેલ હતા. જેથી નાથુભાઈ મને છોડાવવા વચ્ચે પડતા તેમની સાથે પણ ત્રણેય શખ્સો ઝપાઝપી કરવા લાગેલા હતા. દરમિયાન જયેશભાઈના હાથમાંથી લાકડી નીચે પડી જતા અમારી એજન્સી ખાતે સિમેન્ટની બેગ ઉપાડવાનો લોખંડનો ધારદાર હુક પડેલ હતો તે લઈને મને માર મારવા લાગેલ હતો. દરમિયાન સ્થાનિકો એકત્રિત થઈ જતાં ત્રણેય શખ્સો ભાગવા લાગેલ હતા. જયેશએ જતાં જતાં મને ધમકી આપેલ કે, મેં રિવોલ્વરનું લાયસન્સ તારા માટે જ કઢાવેલ છે અને રિવોલ્વર ગાડીમાં જ પડી છે, રીવોલ્વરથી તને ભડાકે જ દઈ દેવો છે. ઉલ્લેખનીય છે કે, હુમલાખોર બનેવી જયેશ દેવરાજભાઈ જાદવ (જે ડી જાદવ) અગાઉ મુંજકાનો સરપંચ રહી ચુક્યો છે. બાદ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા યુવાનને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતા. જયા તબીબે યુવાનના જમણા પગમાં બે ફ્રેક્ચર હોવાનું જાહેર કર્યું હતું. સમગ્ર મામલે તાલુકા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

# ગોવર્ધન ચોક નજીક મોબાઈલના પૈસાની લેતીદેતીમાં યુવાનના મકાનમાં તોડફોડ

**મે કોઈ પાસેથી પૈસા લીધા નથી કહેતા અવાર નવાર ફોન કરી ગાળો ભાંડી ખૂનની ધમકી આપી : ભરબપોરે કરણ ધોળકિયા અને ભાવિન પરમાર નામના શખ્સોએ હોકી-ધોકા સાથે ઘરે ધસી આવી ધમાલ મચાવી રૂ. ૨૦ હજારની નુકસાની સર્જી**

**તે ખરીદ કરેલા આઈફોન માટે મારી પુત્રીએ રૂ. ૨૦ હજાર આપ્યા છે, તે પરત આપી દેજે : અજાણી મહિલાએ કોલમાં દાવો કર્યો**

**અબતક, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ગોવર્ધન ચોક નજીક રહેતા પરિવારના ઘરે ધસી આવી બેલડીએ તોડફોડ કરી હતી. ખાણીપીણીના ધંધાર્થીએ તાજેતરમાં સેકન્ડ હેન્ડ આઈફોન ખરીદયો હતો. જે બાદ એક અજાણ્યા નંબર પરથી ફોન કરી એક મહિલાએ કહ્યું હતું કે, તારા મોબાઈલ લેવા માટે મારી દીકરીએ રૂ. ૨૦ હજાર આપેલ છે, તે રૂપિયા પરત આપી દેજે. જેથી યુવાને કોઈ પાસેથી પૈસા નહિ લીધાનું જણાવતા બેલડીએ હોકી-પાઈપ સહિતના હથિયારો સાથે ઘરે ધસી આવી બારી, દરવાજા અને ફ્રિજમાં તોડફોડ કરી હતી. સમગ્ર મામલે તાલુકા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

૧૫૦ ફૂટ રીંગરોડ પર ગોવર્ધન ચોક પાસે ખોડીયાર સોસાયટી શેરી નંબર ૨ માં રહેતા અશ્વિન અમૃતલાલ ચૌહાણ (ઉ.વ.૫૧) દ્વારા તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે વૈશાલીનગરમાં રહેતા કરણ ધોળકિયા અને ભાવિન પરમારના નામ આપ્યા છે. પ્રૌઢે ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ શાપર ખાતે કેપ્ટન ગેટમાં જૈન બ્રાઈટ સ્ટીલ ટ્રેડર્સ નામની કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. પરિવારમાં પત્ની ગીતાબેન તથા પુત્ર મયુર (૨૭), આદર્શ (૨૫) છે. બંને દીકરાઓ ઘરેથી જ ઘુઘરા બનાવી વેચવાનો ધંધો કરે છે.

અશ્વિનભાઈનો દિકરો આદર્શ ગત તા. ૨૩/૦૮/૨૦૨૫ના રોજ માયાણી ચોકમાં આવેલા એક સેકન્ડ હેન્ડ મોબાઈલ સ્ટોરમાંથી રૂ. ૪૩,૦૦૦માં આઈફોન ખરીધો હતો. ત્યારબાદ તારીખ ૦૩/૧૦/૨૦૨૬ના રોજ બપોરના સમયે એક મહિલાનો ફોન આવ્યો હતો અને તેણે દાવો કર્યો હતો કે, આઈફોન ખરીદવા માટે તેમની દિકરીએ રૂ. ૨૦,૦૦૦ આપ્યા હતા, જે પાછા આપી દેવા. જેથી આદર્શે સ્પષ્ટતા કરી હતી કે તેણે કોઈ પાસેથી નાણાં લીધા નથી.

આ મુદ્દે હકિકત જાણવા માટે પરિવારજનો માયાણી ચોક ખાતેના મોબાઈલ સ્ટોરે ગયા હતા. દુકાનદારે પણ પુષ્ટિ કરી હતી કે આદર્શ રૂ. ૪૩,૦૦૦ રોકડા આપી મોબાઈલ લઈ ગયો હતો. વિવાદ બાદ પણ સામાપક્ષ તરફથી આદર્શને અવારનવાર ફોન કરી ગાળો આપવામાં આવતી હતી. બાદ યુવતિએ ઝેર પી લીધું હોવાનું કહી યુવાનને હોસ્પિટલ બોલાવ્યો હતો.

ફરિયાદમાં આક્ષેપ કરાયો છે કે, ભાવિન પરમાર અને કરણ ધોળકિયા નામના યુવકોએ આદર્શને ફોન પર ગાળો આપી રાજકોટમાં રહેવા ન દેવાની અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. ત્યારબાદ મોડી રાત્રે જ્યારે આદર્શ ઘરે ન હતો ત્યારે આરોપીઓ કરણ ધોળકિયા અને ભાવિન પરમાર બાઈક પર હોકી-ધોકા જેવા હથિયારો સાથે અશ્વિનભાઈના ઘરે ધસી આવ્યા હતા. તેમણે ઘરની બારીના કાચ, ફ્રિઝનો દરવાજો અને મુખ્ય દરવાજો તોડી પાડી આશરે રૂ. ૨૦,૦૦૦નું નુકસાન પહોંચાડ્યું હતું. ઘટના બાદ પરિવારે ૧૧૨ નંબર પર ફોન કરી પોલીસને જાણ કરી હતી.

પોલીસે ઘટનાસ્થળે પહોંચી સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસતા આરોપીએ હથિયારો સાથે બાઈક પરથી ઉતરતા નજરે પડ્યા હતા. આ મામલે પેલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. હેડકોન્સ. કે. એમ. અજાગીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# શિતલ પાર્ક નજીક રહેતી ૧૭ વર્ષીય સગીરા ભેદી રીતે ગુમ

### સગીરાના પિતાએ શકદાર તરીકે બજરંગવાડી નજીક સંજયનગરમાં રહેતા શખસનું નામ આપ્યુ : પોલીસે તપાસ આદરી

**અબતક, રાજકોટ**

શહેરના શીતલ પાર્ક પાસેના વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની સગીરા લાપતા થયા અંગે તેના પિતાએ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં શકદાર તરીકે બજરંગવાડીના સંજયનગરમાં રહેતા શખસનું નામ આપ્યું છે. પોલીસે અપહરણનો ગુનો નોંધી સગીરાના સગડ મેળવવા શોધખોળ શરૂ કરી છે.જાણવા મળતી વિગતો મુજબ, શહેરના શીતલ પાર્ક પાસેના વિસ્તારમાં રહેતા આધેડે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તારીખ ૭-૧૦ ના રાત્રિના પોણા નવ વાગ્યા આસપાસ તેમની દીકરી કે જેની ઉંમર ૧૭ વર્ષ ચાર માસ છે તે ઘરેથી ગયા બાદ લાપતા થઈ ગઈ હતી. પ્રથમ આડોશ પાડોશમાં અને ત્યારબાદ સગા સંબંધીઓમાં તેની શોધખોળ કરી હતી. પરંતુ તેનો કોઈ પતો લાગ્યો ન હતો. બાદમાં આ અંગે પોલીસને જાણ કરી છે.

ફરિયાદીએ પોતાની ફરિયાદમાં શકદાર તરીકે બજરંગવાડીના સંજયનગરમાં રહેતા નવાઝનું નામ આપ્યું છે. બનાવ અંગે પોલીસે અપહરણનો ગુનો નોંધી સગીરાના સગડ મેળવવા શોધખોળ શરૂ કરી છે. આ અંગે વધુ તપાસ પીએસઆઈ એમ.એસ. મહેશ્વરી ચલાવી રહ્યા છે.

# સેકન્ડ રીંગ રોડ પર બ્રિજના કામો વેઠ ઉતારનાર એજન્સી સામે પણ આકરા પગલાની તજવીજ

## વાજડી પાસેના બ્રિજના ત્રણ મોટા અને બે નાના બોક્સ પીલર તોડી પડાશે

**અબતક, રાજકોટ**

શહેરના સેકન્ડ રીંગ રોડ પર કોર્પોરેશન દ્વારા અલગ અલગ ત્રણ સ્થળોએ કરોડો રૂપિયાના ખર્ચે બ્રીજ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ થોડા સમય પહેલા લીધેલી વિઝિટમાં બ્રીજના કામમાં ક્ષતિ જણાતા બે એન્જિનિયરોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. વાજડી પાસે બની રહેલા ૧૨ કરોડના બ્રીજમાં ભ્રષ્ટાચારનો પર્દાફાશ થયો છે. પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટે પણ બ્રીજના કામમાં ક્ષતિ હોવાનો રિપોર્ટ આપતા હવે એજન્સી સામે પણ આકરી કાર્યવાહી કરવાના સંકેતો મ્યુનિસિપલ કમિશનર દ્વારા આપવામાં આવ્યા છે.

સેકન્ડ રીંગરોડ પર બની રહેલા ત્રણ બ્રીજના નિર્માણ કામામં કેટલીક ક્ષતિઓ સામે આવી હતી. વીજીલન્સ તપાસ દરમિયાન ક્ષતિ જણાતા બે ઈજનેરોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. બીજી તરફ પીએમયુ દ્વારા હાથ ધરવામાં આવેલી વિસ્તૃત તપાસમાં બ્રીજનો કેટલોક નબળો ભાગ દૂર કરવાનો રિપોર્ટ આપવામાં આવ્યો છે. વાજડી પાસેના બ્રીજમાં ત્રણ મોટા અને બે નાના બોક્સ પીલર તોડી પાડવામાં આવેશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે જવાબદાર અધિકારીઓ સાથે કામ કરનાર એજન્સી સામે પણ આકરી કાર્યવાહી કરવામાં આવશે. તેવા સંકેતો મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા આપવામાં આવ્યા છે. સળિયાના જોઈનીંગમાં આડેધડ વેઠ ઉતારવામાં આવી છે. એલાયમેન્ટ પણ બરાબર ન હોવાનું બહાર આવ્યું છે. હવે અમુક ભાગ તોડી નવેસરથી બનાવવાની કાર્યવાહી હાથ પર લેવામાં આવશે.

# સરકારે "બાંધણું" કરતા કેન્સરની દવા ૭૦% સસ્તી થશે

## સુપ્રીમ કોર્ટની ટકોર બાદ નિર્ણયઃ બ્રાન્ડેડ, જેનરિક અને આયાતી તમામ કેન્સરની દવાઓ પર વેપારીઓ 30 ટકાથી વધુ નફો નહીં લઈ શકે




**અબતક, રાજકોટ**

કેન્સરના દર્દીઓ માટે રાહતના સમાચાર આપતા સરકારે નોન-શેડ્યૂલ્ડ એન્ટી-કેન્સર દવાઓ પરના ટ્રેડ માર્જિનને 30 ટકા સુધી મર્યાદિત કરવાનો નિર્ણય લીધો છે. આ પગલાથી કેન્સરની અત્યંત મોંઘી દવાઓના ભાવમાં ૨૦ થી ૭૦ ટકા સુધીનો ઘટાડો થવાની અને દર્દીઓને વાર્ષિક અંદાજે ૨,૫૦૦ કરોડ રૂપિયાની બચત થવાની અપેક્ષા છે.

નવા નિયમ મુજબ, ટ્રેડ માર્જિન ઘટતા ઉત્પાદક કે માર્કેટિંગ કંપનીઓએ દવાની કિંમત ઘટાડવી પડશે, જેનાથી કેન્સરના દર્દીઓનો પોતાના ખિસ્સામાંથી થતો મોટો ખર્ચ અટકશે. આરોગ્ય મંત્રાલય હેઠળની નિષ્ણાત સમિતિએ બુધવાર સુધીમાં આ નિર્ણય હેઠળ આવરી લેનારી બ્રાન્ડેડ, જેનરિક, દેશી, આયાતી તેમજ પેટન્ટેડ દવાઓની યાદી સુપ્રત કરશે.

આ નિર્ણય બાદ પણ પુરવઠો ખોરવાય નહીં તે માટે ઉત્પાદકોએ વર્તમાન ઉત્પાદન જાળવી રાખવું પડશે, જેનાથી તેમની વેચાણ કિંમત કે આવક પર કોઈ વિપરીત અસર નહીં પડે.

નોંધનીય છે કે, રિટેલરોને ૨,૭૦૦ રૂપિયામાં મળતી દવાનું ૨૭,૦૦૦ રૂપિયાની કિંમત પર વેચાણ થતું હોવા અંગે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસે જવાબ માગ્યો હતો, જેના દિવસો બાદ આ મોટો નિર્ણય લેવાયો છે. એનપીપીએ અનુસાર, કેટલીક દવાઓ પર સરેરાશ ૧૭૦ ટકા અને મહત્તમ ૭૦૦ ટકા સુધીનું અતિશય માર્જિન વસૂલવામાં આવતું હતું. જોકે, 'વર્કિંગ ગ્રુપ ઓન એક્સેસ ટુ મેડિસિન્સ એન્ડ ટ્રીટમેન્ટ્સ' એ દાવો કર્યો છે કે ૨૦૧૯ ના નિર્ણયની જેમ માત્ર 30 ટકા કેપિંગથી તમામ દવાઓ સસ્તી નહીં થાય, કારણ કે કેટલીક દવાઓના ભાવ તે પછી પણ સતત વધ્યા છે.

# ગુડ ફ્રાઈ ડે.... શેરબજારમાં જબ્બર રિકવરી : સેન્સેક્સમાં ૯૫૧ અને નિફ્ટીમાં 303 પોઈન્ટનો ઉછાળો

## ડોલર સામે રૂપિયામાં પણ સુધારો : બુલિયન બજાર પણ ગ્રીનઝોનમાં

**અબતક, રાજકોટ**

ભારતીય શેરબજારમાં છેલ્લા ઘણા સમયથી ચાલી આવતી મહામંદીને આજે બ્રેક લાગી જવા પામી છે. સપ્તાહના અંતિમ ટ્રેડિંગ સેશનમાં જોરદાર રિકવરીનો માહોલ રહ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટીમાં જોરદાર ઉછાળા રહ્યા હતાં. ડોલર સામે રૂપિયો સુધર્યો હતો. બુલિયન બજાર પણ ગ્રીનઝોનમાં કામકાજ કરતું નજરે પડ્યું હતું.

આજે મુંબઈ શેરબજારના બન્ને આગેવાન ઈન્ડેકસ ગ્રીનઝોનમાં ખુલ્યા હતાં. રોકાણકારોએ વિશ્વાસ સાથે નવેસરથી ખરીદી શરૂ કરતા બજારમાં તેજીનો માહોલ દિવસભર ઝળવાઈ રહ્યો હતો. આજે સેન્સેક્સે ૭૨ હજારની સપાટી કુદાવામાં સફળતા હાંસલ કરી હતી. તમામ સેકટરલ ઈન્ડેક્સમાં તોફાની તેજી રહેવા પામી હતી. વાયદા બજારમાં સોના અને ચાંદીના ભાવમાં પણ ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે લાંબા સમય બાદ આજૈ રૂપિયો થોડો મજબુત બનતો દેખાયો હતો. આ લખાય રહ્યુ છે ત્યારે સેન્સેક્સ ૯૫૧ પોઈન્ટના ઉછાળા સાથે ૭૨,૫૪૫ અને નિફ્ટી 303 પોઈન્ટના ઉછાળા સાથે ૨૨,૫૩૬ પર કામકાજ કરી રહી છે. લાંબા સમય બાદ બજારમાં જોરદાર તેજી જોવા મળતા રોકાણકારોના જીવમાં જીવ આવ્યો છે.

# અરવિંદભાઈ મણીઆરની ૯૪મી જન્મજયંતીએ 'સૂરનું સરનામું'માં સેવા, સંસ્કાર અને સંગીતનો ત્રિવેણી સંગમ

## હસુભાઈ દવે અને વિષ્ણુભાઈ પંડ્યાનું સન્માન કરાયું



**અબતક,રાજકોટ**

રાજકોટના જાહેરજીવનમાં સેવા, સંસ્કાર, સહકાર અને સંગઠનની અવિસ્મરણીય છાપ છોડી ગયેલા રાજકોટના સ્વપનદ્રષ્ટા અને મુઠ્ઠી ઊંચેરા માનવી શ્રી અરવિંદભાઈ મણીઆરની ૯૪મી જન્મજયંતીનો પાવન પ્રસંગ આ વખતે માત્ર જન્મદિવસની ઉજવણી પૂરતો સીમિત ન રહ્યો, પરંતુ તેમની વિચારધારા, સેવાયાત્રા અને જીવનમૂલ્યોને સંગીતના સૂર સાથે વંદન કરતો એક યાદગાર અવસર બની રહ્યો હતો. અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા તા. ૫ ઓક્ટોબરના રોજ હેમુ ગઢવી હોલ ખાતે 'સૂરનું સરનામું' નામે ભવ્ય ગુજરાતી લોકપ્રિય ગીત-સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો. ચિક્કાર ભરાયેલા હેમુ ગઢવી હોલમાં ગુંજેલા સદાબહાર ગીતો, ભાવસભર ગઝલો અને કર્ણપ્રિય સંગીતે જાણે અરવિંદભાઈની સ્મૃતિને સૂરમય શ્રદ્ધાંજલિ અર્પી હતી.કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ગુજરાતના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે રાજકોટના મેયર ડો. નેહલભાઈ શુક્લ, જ્યારે અતિથિવિશેષ તરીકે રાજકોટ જિલ્લા કલેકટર ઓમપ્રકાશ, રાજકોટ મહાનગર પાલિકા ના . કમિશનર તુષાર સુમેરા તથા જ્યોતિ સી.એન.સી.ના ચેરમેન પરાક્રમસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડો. વલ્લભભાઈ કથીરિયાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ તથા ટ્રસ્ટ દ્વારા યોજાતા કાર્યક્રમોની વિસ્તૃત માહિતી આપી હતી. મિહિરભાઈ મણીઆર, હર્ષલભાઈ મણીઆર તથા જાહ્નવીબેન લાખાણીના હસ્તે મહેમાનોને પુસ્તક અને રૂમાલ અર્પણ કરી ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. સમાજકલ્યાણ કમિટીના ચેરમેન મનીષભાઈ ભટ્ટનું સ્વાગત કલ્પકભાઈ મણીઆરે કર્યું હતું, જ્યારે કાર્યક્રમના પ્રસ્તુતકર્તા અંકિત ત્રિવેદીનું સ્વાગત કમલેશભાઈ મહેતાએ કર્યું હતું.

આ રીતે અરવિંદભાઈ મણીઆરની ૯૪મી જન્મજયંતી નિમિત્તે યોજાયેલ 'સૂરનું સરનામું' કાર્યક્રમ માત્ર સંગીતનો કાર્યક્રમ ન રહ્યો, પરંતુ સેવા, સંસ્કાર, સાહિત્ય, સંગઠન અને સમાજજીવનના મૂલ્યોને એક જ મંચ પર વંદન કરતો એક યાદગાર પ્રસંગ બની રહ્યો હતો.

# ભક્તિનગર સર્કલ પાસે બનેવીને મોતને ઘાટ ઉતારી દેનાર સાળાને તાત્કાલિક પકડવાની માંગણી

## મૃતકના પરિજનો અને દલિત સમાજના આગેવાનોની સીપી, ડીસીપી ક્રાઈમ અને કલેક્ટરને રજુઆત

**અબતક, રાજકોટ**

ભકિતનગર સર્કલ પાસે ધોળા દીવસે બનેવીને મોતને ઘાટ ઉતારી દેનાર સાળાને તાત્કાલિક પકડવાની માંગ સાથે મૃતકના પરિજનો અને દલિત સમાજના આગેવાનોએ પોલીસ કમિશ્નર, કલેક્ટર, ડીસીપી ક્રાઈમને રજુઆત કરી હતી.સહકાર મેઈન રોડ, જમનાનગર-૪ માં રહેતાં ભારતીબેન ધર્મેન્દ્રભાઈ વાણીયાએ પોલીસ કમિશ્નરને કરેલ રજુઆતમાં જણાવ્યું હતું કે, ભકિતનગર પોલીસ સ્ટેશન તાબા હેઠળના ભકિતનગર સર્કલ ખાતે ઓમ ટ્રાવેલ્સ પાસે તેઓના દીકરા વિમલને પ્રેમ લગ્નને પગલે તા.૨૪/૦૯/૨૦૨૬ ના બપોરના સવા બે વાગ્યાની આસપાસ છરી અને ધારકાર હથિયારો દ્વારા આડેધડ ધા કરી હત્યા કરી નાખવામાં આવેલ છે. આ હત્યારામાં ત્રણથી ચાર આરોપીઓ પૈકી ફકત એક આરોપીની જ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. જયારે અન્ય મુખ્ય આરોપી કમલેશ ઉર્ફે કાનો લાખા ધાંધળ આજ સુધી પોલસ પકડથી દુર છે.

આરોપી દ્વારા અગાઉ પણ તેઓના પુત્ર વિમલને પતાવી દેવાની ધાક ધમકી આપવામાં આવી હતી. આરોપીઓ સામે ગંભીર કલમ હેઠળનો અપરાધ હોવા છતાં આરોપી આઠ દિવસથી કોઈ પતો મળેલ નથી, ત્યારે હાલ પોલીસ તંત્ર દ્વારા જે કામગીગરી કરવામાં આવે છે. તેમા વધુ ટીમોનો સમાવેશ કરી તાત્કાલીક મારા દિકરાના હત્યારાઓની ધરપકડ કરવામાં આવે અને આ અંગે તટસ્થ તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવા ઉગ્ર રજુઆત કરી છે.

ઉપરાંત મૃતકની પત્ની શીતલબેન, માતા ભારતીબેન અને દલિત સમાજના આગેવાનોએ કલેક્ટર, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને ભકિતનગર પોલીસ મથકના પીઆઈને પણ રજુઆત કરી હતી.

## નાગરિક સહકારી બેંકના ૭૪માં સ્થાપના દિવસ નિમિતે

# શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી કાલે રક્તદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

સિવિલ હોસ્પિટલ ખાતે સમગ્ર સૌરાષ્ટ્રના દર્દીઓ નિઃશુલ્ક સારવાર માટે આવે છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારનાં બ્લડ ગ્રુપની તાતી જરૂરીયાત છે ત્યારે રાજકોટ નાગરિક સહકારી બેંકના ૭૪માં સ્થાપના દિન નિમિતે રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓના લાભાર્થે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી રાજકોટ નાગરિક સહકારી બેંક લિ., હેડ ઓફિસ, પ્રથમ માળ, 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય, ૧૫૦ રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ ખાતે તા.૧૦, ઓકટોબર, શનિવારના રોજ સવારના ૦૯ :૦૦થી બપોરના ૦૧ઃ ૦૦ વાગ્યા સુધી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

## (પહેલા પાનાનું ચાલું)

### જીએસટી...

કેસોમાં ફોજદારી કાર્યવાહી (પ્રોસિક્યુશન) શરૂ કરવા માટેની નાણાકીય મર્યાદા રૂપિયા ૧ કરોડથી વધારીને સીધી રૂપિયા ૫ કરોડ કરી દેવામાં આવી છે. જો કોઈ કરદાતા સ્વેચ્છાએ કરની રકમ ચૂકવી દે તો વ્યાજ અને પેનલ્ટીમાં પણ મોટો ઘટાડો કરવામાં આવ્યો છે, જે દર્શાવે છે કે સરકાર વેપારીઓને ડરાવવાને બદલે બિઝનેસમાં સહકાર આપવા માંગે છે.

આ મોટા નિર્ણયોની સાથે સાથે કેન્દ્ર સરકાર હવે જીએસટી વહીવટને આવકવેરા વિભાગની જેમ ફેસલેસ અને સેન્ટ્રલાઈઝ્ડ મોડલ તરફ લઈ જવાની તૈયારી કરી રહી છે. આ ફેસલેસ સિસ્ટમથી એવા આશરે ૨,૦૦,૦૦૦ કરદાતાઓને ફાયદો થશે જેઓ હાલમાં બહુવિધ અધિકારક્ષેત્રો હેઠળ કામ કરે છે. આ નવી સિસ્ટમમાં સ્ક્રુટિની, ઓડિટ અને અપીલ જેવી તમામ પ્રક્રિયાઓ ઓનલાઈન અને ફેસલેસ થશે, જેનાથી અધિકારી અને વેપારી વચ્ચેનો સીધો સંપર્ક ખતમ થશે. આ માળખું આગામી બજેટ પહેલા લોકોના સૂચનો માટે મુકવામાં આવશે અને તેને નાણાકીય વર્ષ ૨૦૨૭-૨૮ થી સંપૂર્ણપણે અમલમાં મૂકવાની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે.

### વીમા એજન્ટો...

મળેલા તમામ સૂચનોની ઝીણવટભરી સમીક્ષા કર્યા બાદ જ અંતિમ ડ્રાફ્ટ તૈયાર કરાશે અને ફરી એકવાર તેને જાહેર જનતાના અભિપ્રાય માટે ખુલ્લો મુકવામાં આવશે. એશિયાના અન્ય દેશો, જેમ કે ચીનમાં પણ વર્ષ ૨૦૨૩માં આવા જ સમાન નિયમો લાગુ કરીને કમિશન પર મર્યાદા લાદવામાં આવી હતી. આઈઆરડીએઆઈ સભ્યનું સ્પષ્ટ માનવું છે કે આ સુધારાઓ ઉતાવળે કરવા કરતા તેને યોગ્ય અને પારદર્શક રીતે અમલમાં મુકવા વધુ જરૂરી છે.

(૧૨માં પાનાનું ચાલુ)

### ધોળકિયા સ્કૂલ્સ

માતૃવંદનાનું પ્રતીક બન્યો છે. મહોત્સવના આયોજનમાં મિતુલભાઈ ધોળકિયા, ધવલભાઈ ધોળકિયા અને વિરલભાઈ ધોળકિયા સહિતની ટીમ કાર્યરત છે. મેનેજિંગ ટ્રસ્ટી કૃષ્ણકાંતભાઈ ધોળકિયા અને જીતુભાઈ ધોળકિયા સમગ્ર ટીમને પ્રોત્સાહન આપી આયોજન અને સંકલનમાં માર્ગદર્શન આપી રહ્યા છે.

આ નવરાત્રી મહોત્સવને રાજકોટ સહિત વિશ્વભરના ભાવિકો નિહાળી શકે તે માટે દરરોજ કાર્યક્રમની સીધી પ્રસ્તુતિ નિહાળવા માટેની ઓનલાઈન કડી મોકલવામાં આવશે. આમ, ચાચર ચોકમાં યોજાનારો આ પ્રાચીન નવરાત્રી મહોત્સવ ભક્તિ, સંગીત, કલા અને સંસ્કૃતિના સંગમ સાથે મા આદ્યશકિતની આરાધનાનો અનોખો અવસર બની રહેશે. અબતકની શુભેચ્છા મુલાકાતમાં ટ્રસ્ટી જીતુભાઈ ધોળકિયા કેમ્પસ ડિરેક્ટર વિરાંગનાબેન ગઢીયા આચાર્ય નેહલબેન ગાંધી,પારુલબેન સોમૈયા ખુશ્બુબેન બાવીસી, ભારતીબેન અમીપરા તથા નવદુર્ગા સ્વરૂપ બાળાઓ ઉપસ્થિત રહી હતી

### ક્લબ યુવી

રજિસ્ટ્રેશન માટે આધારકાર્ડની નકલ અને ફોટો જોડવાનો રહેશે. વધુ માહિતી માટે સેકન્ડ ૧૫૦ ફૂટ રિંગ રોડ પર શિલ્પન દિવા ખાતે આવેલા ક્લબ યુવીના કાર્યાલયનો સંપર્ક કરી શકાશે.

અબતકની શુભેચ્છા મુલાકાતમાં ક્લબ યુવી બોર્ડ ઓફ ડિરેકટરોમાં બીપીનભાઈ બેરા ,પ્રફુલભાઈ કાથરોટીયા સુરેશભાઈ, મુન્નાભાઈ ઘેટીયા, ડો. કલ્પેશભાઈ ઉકાણી તથા મીડિયા કો ઓડીનેટર રજનીભાઈ ગોલ ઉપસ્થિત રહ્યા હતા

### જૈનમ રાસોત્સવ

વયના લોકો માટે સંગીતમય માહોલ ઊભો થવાની અપેક્ષા છે.

અબતકની શુભેચ્છા મુલાકાતમાં ગાયકો ઉમેશ બારોટ, પ્રદીપ ઠક્કર, દ્રષ્ટિ કાલાવડિયા (અમરેલી) અને નમ્રતા ગોસલિયા ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત જૈનમ પરિવારના શૈલેષભાઈ માઉં, બ્રિજેશભાઈ મહેતા, કેતનભાઈ દોશી (કેડી), પ્રતિકભાઈ ગાંધી, રાકેશભાઈ શાહ (અક્કી), શૈલેનભાઈ શાહ અને પારસભાઈ શેઠ સહિતના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### યુનિટી ફાઉન્ડેશન

આયોજનને સફળ બનાવવા કાર્યરત છે.

યુનિટી ફાઉન્ડેશનનો આ નવરાત્રી મહોત્સવ માત્ર ગરબા અને દાંડિયા પૂરતો મર્યાદિત ન રહેતાં સંસ્કૃતિના જતન અને પરિવારને એકસાથે જોડવાનો પ્રયાસ બની રહ્યો છે. પ્રાચીન ગરબી દ્વારા પરંપરાનો વારસો અને અર્વાચીન દાંડિયા રાસ દ્વારા યુવાનોનો ઉત્સાહ એક જ મંચ પર રજૂ કરીને રાજકોટની નવરાત્રીમાં આગવી ઓળખ ઊભી કરવાનો આયોજકોનો પ્રયાસ છે.

## (છેલ્લા પાનાનું ચાલુ)

### દેવસ્થાનોએ નવરાત્રી...

વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

આ કાર્યક્રમોની શ્રેણી અંતર્ગત મહેસાણા જિલ્લાના શ્રી ઉમિયા માતા મંદિર-ઉંઝા ખાતે તા. ૧૩ ઓક્ટોબર, કચ્છના શ્રી આશાપુરા માતાજીના મઢ ખાતે તા. ૧૪ ઓક્ટોબર, સુરેન્દ્રનગરના શ્રી ચામુંડા માતા મંદિર-ચોટીલા ખાતે તા. ૧૫ ઓક્ટોબર, પંચમહાલના શ્રી મહાકાળી મંદિર-પાવાગઢ ખાતે તા. ૧૬ ઓક્ટોબર, અમદાવાદના શ્રી ભદ્રકાળી મંદિર ખાતે તા. ૧૭ ઓક્ટોબર, દેવભૂમિ દ્વારકાના શ્રી હરસિદ્ધ માતા મંદિર ખાતે તા. ૧૮ ઓક્ટોબર તથા મહેસાણાના શ્રી મોઢેશ્વરી માતા મંદિર-મોઢેરા ખાતે તા. ૧૯ ઓક્ટોબરના રોજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

આ નવરાત્રી પર્વ દરમિયાન તા. ૧૨ ઓકટોબરના રોજ બહુચરાજી-મહેસાણા ખાતે પ્રસિદ્ધ ગાયક અરવિંદ વેગડા તથા તા. ૧૯ ઓક્ટોબરના રોજ શ્રી મોઢેશ્વરી માતા મંદિર-મોઢેરા ખાતે ગાયિકા હિમાલી વ્યાસ નાયકની ઉપસ્થિતિમાં ગરબાનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત અન્ય સાત દેવસ્થાનો ખાતે પણ વિવિધ જાણીતા ગાયક કલાકારોની ઉપસ્થિતિમાં ગરબા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે, જેમાં ખેલૈયાઓ માતાજીની આરાધના સાથે ગરબાની રમઝટ માણી શકશે.

નોંધનીય છે કે, 'આતિથ્યમ' ટૂરિસ્ટ ફૂટફોલ ડેશબોર્ડના આંકડા પણ રાજ્યના ધાર્મિક પ્રવાસનની આ લોકપ્રિયતાને ઉજાગર કરે છે. રાજ્યના ટોચના ૧૦ પ્રવાસન સ્થળોમાં અંબાજી માતા મંદિર, પાવાગઢ અને બહુચરાજી મંદિરનો સમાવેશ થાય છે. જ્યારે રાજ્યના ટોચના ૧૦ પ્રવાસન જિલ્લાઓમાં અમદાવાદ, દેવભૂમિ દ્વારકા, બનાસકાંઠા, મહેસાણા, પંચમહાલ અને કચ્છ જિલ્લાનો સમાવેશ થાય છે. આથી નવરાત્રીના પર્વ દરમિયાન આ સ્થળોએ યોજાનારા સાંસ્કૃતિક કાર્યક્રમો ધાર્મિક આસ્થા સાથે રાજ્યના સાંસ્કૃતિક અને પ્રવાસન ક્ષેત્રને પણ વધુ વેગ આપશે.

નવરાત્રીના આ પવિત્ર પર્વ દરમિયાન આસ્થા, ગુજરાતની લોકસંસ્કૃતિ અને પ્રવાસનને એકસાથે ઉજવતા આ કાર્યક્રમોમાં રાજ્યના નાગરિકો ઉપરાંત દેશ-વિદેશના પ્રવાસીઓ પણ સહભાગી બની શકશે. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા તમામ નાગરિકોને આ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં જોડાઈ માતાજીની આરાધનામાં સહભાગી થવા અને ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાનો અનુભવ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### રેવન્યુ કર્મચારી...

ઉલ્લેખનીય છે કે, મહેસૂલી કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરતા સમગ્ર રાજ્યમાં કલેક્ટર કચેરીઓ, પ્રાંત અને મામલતદાર કચેરીઓ ખાતે રોજિંદી કામગીરી ખોરવાઈ ગઈ હતી. આવકના દાખલા, જાતિ અને નોન-ક્રીમીલેયર પ્રમાણપત્રો તેમજ જમીન-મિલકત નોંધણી સંબંધિત કામકાજ અટકી પડતાં સામાન્ય નાગરિકો અને ખેડૂતોને ભારે હાલાકી ભોગવવી પડી રહી હતી. હવે હડતાળ સમેટાઈ જતાં રાજ્યભરમાં તમામ મહેસૂલી સેવાઓ ફરી રાબેતા મુજબ શરૂ થશે અને પ્રજાના અટકેલા કામો ઝડપથી પૂરા થઈ શકશે.

### ભાદરવામાં ઉનાળા...

ભાવનગરનું તાપમાન ૩૬.૮ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૦.૮ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૧.૪ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૬.૯ ડિગ્રી, રાજકોટનું તાપમાન સૌથી વધુ ૩૯.૬ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૫.૬ ડિગ્રી, દીવનું તાપમાન ૩૪.૫ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૩૮.૮ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૭.૨ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૩૭.૬ ડિગ્રી નોંધાયું હતું.

છેલ્લા બે - ત્રણ દિવસથી રાત્રે પણ વાતાવરણમાં ઠંડકનો અનુભવ થતો નથી. રાત્રીના સમયે પણ અસહ્ય ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે સામાન્ય ઠંડકનો અનુભવ થાય છે.

### ઈસબગુલ...

ગત ૨૬ જુલાઈથી ઈસબગુલની હરાજી અને વેપાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયા હતા.

વેપાર અટકી જતાં ઓગસ્ટના અંત સુધીમાં ૨૦થી વધુ પ્રોસેસિંગ એકમો બંધ થઈ ગયા હતા અને સ્થાનિક ઉત્પાદન તેમજ નિકાસ પ્રતિબદ્ધતાઓને મોટો ફટકો પડ્યો હતો. ભારત પોતાના કુલ ઉત્પાદનમાંથી લગભગ ૯૦ ટકા ઈસબગુલ અમેરિકા અને યુરોપના દેશોમાં નિકાસ કરે છે, જેથી લાંબી મડાગાંઠથી વૈશ્વિક સપ્લાય પર પણ જોખમ ઊભું થયું હતું. ઓક્ટોબરની શરૂઆતમાં માંડ ૨૦ ટકા વેપારીઓ સાથે આંશિક કામગીરી શરૂ થઈ હતી, પરંતુ મોટાભાગના વેપારીઓ કેન્દ્ર સરકારના સ્પષ્ટ નિર્ણયની રાહ જોઈ રહ્યા હતા. ઈસબગુલ પ્રોસેસર્સ એસોસિએશન ના પ્રમુખ અશ્વિન નાયકે જણાવ્યું હતું કે આ નિર્ણયથી ઉદ્યોગને મોટો ટેકો મળશે. હાલ ઊંઝા માર્કેટ યાર્ડમાં ઈસબગુલના બીજનો ભાવ પ્રતિ ૨૦ કિલો ૨,૭૦૦ થી ૩,૨૦૦ ની વચ્ચે બોલાઈ રહ્યો છે. હવે શૂન્ય જીએસટીની ભલામણ બાદ માર્કેટમાં સ્ટોકિસ્ટો અને મોટા વેપારીઓ ફરી સક્રિય થતાં ઊંઝા માર્કેટયાર્ડમાં ફરી એકવાર જોરદાર ધમધમાટ જોવા મળશે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ :** કારડીયા રાજપૂત સ્વ. નિરાલીબેન પરાગભાઈ વાઘેલા તે મુકેશભાઈ જારીયા, રમેશભાઈ જારીયાની પુત્રી, અમિત, સુજલ, પ્રશાંત, જયરાજની બહેનનું અવસાન થયેલ છે. સદ્ગતનું મોસાળ પક્ષનું બેસણું તા.૧૦-૧૦-૨૦૨૬, શનિવાર સાંજે ૪થી ૬ કલાકે, સ્થળ : કારડીયા રાજપુત સમાજની વાડી, ૧૫૦ ફુટ રીંગ રોડ, મવડી ચોકડી, રાજકોટ ખાતે રાખેલ છે.

**ઉના :** મૂળ આમોદ્રા નિવાસી નાથળીયા ઉનેવાલ બ્રાહ્મણ પ્રવીણ ભાઈ હરીશંકર ઠાકર ઉ.વ.૫૯ (પાણીપુરવઠા બોર્ડ નાં કર્મચારી)તે સ્વ અનંત ભાઈ તેમજ સંજયભાઈ ઠાકરનાં ભાઈ, કનુભાઈ ઠાકર,તેમજ જિતેન્દ્ર ઠાકરનાં પિતરાઈ ભાઈ તેમજ પુનિત,હાર્દિક નાં પિતાજી તા.૮-૧૦ ને ગુરુવારનાં રોજ અવસાન પામેલ છે. તેમનું બેસણું ૯-૧૦ને શુક્રવારે નાથળીયા ઉનેવાળ સમાજ કોમ્યુનિટી હોલ દેલવાડારોડ ઉના ખાતે ૩ થી૫ રાખેલ છે.

**મોરબી :** સ્વ. રસિકલાલ લવજીભાઈ પોપટના પુત્ર ચંદ્રેશભાઈ પોપટ (ઉ.વ ૫૨, પ્રોફેસર કોમર્સ કોલેજ-મોરબી) તે ભાવેશભાઈ પોપટના મોટા ભાઈ તેમજ દિનેશભાઈ, વિનોદભાઈ , મહેન્દ્રભાઈ તથા સ્વ પ્રવિણભાઈના ભત્રીજા તા.૮ ગુરૂવારના રોજ અવસાન પામેલ છે. તેમનું ઉઠમણું તથા મોસાળ પક્ષની સાદડી. તા.૯ ને શુક્રવારના સાંજે ૫ થી ૬ કલાકે ત્રીલોકધામ મંદિર કુબેરનગર -૩ નવલખી રોડ મોરબી ખાતે રાખેલ. છે. ભાવેશભાઈ રસિકલાલ પોપટ (ભાઈ) મો.૯૮૭૯૯ ૩૦૨૫૮

**રાજકોટ :** બામણબોર વાળા સ્વ.કેશવલાલ મગનલાલ કોટેચાના દીકરી સ્વ.લતાબેન કિશોરભાઈ જોબનપુત્રા (ઉ.વ.૬૪) જે રાજકોટ નિવાસી સ્વ.પ્રેમજીભાઈ ગોકળદાસ જોબનપુત્રાના દીકરા અશ્વિનભાઈના નાનાભાઈ કિશોરભાઈ જોબનપુત્રાના પત્ની જે સુનિલભાઈ, રવિભાઈ, રાહુલભાઈના માતા તથા પરેશભાઈ, અજયભાઈ, દિલીપભાઈના કાકીનું તા.૦૮-૧૦-૨૦૨૬, ગુરુવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તથા પિયર પક્ષની સાદડી તા. ૦૯-૧૦-૨૦૨૬, શુક્રવારે, સાંજે ૫ થી ૬, ધ સ્પેશ બિલ્ડીંગ, કલબ હાઉસની બાજુમાં, માધાપર ચોકડી પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** કારડીયા રાજપૂત નિરાલીબેન પરાગભાઈ વાઘેલા તે મુકેશભાઈ જારીયા, રમેશભાઈ જારીયાની પુત્રી, અમિત, સુજલ, પ્રશાંત, જયરાજની બહેનનું તા.૮, ગુરૂવારે અવસાન થયેલ છે. સદ્ગતનું મોસાળ પક્ષનું બેસણું તા.૧૦, શનિવાર સાંજે ૪ થી ૬ કલાકે, કારડીયા રાજપુત સમાજની વાડી, ૧૫૦ ફુટ રીંગ રોડ, મવડી ચોકડી, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** કાલાવડ વાળા સ્વ બાબુલાલ લખુભાઈ ડોડીયાના પૂત્ર નીતિનભાઈ બાબુલાલ ડોડીયાનું તા. ૮/૧૦/૨૦૨૬ ને ગુરૂવારે અવસાન થયેલ છે. તે સુરેશભાઈના નાનાભાઈ તેમજ ભવ્ય અને જૈમીનના પિતા તેમજ જલ્પાબેન ના પતિ તે રૂપલબેન મિતેશકુમાર સિદ્ધપુરાના ભાઈનું બેસણું તા. ૧૦/૧૦/૨૦૨૬ને શનિવારે સાંજે ૪.૩૦ થી ૬ શ્રી રામેશ્વર મંદિર, રામેશ્વર ચોક, એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ખાદ્ય સામગ્રીમાં ભેળસેળ-ગંદકી કરનારને તોતીંગ દંડ-જેલની સજા ફટકારાશે

## વર્તમાન નિયમો અને કાયદામાં સુધારો કરવા કોર્પોરેશન કરશે રાજ્ય સરકારમાં ભલામણ: કચરાના નિકાલ માટે બાયલોજની અમલવારી કરાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં આગામી ૧૭મી ઓકટોબરના રોજ મેયર ડો. નેહલ શુકલના અધ્યક્ષ સ્થાને જનરલ બોર્ડ મળશે જેમાં અલગ અલગ ૮ દરખાસ્તો અંગે નિર્ણય લેવામાં આવશે. રાજ્યમાં ખાદ્યપદાર્થોમાં વધતી ભેળસેળ, હલકી ગુણવત્તા તથા જાહેર આરોગ્યને નુકશાનકારક થાય તેવી ખાદ્યપદાર્થોનું વેચાણ કરતા ભેળસેળિયા વેપારીઓને હાલ સજા અને દંડ ફટકારવામાં આવે છે તે જોગવાઈ વધુ કડક બનાવવા અને અસરકારક અમલ માટે જરૂરી કાયદાકીય અને વહીવટી સુધારા કરવા માટેનો ઠરાવ પસાર કરી રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવશે. આ ઉપરાંત ઘનકચરા વ્યવસ્થા પણ નિયમો ૨૦૨૬ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલા મોડેલ બાયલોઝનું રાજકોટમાં અમલીકરણ કરવાની દરખાસ્ત પણ બોર્ડમાં મંજુરી અર્થે રજૂ કરવામાં આવી છે.

રાજ્યભરમાં ખાદ્ય સામગ્રીનું દુષણ મોટાપાયે વધી ગયું છે. દંડ અને સજાની જોગવાઈ સામાન્ય હોવાના કારણે ભેળસેળિયાઓ બેફામ બન્યા છે. આવામાં એફએસએસઆઈના વર્તમાન કાયદામાં ધડમુડથી ફેરફાર કરવા જરૂરી છે. ભેળસેળિયા વેપારીઓને દંડ અને સજાની જોગવાઈ કડક કરવા સાથેની ભલામણ કરતી દરખાસ્ત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જનરલ બોર્ડમાં ઠરાવ પસાર કરી સરકારમાં રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત કોર્પોરેશન વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદકોના વેચાણ અર્થે સર્ટિફાઈડ ખેડુતોને જગ્યા ફાળવવાના મતે મંજુરી આપવા અને કોર્પોરેશન માટે સ્થાપિત જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ (મ્યુનિસિપલ) કોર્ટની હાલની સ્થિતિએ જરૂરિયાત અને ખર્ચને ધ્યાનમાં લઈ બંધ કરવા અંગે નિર્ણય લેવા વોર્ડ નં. ૧૨માં વેસ્ટઝોનમાં શ્રી લક્ષ્મણરાવ ઈમાનદાર ટાઉનશીપના શોપીંગ સેન્ટરની દુકાનો જાહેર હરરાજી વેચાણથી આપી દસ્તાવેજ કરી આપવા, ધનકચરા વ્યવસ્થાપનના નિયમો માટે રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા બાયલોઝની અમલવારી કરવા, શહેરના વિકાસમાં જુદા જુદા ક્ષેત્રમાં નોંધપાત્ર અને ઉલ્લેખનીય યોગદાન આપનાર વિશેષ વ્યક્તિઓને એનાયત કરવામાં આવતા મેયર એવોર્ડના નામમાં ફેરફાર કરી રાજકોટ ગૌરવ મેયર એવોર્ડ કરવા સહિતની આઠ દરખાસ્તો અંગે નિર્ણય લેવાશે.

### અધિકારીઓ દોડવા માડ્યા: બોર્ડમાં પ્રશ્નનો મારો ઘટ્યો
### કોંગ્રેસના કોર્પોરેટરે સાંસ્કૃતિક વિભાગના બે વર્ષના ખર્ચના આંકડા માગ્યા

કોર્પોરેશનમાં નવી બોડી કાર્યરત થયા બાદ જનરલ બોર્ડની પ્રશ્નોતરી કાળમાં ચર્ચાનો એક કલાકની સમય લીમીટ કાઢી નાખવામાં આવી છે. તમામ પ્રશ્નોની મુક્તમને વિસ્તૃત ચર્ચા કરવામાં આવે છે. બોર્ડમાં અ ધિકારીઓની બેદરકારીઓ ખુલ્લી પડી રહી છે. જેના કારણે હવે તંત્ર દોડતુ થઈ ગયું છે. અધિકારીઓ એવુ કહેવા લાગ્યા છે કે વોર્ડના જે કોઈ પ્રશ્ન હોય તે અમને કહો અમે તત્કાલ તેનો નિવેડો લાવીશું પરંતુ બોર્ડમાં પ્રશ્ન પુછશો નહીં જેની અસર દેખાવા માંડી છે.

અધિકારીઓ દોડતા થઈ ગયા હોય બોર્ડમાં પ્રશ્નોની સંખ્યા ઘટી જવા પામી છે. આગામી ૧૭મીએ મળનારા જનરલ બોર્ડમાં બપોર સુધીમાં પાંચ કોર્પોરેટરોએ માત્ર ૧૨ પ્રશ્નો જ રજૂ કર્યા છે. જેમાં સૌપ્રથમ ભાજપના કોર્પોરેટર રક્ષિત કલોલાના રોડ કોન્ટ્રાકટર અને પાણીની પાઈપલાઈનના માન્ય કોન્ટ્રાકટરના પ્રશ્નો અંગે ચર્ચા થશે. કોંગ્રેસના કોર્પોરેટર સુધાબા વાઘેલાએ સાંસ્કૃતિક વિકાસ વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલા ખર્ચની વિગતો માંગી છે. સ્ટેન્ડિંગ કમિટીની મંજુરીથી ખર્ચ થયો કે બારોબાર પૈસા ચુકવાયા તેની વિગતો પણ માંગી છે. જ્યારે રાજુભાઈ અઘેરાએ ત્રણ પ્રશ્નો, કૌશિકભાઈ ટાંકે ત્રણ પ્રશ્નો અને મહેશભાઈ પીપળિયાએ ત્રણ પ્રશ્નો બોર્ડમાં પુછ્યા છે.

# નવરાત્રીમાં રંગીલા હનુમાન મંદિરે પ્રાચીન ગરબા મહોત્સવનું આયોજન

## રંગીલા હનુમાન મંદિર પટાંગણમાં પ્રાચીન ગરબા સાથે દ્વારિકાધીશના દિવ્ય દર્શનનો પણ લાભ મળશે



તસ્વીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

રંગીલા હનુમાન માનવ સેવા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ,દ્વારા સંચાલિત રંગીલા હનુમાન મંદિરના પટાંગણમા રવિવારથી તા. ૨૧/૧૦/૨૦૨૬ સુધી ભવ્ય પ્રાચીન ગરબા - નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મંદિર પટાંગણમાં રંગીલા હનુમાન મંદિર, નવગ્રહ મંદિર, રામજી મંદિર અને શિવજી મંદિર આવેલા છે.

આ વર્ષે નવરાત્રી દરમિયાન શહેરમાં સૌપ્રથમ વખત રંગીલા હનુમાન મંદિર પટાંગણમાં આબેહૂબ દ્વારિકા મંદિર બનાવવામાં આવ્યું છે આ દિવ્ય અવસરે દર્શનનો લાભ લેવા માટે સંસ્થાના હોદ્દેદારો અને ટ્રસ્ટીઓ દ્વારા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ આયોજન અંગે સંસ્થાના સલાહકાર સમિતિના અધ્યક્ષ પ્રવિણ એમ. પેઢડિયા (એડવોકેટ એ એન્ડ નોટરી), પ્રમુખ ગલાભાઈ બાંભવા, ઉપપ્રમુખ રમેશભાઈ બવા, મંત્રી દામજીભાઈ પેઢડિયા અને ખજાનચી કિશોરભાઈ વઘાસીયાએ અબતક કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી હતી આ ઉપરાંત ટ્રસ્ટીઓ રમેશભાઈ હરસોડા, અનકુભાઈ બસીયા, શૈલેષભાઈ હરસોડા, શંભુભાઈ ખૂંટ,અરવિંદભાઈ વણાપરીયા, તુલસીભાઈ નસીત તથા પૂજારી ગીરધારી બાપુએ પણ ધાર્મિક મહોત્સવમાં જોડાવા અપીલ કરી છે.

# ઝેપોલી ફૂડ અને પટેલ ફેમીલી રેસ્ટોરન્ટમાંથી ખાદ્ય સામગ્રીના નમુના લેવાયા



**ખાણી-પીણીની ૩૯ દુકાનોમાં ચેકિંગ, એક પણ સ્થળેથી વાસી ખોરાક ન મળ્યો**

**અબતક, રાજકોટ**

રાજકોટના વેપારીઓ જાણે સુધરી ગયા હોય તેવું લાગી રહ્યું છે. કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગની ટીમ દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં ખાણી-પીણીની ૩૯ પેઢીઓમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આશ્ચર્યજનક રીતે એક પણ સ્થળેથી વાસી ખોરાક પકડાયો ન હતો. અલગ અલગ ત્રણ સ્થળેથી ખાદ્ય સામગ્રીના નમુના લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત અનુસાર શહેરના કોઠારિયા મેઈન રોડ પર નિલકંઠ સિનેમા બિલ્ડીંગ પાસે મેહુલ નગર શેરી નં. ૨ ના કોર્નર પર આવેલા ઝેપોલી ફૂડ સ્ટોરમાંથી પંજાબી પફનો નમુનો લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો છે. આ ઉપરાંત હરીધવા રોડ પર નંદાહોલની પાસે સુભાષનગર કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના સર્વે નં. ૩૦૪, પ્લોટ નં. ૧૧/૩માં આવેલા શ્રી પટેલ ફેમેલી રેસ્ટોરન્ટમાંથી લુઝ લાલ મરચા પાવડર અને પ્રીપેઈડ ફૂડ લુઝ પંજાબી ગ્રેવીનો નમુનો લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત જંકશન મેઈન રોડ, ગોંડલ રોડ, રાજનગર ચોક, માલવિયા કોલેજ રોડ સહિતના વિસ્તારોમાં ખાણી-પીણીની ૩૯ દુકાનોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

# જીએચપી ગ્રુપ દ્વારા કાલે સુથાર સમાજના ગજ્જર રાસોત્સવ



તસ્વીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

રાજકોટના સુથાર સમાજના યુવાઓની સંસ્થા જીએયુપી ગ્રુપ ગુર્જર સુથાર હિતેચ્છુ પરિવાર દ્વારા સમસ્ત સુથાર સમાજ માટે નિશુલ્ક ૧૧ માં વેલકમ નવરાત્રીનું ઝાઝરમાન આયોજન તારીખ ૧૦/૧૦/૨૬ શનિવાર સાંજે ૬ થી ૧૧ રામાયણી ડાંડિયારાસ ગ્રાઉન્ડ નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર રાજકીંગ પાર્ટી પ્લોટ ની બાજુમાં ટીલાળા ચોક રાજકોટ ખાતે વોટર પ્રુફ ડોમમાં ૪,૦૦૦ ખેલૈયાઓ રમી શકે અને હજારથી વધારે જ્ઞાતિજનો નિહાળી શકે તેવી વ્યવસ્થા કરેલ છે

૧,૦૦,૦૦૦ વોટની સાઉન્ડ સિસ્ટમ જાકમજોડ લાઈટિંગ લેઝર લાઈટિંગ અનુભવી સુવિખ્યાત સિંગરો અને નામાંકિત ઓરકેસ્ટ્રા સાથે લોકો મન મૂકીને નાચશે.

ગજ્જર રાસોત્સવમાં સુથાર જ્ઞાતિની નાની બાળાઓના હસ્તે આરતી કરીને ડાંડિયારાસનો પ્રારંભ થશે. રાજકીય આગેવાનો સરકારી અમલદારો જ્ઞાતિના અગ્રણી ઉધોગપતિઓ સામાજિક આગેવાનો તેમજ સુથાર સમાજના સમગ્ર જ્ઞાતિજનો હાજર રહેશે. નામાંકિત નિર્ણાયકો દ્વારા સિલેકશન કરવામાં આવશે અને ખેલૈયાઓને લાખીણા ઈનામો પણ અપાશે.

# શક્તિ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ તથા શક્તિ વુમન કલબના સંયુક્ત દ્વારા સમૂહ લગ્ન યોજાશે: ફોર્મ વિતરણ શરૂ

## ૨૭ ડિસેમ્બરે ૧૧ દીકરીઓ પ્રભુતામાં પગલાં: અબતકની શુભેચ્છા મુલાકાતમાં શક્તિ વુમન કલબના સભ્યોએ આપી માહિતી



**અબતક રાજકોટ**

શકિત એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત ૨ શક્તિ વુમન કલબ તથા શક્તિ વુમન કલબના સંયુક્ત ઉપક્રમે પ્રથમવાર કેન્સર વોરિયર્સ મહિલાઓના માર્ગદર્શન હેઠળ મા-બાપ વિનાની અને જરૂરિયાતમંદ ૧૧ દીકરીઓનાં સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહલગ્ન આગામી તા. ૨૭ ડિસેમ્બર, ૨૦૨૬, રવિવારના રોજ રાજકોટ ખાતે યોજાશે.સમાજની જરૂરિયાતમંદ દીકરીઓને લગ્નજીવનની નવી શરૂઆતમાં સહયોગ મળી રહે અને મા-બાપ વિનાની દીકરીઓને સામાજિક સહારો મળે તેવા હેતુથી આ સેવાકીય આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ સમૂહલગ્નમાં જોડાવા ઈચ્છુક મા-બાપ વિનાની અને જરૂરિયાતમંદ દીકરીઓ માટે સંસ્થા દ્વારા નિઃશુલ્ક ફોર્મની વ્યવસ્થા કરવામાં આવી છે.સમૂહલગ્નમાં કુલ ૧૧ દીકરીઓને સ્થાન આપવામાં આવશે અને પસંદગી વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવનાર હોવાથી લાયક દીકરીઓએ તાત્કાલિક ફોર્મ મેળવીને ભરવા અનુરોધ કરવામાં આવ્યો છે. દીકરીઓ માટેનાં ફોર્મ રાજકોટના રૈયા રોડ પર હનુમાનમઢી ચોકથી આગળ, ન્યુએરા સ્કૂલ સામે, મહાવીર સ્ટોરની બાજુમાં આવેલા સદગુરૂ કોમ્પલેક્ષ સ્થિત 'સહયોગ' ખાતેથી મેળવી શકાશે. વધુ માહિતી માટે ૭૫૭૫૦ ૮૫૧૮૭, ૯૯૨૫૭ ૬૧૮૨૨ અને ૯૭૨૭૨ ૦૨૪૦૭ નંબર પર સંપર્ક કરી શકાશે.

# ગોસ્વામી સમાજ દ્વારા રાસ-ગરબાની રમઝટ સાથે શરદોત્સવ ઉજવાશે



## જસાણી સ્કૂલના મેદાનમાં ૧૨૦૦ જેટલા ખેલૈયાઓ ઝૂમશે; મહાઆરતી, સમૂહ જ્ઞાતિ ભોજન અને વિવિધ કેટેગરીમાં ઈનામોનું આયોજન

**અબતક રાજકોટ**

દશનામ ગોસ્વામી જાગૃતિ મંડળ સેવા સમાજ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા સમસ્ત ગોસ્વામી સમાજ માટે આગામી તા. ૨૨ ઓક્ટોબર, ગુરુવારના રોજ ભવ્ય એક દિવસીય શરદોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગોંડલ રોડ પર પી.ડી. માલવિયા કોલેજ સામે આવેલા જસાણી સ્કૂલના મેદાનમાં સાંજે ૭થી રાત્રે ૧૧:૩૦ વાગ્યા સુધી યોજાનારા આ શરદોત્સવમાં માત્ર ગોસ્વામી સમાજના ભાઈઓ-બહેનો ભાગ લઈ શકશે.

ભારતીય સંસ્કૃતિને અનુરૂપ અને સંપૂર્ણ પારિવારિક માહોલમાં યોજાનારા આ કાર્યક્રમની શરૂઆત ભારતમાતા, ભગવાન ભોળાનાથ અને માતાજીની સમક્ષ દીપપ્રાગટ્યથી કરવામાં આવશે. ત્યારબાદ મહાઆરતી અને વંદે માતરમ્ ગાન સાથે શરદોત્સવનો પ્રારંભ થશે. આ ઉત્સવમાં અંદાજે ૧૨૦૦ જેટલા ખેલૈયાઓ સંગીતના તાલે રાસ-ગરબાની રમઝટ બોલાવી ઉત્સવનો આનંદ માણશે. ખેલૈયાઓ માટે વિશાળ મેદાનમાં બે સ્તરમાં કાર્પેટ પાથરવા તેમજ સ્ક્રીનની વ્યવસ્થા કરવામાં આવી છે. ભવ્ય સાઉન્ડ સિસ્ટમ સાથે યોજાનારા આ કાર્યક્રમમાં વિવિધ કેટેગરીમાં વિજેતાઓને પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવશે.આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા દશનામ ગોસ્વામી જાગૃતિ મંડળના અધ્યક્ષ પ્રફુલગિરી ત્રિભુવનગીરી, ઉપાધ્યક્ષ જ્યોતિષગીરી રામગીરી તથા ગૌતમગીરી યમનગીરી, પ્રમુખ પ્રવીણભારથી ધરમભારથી, મહામંત્રી ભુપતપુરી મહાદેવપુરી, ઉપપ્રમુખો દીપકગીરી બાબુગિરી, સહિતના હોદ્દેદારો જહેમત ઉઠાવી રહ્યા છે.

શરદોત્સવના પાસ ટોકન દરે ઓમ વિદ્યાલય શૈક્ષણિક સંકુલ, ઓમ સ્ટુડિયો, શિવ પાન, રોયલ સ્પોર્ટ્સવેર, મહિલા કોલેજ ચોક ખાતે સુરેશગીરી શાંતિગિરી તેમજ ભક્તિનગર સ્ટેશન પ્લોટ ખાતે આવેલા રુદ્રાક્ષ પ્રિન્ટર્સ પરથી મેળવી શકાશે.

# ૨૨૮ વેપારીઓ પાસેથી પ્રતિબંધિત પ્લાસ્ટિક પકડાયું

## ૩૦ કિલો પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરી એક લાખથી વધુનો દંડ વસુલ કરાયો



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા તારીખ ૦૬/૧૦/૨૦૨૬ થી ૦૮/૧૦/૨૦૨૬ ના રોજ ત્રણેય ઝોનમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત તથા ગંદકી કરતા આસામી સામે દંડની કાર્યવાહી હાથ ધરાઈ જેમાં કુલ ૨૨૮ આસામીઓ પાસેથી રૂ ૧,૦૦,૮૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરેલ. રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક વપરાશ તથા વેચાણ અને ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી ૩૦.૨ કિગ્રા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત તથા ગંદકી કરતા કુલ ૨૨૮ આસામીઓ પાસેથી રૂ ૧,૦૦,૮૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્પેકટર/ સેનેટરી સબ ઈન્પેકટર દ્વારા કરવામાં આવેલ.

# સદ્‌ગુરૂ સદન ટ્રસ્ટ દ્વારા રવિવારે રામ ચરિત માનસજીનાં નવાહ પાઠનું મંગલ આયોજન

**અબતક, રાજકોટ**

સદ્‌ગુરૂ સદન ટ્રસ્ટ ખાતે પરમ કૃપાળુ પરમાત્મા રામચંદ્ર ભગવાન સ્વરૂપ પ.પુ.સદ્‌ગુરૂદેવ ભગવાન રણછોડદાસજીબાપુની અસીમ કૃપાથી તથા પ્રેરણાથી આસો સુદ-૧થી આસો સુદ-૯ સુધી તા.૧૧/૧૦/૨૦૨૬, રવિવારથી તા.૧૯/૧૦/૨૦૨૬, સોમવાર સુધી રામ ચરિત માનસજીનાં નવાહ પાઠનું ભવ્ય આયોજન નીજ મંદિર હોલ, સદ્‌ગુરૂ આશ્રમ ખાતે કરવામાં આવેલ છે. વ્યાસપીઠ ઉપર સુવિખ્યાત, વિદ્વાન શાસ્ત્રી, રામાયણી ચિત્રકુટ ધામ વાળા પ્રભુદાસજી અગ્નિહોત્રી વ્યાસજી તેમની સુમધુર વાણી સાથે શ્રી રામાયણજીનાં નવાહ પાઠનું સંગીતમયી શૈલીમાં રસપાન કરાવશે.

# પ્રથમવાર લોહાણા મહાપરિષદના ઉપક્રમે કાલે વેલકમ નવરાત્રી રાસોત્સવ

## ૭૦ હજાર પરિવારોને લોહાણા કનેકટ એપ સાથે જોડાવા સતિષભાઈ વિઠ્ઠલાણીનું આહવાન

**અબતક, રાજકોટ**

લોહાણા મહાપરિષદ - સૌરાષ્ટ્ર ઝોન-૧ દ્વારા સમાજમાં એકતા, પારિવારિક જોડાણ અને સાંસ્કૃતિક પરંપરાને ઉજાગર કરવાના હેતુથી નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું આયોજન ૧૦ ઓક્ટોબર, ૨૦૨૬ના શનિવારે રાત્રે ૯:૦૦થી ૧૨:૦૦ કલાક દરમિયાન અકિલા રઘુવંશી બીટ્સ ગ્રાઉન્ડ, સાધુ વાસવાણી રોડ, રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં સમાજના સભ્યો પરિવાર સાથે પરંપરાગત ગરબાની રમઝટ સાથે નવરાત્રીની ઉજવણીનો આનંદ માણી શકશે. કાર્યક્રમ માટે પાસ દીઠ માત્ર ₹૧૦૦ રાખવામાં આવ્યા છે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા ઝોનલ પ્રમુખ રામભાઈ બરછા અને ઝોન પ્રભારી મિતેશભાઈ રૂપારેલીયાની આગેવાની હેઠળ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

રાજકોટમાં વસતા ૭૦ હજાર પરિવારજનોને લોહાણા કનેકટ એપ ડાઉનલોડ કરી એક મંચ પર જોડાવા આહવાન કરવામાં આવે છે. આ મહોત્સવના પાસ માટે ઝોનલ સેક્રેટરી અજયભાઈ સંઘાણી, મો. ૯૬૦૧૨ ૭૫૭૭૩ નો સંપર્ક કરવા ઝોનલ ઉપપ્રમુખ અમિત માણેક અને ડિસ્ટ્રિક્ટ યુથ પ્રેસિડેન્ટ કલ્પેશભાઈ બગડાઈની યાદીમાં જણાવ્યું છે.

# ૧૯ હવાઈ સૈનિકોથી આધુનિક ફાઈટર જેટ સુધી: ભારતીય વાયુસેનાની ૯૪ વર્ષની ગૌરવગાથા

## ૮ ઓક્ટોબર ૧૯૩૨ના રોજ માત્ર ૪ વિમાનો અને ૧૯ 'હવાઈ સિપાઈ' સાથે શરૂ થયેલું દળ આજે રાફેલ, સુખોઈ અને તેજસ જેવા આધુનિક લડાકુ વિમાનોથી સજ્જ





**અબતક, રાજકોટ**

ભારતીય વાયુસેનાએ કાલે સ્થાપનાનાં ૯૪ વર્ષ પૂર્ણ કર્યાં. ૧૯૩૨ માં બ્રિટિશ શાસન દરમિયાન સ્થપાયેલી વાયુસેનાની શરૂઆત માત્ર ૧૯ હવાઈ સિપાઈ, ૭ અધિકારીઓ અને ચાર વિમાનો સાથે થઈ હતી. આજે આ જ દળ રાફેલ, સુખોઈ-૩૦એમકેઆઈ અને સ્વદેશી તેજસ જેવા આધુનિક લડાકુ વિમાનો સાથે દેશની હવાઈ સુરક્ષાની મહત્ત્વપૂર્ણ જવાબદારી નિભાવે છે. નાનકડા હવાઈ દળથી આધુનિક યુદ્ધક્ષમતા ધરાવતી વાયુસેના સુધીની આ સફર ભારતની સંરક્ષણ ક્ષમતામાં આવેલા મોટા પરિવર્તનને દર્શાવે છે.ભારતીય વાયુસેનાની સ્થાપના ૮ ઑક્ટોબર, ૧૯૩૨ ના રોજ થઈ હતી. જોકે, તેની પ્રથમ કાર્યરત ટુકડીએ ૧ એપ્રિલ, ૧૯૩૩ ના રોજ કરાચીના ડ્રિઘ રોડ એરફિલ્ડ પરથી ઉડાન ભરી હતી. શરૂઆતમાં વાપિટી વિમાનોનો ઉપયોગ થતો હતો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન વાયુસેનાની કામગીરી વધી અને નવા વિમાનો પણ સામેલ કરવામાં આવ્યાં.વર્ષ ૧૯૪૭ માં ભારત આઝાદ થયું ત્યારે દેશના વિભાજનને કારણે વાયુસેનાનાં સાધનોની પણ વહેંચણી થઈ હતી. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ ભારત પ્રજાસત્તાક બન્યું ત્યારે વાયુસેનાના નામમાંથી 'રોયલ' શબ્દ દૂર કરવામાં આવ્યો. ત્યારબાદ મિગ-૨૧, જગુઆર અને મિરાજ-૨૦૦૦ જેવાં આધુનિક વિમાનો વાયુસેનામાં જોડાયાં અને તેની તાકાત વધી.

વર્ષ ૧૯૬૫ અને ૧૯૭૧ માં પાકિસ્તાન સામેના યુદ્ધમાં ભારતીય વાયુસેનાએ મહત્ત્વપૂર્ણ કામગીરી કરી હતી. વર્ષ ૧૯૯૯ માં કારગિલ યુદ્ધ દરમિયાન પણ વાયુસેનાએ 'ઑપરેશન સફેદ સાગર' હેઠળ હવાઈ હુમલા કર્યા હતા. આ કામગીરીથી મુશ્કેલ પર્વતીય વિસ્તારોમાં પણ દુશ્મનનાં ઠેકાણાં પર હુમલો કરવાની વાયુસેનાની ક્ષમતા સામે આવી હતી.

ભારત હવે પોતાનાં લડાકુ વિમાનો બનાવવા પર પણ ભાર મૂકી રહ્યું છે. સ્વદેશી તેજસ વિમાન આ દિશામાં મહત્ત્વનું પગલું છે. સપ્ટેમ્બર ૨૦૨૫ માં ૯૭ તેજસ એમકે૧એ વિમાનો ખરીદવા માટે રૂપિયા ૬૨,૩૭૦ કરોડનો કરાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ભારત પાંચમી પેઢીના લડાકુ વિમાન એએમસીએ વિકસાવવા માટે પણ કામ કરી રહ્યું છે.આજે ભારતીય વાયુસેના પાસે રાફેલ, સુખોઈ-૩૦એમકેએલ, મિરાજ-૨૦૦૦ અને તેજસ જેવાં લડાકુ વિમાનો છે. આ ઉપરાંત, સૈનિકો અને સામાનને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડવા માટે પરિવહન વિમાનો તથા હેલિકોપ્ટરનો ઉપયોગ થાય છે. ડ્રોન, રડાર અને મિસાઈલ જેવી આધુનિક ટેક્નોલોજી પણ દેશની હવાઈ સુરક્ષાને વધુ મજબૂત બનાવે છે.

વાયુસેનાનું કામ માત્ર યુદ્ધ લડવાનું નથી. પૂર, ભૂકંપ અને અન્ય કુદરતી આફતો વખતે રાહત સામગ્રી પહોંચાડવી, ફસાયેલા લોકોને બચાવવા અને મુશ્કેલ વિસ્તારોમાં મદદ પહોંચાડવાની કામગીરી પણ વાયુસેના કરે છે. આમ, દેશની સુરક્ષા સાથે નાગરિકોની મદદમાં પણ તેનું મહત્ત્વનું યોગદાન છે.

૧૯ હવાઈ સિપાઈ અને ચાર વિમાનો સાથે શરૂ થયેલી ભારતીય વાયુસેના આજે આધુનિક લડાકુ વિમાનો, નવી ટેક્નોલોજી અને સ્વદેશી સંરક્ષણ સાધનો સાથે આગળ વધી રહી છે. આવનારા સમયમાં સ્વદેશી વિમાનોનું ઉત્પાદન વધારવું અને નવી ટેક્નોલોજી અપનાવવી વાયુસેના માટે મહત્ત્વપૂર્ણ રહેશે.

### ઑપરેશન સિંદૂરમાં વાયુસેનાની ભૂમિકા

મે ૨૦૨૫ માં પહેલગામ આતંકી હુમલા બાદ ભારતે 'ઑપરેશન સિંદૂર' શરૂ કર્યું હતું. આ કાર્યવાહી દરમિયાન ભારતીય વાયુસેનાની ભૂમિકા માત્ર લડાકુ વિમાનો દ્વારા હુમલો કરવા પૂરતી મર્યાદિત નહોતી. રડાર, મિસાઈલ, ડ્રોન, ઈલેક્ટ્રોનિક વોરફેર અને કમાન્ડ સેન્ટરો વચ્ચે સંકલન પણ મહત્ત્વનું બન્યું હતું. ભારતીય સરકારના અહેવાલ મુજબ, ઈન્ટિગ્રેટેડ એર કમાન્ડ એન્ડ કંટ્રોલ સિસ્ટમએ આર્મીની આકાશતીર અને નૌકાદળની ત્રિગુણ પ્રણાલીઓ સાથે મળીને કામગીરી દરમિયાન વાસ્તવિક સમયની સંકલિત માહિતી ઉપલબ્ધ કરાવવામાં ભૂમિકા ભજવી હતી.

## પોરબંદરમાં ''બ્લુ ઈકોનોમી'' ધમધમશે

# દરિયામાંથી ખાતર, કોસ્મેટિક, ન્યૂટ્રિશન જેવા ઉત્પાદનો વિકસાવવા ૧૦૦ કરોડના ખર્ચે મરીન બાયોટેક બનશે

## મોચા ગામે 30 એકરમાં રિસર્ચ અને ઈન્ડસ્ટ્રિયલ હબ સ્થાપાશે; સમુદ્રી સેવાળ અને જૈવિક સંપત્તિમાંથી ઉચ્ચ મૂલ્યના ઉત્પાદનો બનશે તેમજ સ્થાનિક યુવાનોને રોજગારી-તાલીમ મળશે



**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારે રાજ્યની દરિયાઈ જૈવિક સંપત્તિનો મહત્તમ સદુપયોગ કરી બ્લુ બાયો-ઈકોનોમીને મજબૂત કરવાના હેતુથી પોરબંદર જિલ્લાના મોચા ગામે ૧૦૦ કરોડના ખર્ચે મરીન બાયોટેકનોલોજી રિસર્ચ એન્ડ ઈનોવેશન કોરિડોર સ્થાપવાની મહત્ત્વકાંક્ષી યોજના તૈયાર કરી છે. આ પ્રોજેક્ટના અમલીકરણ માટે ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન અને ભાવનગર સ્થિત - સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ વચ્ચે સમજૂતી કરાર કરવામાં આવશે.

આ સમગ્ર પ્રોજેક્ટ મોચા ગામે 30 એકર જમીન પર સાકાર થશે. જેમાં ૧૦ એકર વિસ્તાર વૈજ્ઞાનિક સંશોધન, ઈનોવેશન, તાલીમ અને મરીન ઓપરેશન્સ માટે રિસર્ચ કેમ્પસ તરીકે વિકસાવાશે, જ્યારે બાકીના ૨૦ એકરમાં પાયલટ-સ્કેલ પ્રોસેસિંગ, મેન્યુફેક્ચરિંગ, વેરહાઉસિંગ, લોજિસ્ટિક્સ અને ક્વોલિટી કંટ્રોલ જેવી સુવિધાઓ સાથેનું ઈન્ડસ્ટ્રિયલ ઈકોસિસ્ટમ ઊભું કરવામાં આવશે. આ કેન્દ્રમાં સમુદ્રી સેવાળ , સૂક્ષ્મ શેવાળ અને ખારા પાણીના સુક્ષ્મજીવોનો ઉપયોગ કરીને બાયો-ફર્ટિલાઈઝર્સ, બાયો-સ્ટિમ્યુલન્ટ્સ, ન્યૂટ્રાસ્યુટિકલ્સ, કોસ્મેટિક્સ, પ્રાણીઓ તથા જળચર જીવો માટેનો આહાર , એન્ઝાઈમ્સ, દવાઓ માટેના મધ્યવર્તી તત્ત્વો તેમજ વિવિધ બાયોમટીરિયલ્સનું ઉત્પાદન કરવામાં આવશે. આ ઉપરાંત, સમુદ્રી સેવાળમાંથી અગર, અલ્જીનેટ અને કારાજીનન જેવા મૂલ્યવર્ધિત ઘટકો મેળવવા માટે કાચા માલના સંચાલન, પ્રોસેસિંગ, અર્ક કાઢવા, પાઉડર બનાવવા અને પેકેજિંગ સહિતની અદ્યતન સુવિધાઓ ધરાવતું એક ડેડિકેટેડ સીવીડ-પ્રોસેસિંગ ક્લસ્ટર પણ તૈયાર કરવામાં આવશે. ભવિષ્યમાં આ કોરિડોરનું નેટવર્ક સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતના દરિયાકાંઠે વિસ્તારાશે.આ પ્રોજેક્ટથી દરિયાકાંઠાના વિસ્તારોમાં રોજગારીની નવી તકો પણ ઊભી થશે. પ્રથમ પાંચ વર્ષ દરમિયાન સાગરખેડૂતો, યુવાનો, મહિલા જૂથો, સ્ટાર્ટઅપ્સ અને વિદ્યાર્થીઓ સહિત આશરે ૧,૦૦૦ થી ૧,૫૦૦ લોકોને આ ક્ષેત્રે ખાસ તાલીમ આપીને આત્મનિર્ભર બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

# મીડ ટર્મ પહેલા અમેરિકનોનો વિશ્વાસ મેળવવા આઈટીના લાખો કર્મચારીઓને લાલબત્તી

## ટ્રમ્પ પ્રશાસને ટીસીએસ, ઈન્ફોસિસ સહિત આઠ અગ્રણી કંપનીઓને ગ્રીન કાર્ડની પર્મ પ્રક્રિયામાંથી કરી સસ્પેન્ડ; હજારો ભારતીય ટેકનિકલ કર્મચારીઓની ચિંતા વધી

**અબતક,વોશિંગ્ટન**

અમેરિકામાં યોજાનારી મધ્યસત્ર ચૂંટણીઓ પહેલાં સ્થાનિક મતદારોનો વિશ્વાસ જીતવા અને અમેરિકા પ્રથમની નીતિને વેગ આપવા માટે ટ્રમ્પ વહીવટીતંત્રે મોટું પગલું ભર્યું છે. અમેરિકી શ્રમ મંત્રાલયે વિદેશી કર્મચારીઓને કાયમી વસવાટ એટલે કે ગ્રીન કાર્ડ અપાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી કાયમી શ્રમ પ્રમાણપત્ર પ્રક્રિયામાંથી ભારત સાથે સંકળાયેલી આઠ મોટી ટેકનોલોજી કંપનીઓને તાત્કાલિક અસરથી બાકાત કરી દીધી છે. આ કડક નિર્ણયના કારણે લાંબા સમયથી કાયમી વસવાટની આશા રાખીને બેઠેલા હજારો ભારતીય આઈટી કર્મચારીઓ સામે મોટો પ્રશ્નાર્થ ઊભો થયો છે.

અમેરિકાના શ્રમ સચિવ કીથ સોન્ડરલિંગે ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સની હાજરીમાં જાહેરાત કરતા જણાવ્યું હતું કે, કોગ્નિઝન્ટ, ઈન્ફોસિસ, ટીસીએસ, વિપ્રો, એચસીએલ, કેપજેમિની તેમજ માઈક્રોસોફ્ટ અને એડોબ જેવી કંપનીઓ સ્થાનિક અમેરિકનોની રોજગારી છીનવી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૦૯ પછી આ આઠ કંપનીઓએ અંદાજે ૩૦ લાખ વિદેશી કામદારોની માંગણી કરી હતી અને બે લાખ ત્રીસ હજારથી વધુ એચ વન બી વિઝા મેળવ્યા હતા, જેના કારણે અમેરિકી કામદારોને વ્યાપક નુકસાન થયું છે. હવે શ્રમ મંત્રાલય આ કંપનીઓ તરફથી આવતી કોઈ પણ નવી કે પેન્ડિંગ પડેલી કાયમી મંજૂરી અરજીઓ સ્વીકારશે નહીં કે આગળ વધારશે નહીં.

ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે ભારપૂર્વક કહ્યું હતું કે, અમેરિકન કંપનીઓએ પ્રથમ પ્રાથમિકતા દેશના સ્થાનિક નાગરિકોને જ આપવી પડશે. આ ઉપરાંત હાર્વર્ડ, યેલ અને સ્ટેનફોર્ડ સહિત નવ મોટી અમેરિકન યુનિવર્સિટીઓ સામે પણ તપાસના આદેશ અપાયા છે, જેથી જાણી શકાય કે તેઓ ઓછા વેતનવાળા વિદેશી છાત્રો કે કામદારોનો ગેરલાભ લઈ રહ્યા છે કે નહીં.

આ પ્રતિબંધથી હાલના એચ વન બી વિઝા સીધા રદ થતા નથી, પરંતુ તે કામચલાઉ વિઝામાંથી કાયમી નાગરિકત્વ મેળવવાનો માર્ગ સંપૂર્ણપણે અવરોધાઈ જશે. ખાસ કરીને જે કર્મચારીઓ તેમના વિઝાની છ વર્ષની અંતિમ મર્યાદા નજીક પહોંચી ગયા છે, તેમની મુદત લંબાવવા સામે કાયદાકીય અડચણો ઊભી થવાની ભીતિ છે, જેને લીધે સમગ્ર આઈટી ક્ષેત્રમાં ભારે ચિંતા પ્રસરી ગઈ છે.

# ઈટાલીમાં શ્રમ શોષણનો ભોગ બનનાર ભારતીય કામદારોને રૂ.૩૫૦ કરોડનું વળતર ચૂકવાશે

## યુરોપના સૌથી મોટા શ્રમ શોષણ કેસમાં ભારતીયો સહિત ૪૮૦ કામદારોને ન્યાય મળ્યો : ગેરકાયદેસર કપાત, ઓછો પગાર અને ઓવરટાઈમ ન આપવા બદલ અમેરિકન કન્સ્ટ્રક્શન કંપની વળતર આપશે

**અબતક, નવી દિલ્હી**

ઈટાલીના મિલાન શહેરમાં નિર્માણાધીન નવા અમેરિકન કોન્સ્યુલેટના પ્રોજેક્ટમાં શ્રમ શોષણનો ભોગ બનેલા સેંકડો કામદારોને ન્યાય મળ્યો છે. એક ઐતિહાસિક સેટલમેન્ટ હેઠળ શ્રમિકોને ૩૧ મિલિયન યુરો એટલે કે અંદાજે ૩૫૦ કરોડ રૂપિયા નું જંગી વળતર ચૂકવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ શોષણનો ભોગ બનનારાઓમાં મોટાભાગના ભારતીય કામદારો છે. યુરોપમાં શ્રમ શોષણ મામલે આ અત્યાર સુધીનું સૌથી મોટું વળતર સેટલમેન્ટ માનવામાં આવે છે. આ અંતર્ગત કામદારોને સરેરાશ ૪૫,૦૦૦ યુરો મળશે, જેના માટે એગ્રીમેન્ટ સાઈન કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને આગામી દિવસોમાં તમામ ઔપચારિકતાઓ પૂરી કરી વળતર અપાશે.

આ નિર્માણ સાઈટ પર કામ કરતા શ્રમિકોનું મોટા પાયે આર્થિક અને શારીરિક શોષણ થતું હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. કામદારોને કલાકના બે ડોલર કરતા પણ ઓછું વેતન આપવામાં આવતું હતું અને તેમની પાસે દિવસના ૧૦ કલાક તેમજ અઠવાડિયાના ૬ દિવસ મજૂરી કરાવવામાં આવતી હતી. એટલું જ નહીં, રહેઠાણ માટે તેમના પગારમાંથી ગેરકાયદેસર રીતે પૈસા કાપી લેવામાં આવતા હતા. કામદારોને ઓવરટાઈમના કોઈ નાણાં ચૂકવાતા ન હતા. કામના સ્થળે ઈજા થાય તો યોગ્ય મેડિકલ સુવિધા પણ પૂરી પાડવામાં આવતી ન હતી અને ધમકીઓ આપીને બળજબરીથી કામ કઢાવવામાં આવતું હતું.

આ સેટલમેન્ટ હેઠળ કુલ ૪૮૦ જેટલા કામદારોને વળતર મળવાની સંભાવના છે. જેમાંથી ૩૦૦ જેટલા લોકો હજુ પણ આ સાઈટ પર કામ કરી રહ્યા છે, જ્યારે ૧૦૦ અન્ય સ્થળે કામ કરે છે અને બાકીના કેટલાક પોતાના દેશ પરત ફરી ચૂક્યા છે. દરેક કામદારને સરેરાશ ૪૫,૦૦૦ યુરો મળશે, જ્યારે સૌથી વધુ વળતર ૯૦,૦૦૦ યુરો સુધી પહોંચી શકે છે. આ વળતરની રકમમાં ન ચૂકવાયેલ ઓવરટાઈમ, ગેરકાયદે કપાત થયેલ આવાસ ખર્ચ અને અન્ય નુકસાનીના વળતરનો સમાવેશ થાય છે. કેટલાક ભારતીય કામદારોએ દાવો કર્યો હતો કે તેઓએ આ નોકરી મેળવવા માટે રિક્રુટર્સને ૫૦૦૦ યુરો પણ ચૂકવ્યા હતા.વળતરની રકમ ઉપરાંત આ કામદારોના સુરક્ષિત ભવિષ્યની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રમિકોને ઈટાલીમાં અન્ય પ્રોજેક્ટ્સ પર કામ કરવા માટે વિશેષ વર્ક પરમિટ પણ આપવામાં આવશે. સેટલમેન્ટના ભાગરૂપે ઈટાલીની સામાજિક સુરક્ષા અને કાર્યસ્થળની ઈજાના વીમા માટે પણ કંપની દ્વારા ૧૧.૨ મિલિયન યુરો ચૂકવાશે. આ મોટા કૌભાંડમાં ભારતીય ઉપરાંત નાઈજીરિયા, કેન્યા અને બાંગ્લાદેશના કામદારો પણ ભોગ બન્યા હતા. અમેરિકન સરકાર અને સંબંધિત સત્તાવાળાઓએ આ સમગ્ર મામલાની ગંભીર નોંધ લીધી છે અને ભવિષ્યમાં કામદારોના સન્માન અને સુરક્ષા માટે કડક કાયદાકીય પાલન કરાવવાની ખાતરી આપી છે.

## જુના મડદા ઉખેડાતાં જ્ઞાનેશ કુમારનું જોખમ વધશે?

# મુખ્ય ચૂંટણી કમિશનરને ૨૦ વર્ષ જૂનો કેરળનો પદભાર અભડાવી દેશે!

## જ્ઞાનેશ કુમાર કેરળમાં લોકનિર્માણ વિભાગના સચિવ હતા ત્યારના ૨૦ વર્ષ જૂના કેટીએસપી પ્રોજેક્ટના ભ્રષ્ટાચાર અને મલેશિયન એન્જિનિયર આત્મહત્યા કેસમાં વિજિલન્સ તપાસ શરૂ




**અબતક, રાજકોટ**

દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ મતદાતા યાદીના વિશેષ સઘન સુધારણાને લઈને વિપક્ષોનો વિરોધ તેજ થઈ રહ્યો છે, ત્યારે ૨૦ વર્ષ જૂનો ભ્રષ્ટાચારનો એક કેસ ફરી ઉખેડાતાં તેમની મુશ્કેલીઓમાં વધારો થયો છે. કેરળમાં કોંગ્રેસની આગેવાની હેઠળની સરકારે વર્લ્ડ બેંક ફંડેડ 'કેરળ સ્ટેટ ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ' માં થયેલા કથિત ભ્રષ્ટાચાર અને ૨૦૦૬ માં એક મલેશિયન એન્જિનિયરની આત્મહત્યાના મામલે વિજિલન્સ તપાસના આદેશ આપ્યા છે. જ્ઞાનેશ કુમાર કેરળ કેડરના પૂર્વ આઈએએસ અધિકારી છે અને તે સમયે તેઓ રાજ્યના લોકનિર્માણ વિભાગના સચિવ તરીકે સેવા આપી રહ્યા હતા

આ મામલો વર્ષ ૨૦૦૬ નો છે, જ્યારે વર્લ્ડ બેંકની મદદથી ૧,૬૦૦ કિમીના સ્ટેટ હાઈવેના નિર્માણ અને અપગ્રેડેશન માટે ૧,૬૩૨ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ શરૂ કરાયો હતો. ભારત-મલેશિયાની જોઈન્ટ વેન્ચર કંપની પટીબેલને આમાંથી ૨૧૬ કરોડ રૂપિયાનો ૧૨૮ કિમી રોડ બનાવવાનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો. જાહેરાત મુજબ ૩૦ ટકા જમીન સંપાદન કર્યા વગર જ કોન્ટ્રાક્ટ આપી દેવાતા જમીન સંપાદનમાં વિલંબ થવાથી પ્રોજેક્ટનો ખર્ચ વધીને ૩,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો હતો. દરમિયાન પટીબેલ કંપનીના ૫૮ વર્ષીય મલેશિયન ચીફ પ્રોજેક્ટ મેનેજર લી સી બીને કામના ભારે દબાણ અને કથિત હેરાનગતિની ફરિયાદો કરી હતી.

૧૧ નવેમ્બર, ૨૦૦૬ ના રોજ મલેશિયાના કુઆલાલંપુર ખાતે એક પાર્કમાં લી સી બીનનો મૃતદેહ લોખંડના પુલ પર લટકતો મળી આવ્યો હતો. તેમની પાસેથી મળેલી બે આત્મહત્યા ચિઠ્ઠીઓમાંથી એકમાં તત્કાલીન લોકનીર્માણ વિભાગના સચિવ જ્ઞાનેશ કુમારનું નામ હોવાનો આરોપ છે. ચિઠ્ઠીમાં આરોપ લગાવાયો હતો કે લાંચ આપવાનો ઈનકાર કરાતા પીડબલ્યુડીના અધિકારીઓએ કંપનીના ૧૨ થી ૧૩ કરોડ રૂપિયાના બિલ વગર કોઈ યોગ્ય કારણોસર રોકી રાખ્યા હતા અને તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં આવતો હતો. આ ઘટના બાદ જ્ઞાનેશ કુમારને પીડબલ્યુડી સચિવ પદેથી હટાવી દેવાયા હતા અને વિજિલન્સ તપાસ શરૂ કરાઈ હતી, પરંતુ રાજકીય દબાણ હેઠળ આ તપાસ અધવચ્ચે જ બંધ કરી દેવાઈ હોવાનો દાવો કરાયો છે.તાજેતરમાં કોંગ્રેસ પ્રદેશ કારોબારી સમિતિના સભ્ય મલયિંકીઝુ વેણુગોપાલે જ્ઞાનેશ કુમારની ભૂમિકા અંગે ચોક્કસ તપાસ કરવા નવી ફરિયાદ નોંધાવી હતી. કેરળના ગૃહમંત્રી રમેશ ચેન્નીથલાએ આ વિષયને ગંભીર ગણાવીને વિજિલન્સ ડિરેક્ટરને આ કેસમાં કથિત બાહ્ય દબાણ અને ગેરરીતિઓની પુનઃ વિગતવાર તપાસ કરવાનો આદેશ આપ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે જ્ઞાનેશ કુમાર હાલ મુખ્ય ચૂંટણી કમિશનર જેવા બંધારણીય પદ પર છે તેનાથી તપાસ અટકશે નહીં, અને કાનૂની પાસાઓની ચકાસણી કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

બીજી તરફ, કેરળના મંત્રી કે. મુરલીધરને આ મુદ્દે રાજકીય રંગ આપવાનું ટાળતા જણાવ્યું હતું કે આ કાર્યવાહી મુખ્ય ચૂંટણી કમિશનર સામે નથી પરંતુ કેરળ પીડબલ્યુડીના પૂર્વ સચિવ સામે મળેલી ફરિયાદોના આધારે કરવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટમાં નેતાઓ, અમલદારો અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી વિલંબ કરાવીને ખર્ચ વધારવાનો કાવતરાનો આરોપ છે. હવે કેરળના ગૃહ વિભાગે ૨૦૦૬ ની પ્રાથમિક તપાસની તમામ ફાઈલો મંગાવી છે, જેનાથી વિજિલન્સ તપાસનો ધમધમાટ વધતા મુખ્ય ચૂંટણી કમિશનર માટે જૂના વિવાદો ફરીથી ચિંતાનો વિષય બન્યા છે.

સ્પોર્ટ્સ અબતક

# સેમસન-વૈભવની પસંદગીની દ્વિધા જારી: આજે ભારત-વિન્ડીઝ વચ્ચે બીજી ટી-૨૦

## સંજુ સેમસનના ફોર્મ અંગે ચિંતા, ભારત આજે વૈભવ અને અભિષેકની જોડીને ઉતારી શકે, સાંજે સાત વાગ્યાથી પ્રારંભ

**અબતક, રાજકોટ**

સંજુ સેમસનનું કંગાળ ફોર્મ ભારતીય બેટિંગ લાઇન અપ માટે એકમાત્ર નબળી કડી છે. આ બાબત ટીમ મેનેજમેન્ટને વેસ્ટ ઈન્ડિઝ સામેની બીજી ટીર૦ ક્રિકેટ મેચમાં યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીને ઓપનર અભિષેક શર્મા સાથે જોડી બનાવવા વિશે વિચારવા મજબૂર કરશે.આ મેચમાં વિજય હાંસલ કરીને ભારત પાંચ મેચની આ શ્રેણીમાં ર-૦થી સરસાઈ મેળવવા આતુર હશે. ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે આજે રાંચીમાં બીજી ટીર૦ રમાશે. જેનો સાંજે ૭.૦૦ કલાકે પ્રારંભ થશે. બની શકે છે કે કોચ ગૌતમ ગંભીર અને કેપ્ટન શ્રેયસ ઐયર ઓપનર તરીકે લીડ સંજુ સેમસનને ટકાવી રાખે તો પણ યજમાન ટીમ ચોક્કસપણે સેમસન પાસેથી વધુ સારા પ્રદર્શનની આશા રાખશે.



કેરળના આ બેટ્સમેનની છેલ્લી ચાર ઈનિંગ્સ ૯, ૭, ૨, ૧૧ની રહી છે. આમ તે ચારમાંથી એક જ વાર ડબલ ફિગર સુધી પહોંચી શક્યો છે. આ ઉપરાંત આ ચાર મેચમાં તે સાથી ઓપનર સાથે લાંબી ભાગીદારી પણ કરી શક્યો નથી અને દર વખતે ભારતીય ટીમે પ્રારંભમાં જ વિકેટ ગુમાવવાનો વારો આવ્યો છે.પરંતુ કેપ્ટન શ્રેયસ ઐયરના નેતૃત્વ હેઠળની ટીમે અંતે મેચમાં સફળતા હાંસલ કરીને સેમસનની આ નિષ્ફળતાઓને શાનદાર રીતે ઢાંકી દીધી છે. શ્રેયસ ઐયરે છેલ્લી મેચમાં શાનદાર સદી ફટકારી હતી જે તેની ટીર૦ કારકિર્દીની પ્રથમ સદી હતી. સેમસનના ફોર્મને જોતાં ટીમ મેનજમેટને સૂર્યવંશીને વધુ એક તક આપવાનું મન થઈ શકે છે. જેણે અત્યાર સુધી મળેલી મર્યાદિત તકોમાં બતાવ્યું છે કે ટીર૦ ક્રિકેટ તેના માટે સહજ છે. તેના વિશિષ્ટ અને અનોખા શોટ્સ તેમજ મેચ જીતાડવાની ક્ષમતાએ તેને એક આકર્ષક ખેલાડી બનાવ્યો છે.પરંતુ ભારતે અત્યાર સુધી અભિષેક અને સેમસનની સ્થાપિત ઓપનિંગ જોડીને સપોર્ટ કર્યો છે.મેનેજમેન્ટનો સેમસન પ્રત્યેનો ટેકો ત્યારે સ્પષ્ટ થયો હતો જ્યારે જાપાનમાં એશિયન ગેમ્સ દરમિયાન સૂર્યવંશીને ઓપનિંગ સ્લોટ આપીને સેમસનને ત્રીજા નંબરે રમાડવામાં આવ્યો હતો.જોકે, સેમસને હજી સુધી એ વિશ્વાસ સામે તેવું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને બતાવવાનું બાકી છે.આ સંદર્ભમાં, કેરેબિયન ટીમ સામેની વર્તમાન પાંચ મેચની શ્રેણી સેમસન માટે મહત્વપૂર્ણ બની શકે છે કેમ કે તે હંમેશા વર્લ્ડ કપના પોતાના જૂના પ્રદર્શન પર નિર્ભર રહી શકે નહીં.જોકે સૂર્યવંશી પોતાની તમામ ક્ષમતાઓ છતાં એ પણ સમજી ગયો હશે કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ એક અલગ સ્તરનું હોય છે. તેથી, ભારતીય મેનેજમેન્ટ આ ૧૫ વર્ષીય ખેલાડીને વધુ એક તક આપતા પહેલા તમામ પાસાઓ પર ગંભીરતાથી વિચાર કરશે.ભારત પોતાના ઝડપી બોલિંગ કોમ્બિનેશનમાં પણ ફેરફાર કરવાનું વિચારશે. મયંક યાદવે લખનૌમાં પ્રથમ મેચમાં બોલિંગનો પ્રારંભ કરીને પહેલી ઓવરમાં ૧૬ રન આપ્યા હતા.



### અભિષેક શર્મા ઈતિહાસ રચવાના આરે: સૂર્યકુમાર યાદવનો વર્લ્ડ રેકોર્ડ તોડવા માત્ર ૫૩ રન દૂર

ભારતીય ટીમના યુવા આક્રમક ઓપનર અભિષેક શર્મા આંતરરાષ્ટ્રીય ટીર૦ ક્રિકેટમાં એક નવો ઐતિહાસિક રેકોર્ડ બનાવવાની આરે છે. વેસ્ટ ઈન્ડીઝ સામેની બીજી ટીર૦ મેચમાં માત્ર ૫૩ રન બનાવતાની સાથે જ તેઓ ટીર૦માં ૨,૦૦૦ રનનો મહત્વપૂર્ણ માઈલસ્ટોન પૂર્ણ કરી લેશે.આ રેકોર્ડ માત્ર રન પૂરતો સીમિત નથી. જો અભિષેક ઝડપથી આ રન બનાવી લે છે, તો તેઓ સૂર્યકુમાર યાદવનો વિશ્વ રેકોર્ડ તોડી નાખશે. હાલમાં સૂર્યકુમારના નામે સૌથી ઓછા ૧,૧૬૪ બોલમાં ૨,૦૦૦ ટીર૦ રન બનાવવાનો વર્લ્ડ રેકોર્ડ નોંધાયેલો છે, જ્યારે એરોન ફિંચે ૧,૨૮૩ બોલમાં આ સિદ્ધિ મેળવી હતી. અભિષેક શર્માએ અત્યાર સુધી ૯૯૭ બોલમાં ૧,૯૪૭ રન બનાવ્યા છે. જો તેઓ આગામી ૧૬૬ કે તેથી ઓછા બોલમાં ૫૩ રન બનાવી લે, તો તેઓ વિશ્વમાં બોલની દ્રષ્ટિએ સૌથી ઝડપી ૨,૦૦૦ ટીર૦ રન બનાવનાર બેટ્સમેન બની જશે.આશરે ૧૯૫ના વિસ્ફોટક સ્ટ્રાઈક રેટ સાથે રમતા અભિષેક પોતાની આક્રમક બેટિંગ શૈલી માટે જાણીતા છે. તેઓ અગાઉ પણ સૌથી ઝડપી સદી અને અડધી સદી જેવા અનેક કીર્તિમાન સ્થાપિત કરી ચૂક્યા છે. ૯ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ યોજાનારી આ મેચમાં ભારતીય ક્રિકેટ ચાહકોની નજર અભિષેકના આ ઐતિહાસિક પ્રદર્શન પર ટકેલી છે.

# રમત મંત્રાલય એશિયન ગેમ્સના પ્રદર્શનની મંગળવારે સમીક્ષા કરશે

## સમીક્ષામાં બેડમિન્ટન, શૂટિંગ અને એથ્લેટિક્સ જેવા રમતોમાં અપેક્ષા મુજબનું પરિણામ ન મળવા અંગે ચર્ચા કરાશે: એશિયન ગેમ્સની તૈયારી માટે ત્રણ વર્ષના ચક્રમાં ખેલાડીઓ પાછળ રૂ.૭૦૦ કરોડથી વધુ ખર્ચ થયો હોવાનો મંત્રાલયના સૂત્રનો દાવો

**અબતક, રાજકોટ**

એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતના પ્રદર્શનને લઈને સ્પોર્ટ્સ મંત્રાલય હવે સમીક્ષા બેઠક યોજશે. ૧૩ ઓક્ટોબરે રમત મંત્રાલય અને નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન્સના અધિકારીઓ વચ્ચે બેઠક યોજાવાની છે. તેમાં ગેમ્સ દરમિયાન કયા રમતોમાં અપેક્ષા મુજબ પરિણામ ન આવ્યું અને ક્યાં સુધારાની જરૂર છે તેની ચર્ચા થશે. ભારતે આયચી-નાગોયા એશિયન ગેમ્સમાં કુલ ૮૫ મેડલ જીત્યા હતા. તેમાં ૨૧ ગોલ્ડ, ૨૭ સિલ્વર અને ૩૭ બ્રોન્ઝ મેડલ સામેલ છે. ભારત મેડલ ટેલીમાં ચોથા સ્થાને રહ્યું હતું. જોકે ૨૦૨૨ની હાંગઝોઉ એશિયન ગેમ્સમાં ભારતે રેકોર્ડ ૧૦૬ મેડલ જીત્યા હતા. એટલે આ વખતે કુલ મેડલમાં ૨૧નો ઘટાડો થયો છે.

સમીક્ષામાં ખાસ કરીને બેડમિન્ટન, શૂટિંગ અને એથ્લેટિક્સ જેવા રમતોમાં અપેક્ષા મુજબનું પરિણામ ન મળવા અંગે ચર્ચા થવાની છે. બેડમિન્ટનમાં ભારતને માત્ર એક બ્રોન્ઝ મેડલ મળ્યો હતો, જ્યારે શૂટિંગમાં ૧૫ મેડલ મળ્યા હતા. જોકે અગાઉની એશિયન ગેમ્સની સરખામણીમાં શૂટિંગનું પ્રદર્શન ઘટ્યું હતું. એથ્લેટિક્સમાં ભારતે ૨૪ મેડલ જીત્યા હતા, પરંતુ અગાઉની આવૃત્તિ કરતાં આ સંખ્યા



૫ મેડલ ઓછી હતી. બીજી તરફ આર્ચરી, બોક્સિંગ, રેસલિંગ અને ટીમ સ્પોર્ટ્સમાં ભારતે સારો દેખાવ કર્યો હતો.

આ બેઠકમાં સરકારની ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ હેઠળ ખેલાડીઓને આપવામાં આવતા ફંડની પણ સમીક્ષા કરવામાં આવશે. સ્પોર્ટ્સ મંત્રાલયના એક સૂત્રના જણાવ્યા મુજબ, અનુભવી ખેલાડીઓ પાછળ મોટી રકમ ખર્ચવામાં આવી હોવા છતાં કેટલાક ખેલાડીઓ અપેક્ષા મુજબ મેડલ જીતી શક્યા નથી. રિપોર્ટ મુજબ એશિયન ગેમ્સની તૈયારી માટે ત્રણ વર્ષના ચક્રમાં ખેલાડીઓ પાછળ ₹૭૦૦ કરોડથી વધુ ખર્ચ થયો હોવાનો મંત્રાલયના સૂત્રનો દાવો છે. હવે આ રોકાણનું પરિણામ કેટલું મળ્યું અને આગળ ફંડિંગમાં શું ફેરફાર કરવાની જરૂર છે તેની ચર્ચા થઈ શકે છે.

સમીક્ષામાં બીજો મહત્વનો મુદ્દો ખેલાડીઓની ઈજાઓ રહેશે. મંત્રાલયના સૂત્રોએ સવાલ ઉઠાવ્યો છે કે કેટલાક ખેલાડીઓએ એશિયન ગેમ્સમાં પહોંચ્યા બાદ ઈજાની માહિતી આપી હતી. આવી સ્થિતિમાં તેમની તૈયારી પાછળ કરવામાં આવેલા ખર્ચ અને ટીમમાં તેમની પસંદગી અંગે પણ ચર્ચા થવાની શક્યતા છે. મંત્રાલય હવે એ સમજવાનો પ્રયાસ કરશે કે ખેલાડીઓની તૈયારી, પસંદગી અને ગેમ્સ સુધીની પ્રક્રિયામાં ક્યાં સુધારો કરી શકાય.

### ભારત હવે ૨૦૨૮ લોસ એન્જલસ ઓલિમ્પિક્સની તૈયારીમાં આગળ વધશે

ભારત હવે ૨૦૨૮ લોસ એન્જલસ ઓલિમ્પિક્સ અને લાંબા ગાળે ૨૦૩૬ ઓલિમ્પિક્સની તૈયારી તરફ આગળ વધી રહ્યું છે. તેથી એશિયન ગેમ્સમાં ક્યાં સફળતા મળી અને ક્યાં ખામી રહી તેની આ સમીક્ષા આગામી મોટી સ્પોર્ટ્સ ઈવેન્ટ્સ માટેની તૈયારીમાં મહત્વની બની શકે છે.

# દિલ્હી કેપિટલ્સમાં પંતને મિડલ ઓર્ડરમાં રમાડવાનો પ્લાન: સૌરવ ગાંગુલી

## ઋષભ પંતને તેની પસંદગીની ટોપ ઓર્ડર ભૂમિકા માટે રાહ જોવી પડશે

**અબતક, રાજકોટ**

દિલ્હી કેપિટલ્સમાં પરત ફર્યા બાદ ઋષભ પંતની ભૂમિકા અંગે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આઈપીએલ ૨૦૨૭ માં પંતને ટોપ ઓર્ડરમાં બેટિંગ કરતા જોવાની આશા રાખતા ચાહકોને આંચકો લાગી શકે છે. ટીમના નવા મુખ્ય કોચ સૌરવ ગાંગુલીએ સ્પષ્ટ કર્યું છે કે પંતને મિડલ ઓર્ડરમાં રમાડવાનો પ્લાન છે. આનો અર્થ એ થયો કે દિલ્હી પરત ફર્યા પછી પણ ઋષભ પંતને તેની પસંદગીની ટોપ ઓર્ડર ભૂમિકા માટે રાહ જોવી પડી શકે છે.

સૌરવ ગાંગુલીએ દિલ્હી કેપિટલ્સના એક વીડિયોમાં પંતની બેટિંગ અંગેની પોતાની



યોજનાઓ સમજાવી હતી. તેમણે કહ્યું કે ટીમને મિડલ ઓર્ડરમાં બેટ્સમેનની જરૂર છે અને પંત આ ભૂમિકા માટે સંપૂર્ણ રીતે યોગ્ય છે. ગાંગુલીને આશા છે કે દિલ્હી પરત ફર્યા પછી પંતને તેની રમતમાં વધુ સુધારો કરવા માટે સમય અને મેચ મળશે.

ઋષભ પંતને દિલ્હી ટીમમાં નંબર ૪ અથવા નંબર ૫ પર બેટિંગ માટે ઉતારી શકાય છે. તે પહેલા પણ ટીમ માટે આ બંને સ્થાનો પર રમી ચૂક્યો છે. દિલ્હી પાસે પહેલાથી જ કેએલ રાહુલ તરીકે ઓપનર છે તેથી પંતનો ઉપયોગ ટોચના ક્રમમાં નહીં પણ મિડલ ઓર્ડરમાં થવાની શક્યતા વધુ છે.

પંત દિલ્હી કેપિટલ્સના સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. તેણે ટીમ માટે ૧૧૧ મેચમાં ૩,૨૮૪ રન બનાવ્યા છે. હવે, ટીમમાં પાછા ફર્યા પછી, ગાંગુલી આશા રાખે છે કે પંત મિડલ ઓર્ડરમાં તેની જૂની ભૂમિકામાં પાછા ફરીને તેના શ્રેષ્ઠ ફોર્મમાં પાછા ફરવામાં સક્ષમ બનશે. પંત અને કુલદીપ યાદવ વચ્ચેના ટ્રેડ પછી તે દિલ્હી કેપિટલ્સમાં પાછો ફર્યો.

# કોચ બ્રેડ હેડિન અને જેમ્સ હોપ્સે છોડ્યો પંજાબ કિંગ્સનો સાથ

## પ્રીતિ ઝિન્ટાની પંજાબ કિંગ્સમાં ખાલી પડી ૩ મહત્વની જગ્યાઓ, નવા કોચની શોધ શરૂ

**અબતક, રાજકોટ**

આઈપીએલ ૨૦૨૭ પહેલાં પ્રીતિ ઝિન્ટાની સહ-માલિકીના હક વાળી પંજાબ કિંગ્સમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. સ્પિન બોલિંગ કોચ સાઈરાજ બહુતુલે બાદ હવે ફીલ્ડિંગ કોચ બ્રેડ હેડિન અને ફાસ્ટ બોલિંગ કોચ જેમ્સ હોપ્સે પણ ફ્રેન્ચાઈઝીનો સાથ છોડી દીધો છે. ત્રણેયના ગયા પછી પંજાબ કિંગ્સમાં એક સાથે ત્રણ મહત્વના પદ ખાલી થઈ ગયા છે.બ્રેડ હેડિન અને જેમ્સ હોપ્સે હાલમાં જ પંજાબ કિંગ્સ મેનેજમેન્ટને પોતાના નિર્ણયની જાણકારી આપી. બંનેની બિગ બેશ લીગમાં નવી ભૂમિકા સાથે જોડાવાની શક્યતા છે. ફ્રેન્ચાઈઝીએ હવે આ બંનેની સાથે-સાથે બહુતુલેની જગ્યાએ પણ નવા કોચની શોધ શરૂ કરી દીધી છે.



ઓસ્ટ્રેલિયાના પૂર્વ વિકેટકીપર બ્રેડ હેડિન પંજાબ કિંગ્સના ફીલ્ડિંગ કોચ હતા, જ્યારે પૂર્વ ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર જેમ્સ હોપ્સ ટીમના બોલિંગ કોચની જવાબદારી સંભાળી રહ્યા હતા. હોપ્સ અને હેડિનનો રિકી પોન્ટિંગ સાથે જૂનો સંબંધ રહ્યો છે. બંને પોન્ટિંગની કેપ્ટનશીપમાં ઓસ્ટ્રેલિયા માટે રમી ચૂક્યા છે. હોપ્સ તો પોન્ટિંગ સાથે દિલ્હી કેપિટલ્સમાંથી પંજાબ કિંગ્સમાં આવ્યા હતા અને છેલ્લા કેટલાક સમયથી તેમના સપોર્ટ સ્ટાફનો હિસ્સો હતા. તો બીજી તરફ, હેડિન પાછલી મેનેજમેન્ટ ટીમથી પંજાબ કિંગ્સ સાથે જોડાયેલા હતા. તે ટ્રેવર બેલિસના કાર્યકાળ દરમિયાન પણ ટીમના સપોર્ટ સ્ટાફમાં સામેલ હતા.

પંજાબ કિંગ્સ મેનેજમેન્ટ નવા ઉમેદવારોની તલાશમાં લાગી ગયું છે. જોકે, આખરી નિર્ણય પંજાબ કિંગ્સના હેડ કોચ રિકી પોન્ટિંગ જ કરશે. ફ્રેન્ચાઈઝી કેટલાક નામો સૂચવી શકે છે, પરંતુ સંભવિત ઉમેદવારો સાથે વાતચીત અને ઈન્ટરવ્યુ બાદ નિમણૂકનો નિર્ણય પોન્ટિંગની સંમતિથી થશે. એવું માનવામાં આવી રહ્યું છે કે ફ્રેન્ચાઈઝી આઈપીએલ ૨૦૨૭ માટે ખેલાડીઓના ઓક્શન પહેલાં ત્રણેય ખાલી પદોને ભરવા માગે છે, જેથી આગામી સીઝનની તૈયારીઓ પૂરી કોચિંગ ટીમ સાથે શરૂ કરી શકાય.

# પ્રથમ ટેસ્ટમાં રાબાડા વગર મેદાનમાં ઉતરેલી આફ્રિકી ટીમ ઓસ્ટ્રેલિયાને પરાસ્ત કરી શકશે?

## ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતી પ્રથમ બેટીંગ કરતા શરૂઆતના તબક્કામાં જ બે વિકેટ ગુમાવી: માર્કો જેન્સન અને મુલ્ડરને એક-એક વિકેટ મળી

**અબતક, રાજકોટ**

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની મહત્ત્વપૂર્ણ રેસ વચ્ચે દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ મેચોની ટેસ્ટ સિરીઝનો પ્રથમ મુકાબલો ડર્બનના કિંગ્સમીડ સ્ટેડિયમ ખાતે શરૂ થયો છે. જેમાં ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતી પ્રથમ બેટીંગ કરવાનો નિર્ણય લીધો છે.

જોકે, સાઉથ આફ્રિકાના બોલરો સામે ઓસ્ટ્રેલિયાની શરૂઆત ખૂબ જ નબળી રહી છે. પ્રથમ દિવસના પ્રથમ સેશનમાં ઓસ્ટ્રેલિયાએ ૨ વિકેટના નુકસાને માત્ર ૨૬ રન જ બનાવી શકી હતી. નિક મેડિન્સન ૩૩ બોલમાં એકપણ રન બનાવ્યા વગર માર્કો જેન્સેનની બોલિંગમાં બોલ્ડ થયો હતો જયારે ટ્રેવિસ હેડ ૧૯ બોલમાં ૨ ચોગ્ગાની મદદથી ૯ રન બનાવીને વિયાન મુલ્ડરની બોલિંગમાં વેરેન ફેચ બોલ પર કેચ આઉટ થયો હતો.

વર્તમાન પોઈન્ટ ટેબલમાં મજબૂત સ્થાન ધરાવતી ઓસ્ટ્રેલિયન ટીમ સામે દક્ષિણ આફ્રિકા પોતાના સૌથી અનુભવી અને ઘાતક ફાસ્ટ બોલર કાગીસો રાબાડા વિના મેદાનમાં ઉતરી છે.

કાગીસો રાબાડા તાલીમ દરમિયાન હેમસ્ટ્રિંગની ઈજાનો ભોગ બન્યા હતા. મે મહિનામાં આઈપીએલ પૂર્ણ થયા બાદ તેઓ કોઈ ક્રિકેટ રમી શક્યા નથી. જોકે, ટેસ્ટ સિરીઝ પૂર્વે તેમણે ઈન્ટ્રા-સ્ક્વોડ મેચ અને કિંગ્સમીડની તાલીમ દરમિયાન બોલિંગ કરી હતી, પરંતુ મેનેજમેન્ટે લાંબા ગાળાના જોખમથી બચવા માટે તેમને પ્રથમ ટેસ્ટમાંથી આરામ આપવાનો નિર્ણય લીધો હતો. દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમાએ સ્પષ્ટતા કરી કે મેડિકલ ટીમ તરફથી લીલી ઝંડી મળતા જ રાબાડાની વાપસી થશે, અને ગ્કેબેરહા ખાતે રમાનારી બીજી ટેસ્ટમાં તેઓ રમે તેવી પૂરી શક્યતા છે.અનરિચ નોર્ટજેનું પુનરાગમન અને 'એક્સ-ફેક્ટર'



ગેરહાજરીમાં ઝડપી બોલર નોર્ટજેને ત્રણ વર્ષ કરતાં વધુ સમય બાદ ટેસ્ટ ટીમમાં તક મળી છે.

માર્ચ ૨૦૨૩માં વેસ્ટ ઈન્ડીઝ સામે છેલ્લી ટેસ્ટ રમનાર નોર્ટજે હાલ સીએસએના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં પણ નથી. તેમ છતાં, ડર્બનની નેટ્સમાં તેમણે ૧૫૦ કિમી/કલાકથી વધુની વિસ્ફોટક સ્પીડ સાથે બોલિંગ કરીને પસંદગીકારોને પ્રભાવિત કર્યા હતા.

કિંગ્સમીડની પિચની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દક્ષિણ આફ્રિકાએ પોતાની પ્લેઈંગ ઈલેવનમાં કેશવ મહારાજ અને સાયમન હાર્મરના રૂપમાં બે મુખ્ય સ્પિનરોને સ્થાન આપ્યું છે.

પેસ આક્રમણનું નેતૃત્વ અનરિચ નોર્ટજે અને માર્કો જેન્સન કરશે, જ્યારે વિઆન મુલ્ડર ઓલરાઉન્ડર તરીકે ત્રીજા ઝડપી બોલરની ભૂમિકા ભજવી રહ્યા છે. બેટિંગ લાઈન-અપમાં ડેવિડ બેડિંગહામ ત્રીજા ક્રમે પુનરાગમન કરી રહ્યા છે.

૨૦૧૭-૧૮ની વિવાદાસ્પદ સેન્ડપેપરગેટ સિરીઝ પછી દક્ષિણ આફ્રિકાની ધરતી પર ઓસ્ટ્રેલિયાની આ પહેલી ટેસ્ટ સિરીઝ છે. ઓસ્ટ્રેલિયન કેમ્પમાં કેમેરોન ગ્રીન ઈજાના કારણે બહાર છે. રાબાડાની ગેરહાજરી છતાં, નોર્ટજેની ઝડપ અને બે સ્પિનરોના સંતુલન સાથે દક્ષિણ આફ્રિકા હોમ ગ્રાઉન્ડ પર કાંટાની ટક્કર આપવા સંપૂર્ણ રીતે તૈયાર છે.



# ચાચર ચોકમાં ગુંજશે પ્રાચીન ગરબાના સૂર: ધોળકિયા સ્કૂલ્સની બાળાઓ કરશે માં અંબાની આરાધના



## મોગલ રાસથી માંડી તલવાર, ત્રિશૂળ અને ટિપ્પણી રાસ સાથે અર્વાચીન ગરબાની ઝાકમઝોળ વચ્ચે પ્રાચીન સંસ્કૃતિની અનોખી ઝલક આપશે ૩૫૦થી વધુ બાળાઓ

**અબતક રાજકોટ:** અર્વાચીન ગરબાની ઝાકમઝોળ વચ્ચે પ્રાચીન સંસ્કૃતિ, પરંપરા અને માતૃશક્તિની આરાધનાની જ્યોત પ્રજ્વલિત રાખવાના હેતુથી ધોળકિયા સ્કૂલ્સ દ્વારા આ વર્ષે પણ ભવ્ય પ્રાચીન નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૧ ઓક્ટોબરથી ૧૯ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન યુનિવર્સિટી રોડ પર આવેલી જી. કે. ધોળકિયા સ્કૂલના ચાચર ચોકમાં યોજાનારા આ મહોત્સવમાં ૩૫૦થી વધુ બાળાઓ વિવિધ પરંપરાગત રાસ-ગરબાની પ્રસ્તુતિ કરીને મા આદ્યશક્તિની આરાધના કરશે.

ધોળકિયા સ્કૂલ્સનો પરિવાર છેલ્લા ૧૫ વર્ષથી આ પ્રાચીન નવરાત્રી મહોત્સવનું આયોજન કરી રહ્યો છે. આ આયોજનની વિશેષતા એ છે કે કોઈ ટિકિટ કે પ્રવેશ ફી વિના જાહેર જનતા માટે ખુલ્લા મંચ પર કાર્યક્રમ યોજવામાં આવે છે, જેથી દરેક વ્યક્તિ જ્ઞાતિ, જાતિ કે ધર્મના ભેદભાવ વગર માતાજીની આરાધના અને પરંપરાગત રાસ-ગરબાનો આનંદ માણી શકે.આ વર્ષે પણ ૩૫૦થી વધુ બાળાઓ સતત મહેનત અને અભ્યાસ દ્વારા વિવિધ રાસ-ગરબાની રજૂઆત માટે તૈયાર થઈ રહી છે. બાળાઓ પરંપરાગત ગુજરાતી વેશભૂષામાં સજ્જ થઈ દાંડિયા, કરતાલ, બેડાં, દીવડાં, ટિપ્પણી, મંજીરા, તલવાર, ત્રિશૂળ, ઘડા, માંડવી, છત્ર સહિતની પરંપરાગત સામગ્રી સાથે મા અંબાની



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

અબતકની શુભેચ્છા મુલાકાતમાં ધોળકિયા સ્કૂલના સભ્યોએ આપી માહિતી

ભક્તિમાં લીન થશે. પ્રાચીન ગરબાના તાલે ભક્તિભાવ, કલાત્મક અભિવ્યક્તિ અને સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળશે.

મહોત્સવમાં ચોટીલે ડાકલા, મોગલ રાસ, ખમ્મા ખોડલ ખમકારી, કચ્છી રાસ, માંડવડી રાસ, વીંગણા રાસ, તલવાર રાસ, ત્રિશૂળ રાસ, ટિપ્પણી રાસ અને સૂપડા રાસ સહિત વિવિધ પરંપરાગત રાસની ખાસ નૃત્યરચના સાથે રજૂઆત કરવામાં આવશે. સાથે જ માતાજીના વિવિધ સ્વરૂપોનું વિશેષ રીતે તૈયાર કરાયેલા રથમાં આગમન પણ આકર્ષણનું કેન્દ્ર બનશે. મનમોહક પ્રકાશ વ્યવસ્થા, ડિજિટલ ધ્વનિ વ્યવસ્થા, ભવ્ય મંચસજાવટ અને આકર્ષક નૃત્યરચના મહોત્સવની ભવ્યતામાં વધારો કરશે.

સંગીતની વાત કરીએ તો શ્રી એસ. અને તેમની ટીમ સાથે કુમારભાઈ પંડ્યા, પૂજાબેન દવે અને કેતનભાઈ વમિયા ગરબાની પ્રસ્તુતિ કરશે. કીબોર્ડ પર ભાર્ગવ શિંગાળા અને હિતેશ ગોસ્વામી સંગીત પીરસશે, જ્યારે મિતેશભાઈ ઓઝા, રાજેશભાઈ ચિંબચિયા, કેયુરભાઈ બુદ્ધદેવ, જનકભાઈ વ્યાસ અને આણિશભાઈ ગોસ્વામી સહિતના કલાકારો સંગીતમય સાથ આપશે. ગુજરાતના જાણીતા સંગીતકારોની જીવંત સંગીતમંડળી સાથે બાળાઓની પ્રસ્તુતિ મહોત્સવને વિશેષ બનાવશે.

ધોળકિયા સ્કૂલ્સ દ્વારા શિક્ષણની સાથે વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ, ધાર્મિક સંસ્કાર, શિસ્ત અને નેતૃત્વના ગુણોનું સિંચન કરવા સતત પ્રયત્નો કરવામાં આવે છે. આજની પેઢી પોતાની મૂળ પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડાયેલી રહે તેવા ઉદ્દેશથી આયોજિત આ મહોત્સવ માત્ર રાસ-ગરબાનો કાર્યક્રમ નહીં, પરંતુ સંસ્કૃતિના જતન અને

(અનું.આઠમાં પાને)

# ક્લબ યુવી નવરાત્રી મહોત્સવમાં 'પિંક સિટી' થીમ સાથે ૧૦ હજાર રાસવીરો રંગ જમાવશે

## મોબાઈલ એપ, ચહેરાની ઓળખ અને ક્યૂઆર કોડથી પ્રવેશ વ્યવસ્થા, દીકરીઓની કંકુથી હસ્તછાપ લઈ ઉમિયાધામ સિદસર મોકલાશે

**અબતક રાજકોટ**

રાજકોટમાં નવરાત્રી મહોત્સવને સંસ્કાર, સુરક્ષા અને ભક્તિ સાથે ઉજવવાની પરંપરાને આગળ ધપાવતાં ઉમિયાધામ સિદસર પ્રેરિત ક્લબ યુવી દ્વારા નવરાત્રી મહોત્સવ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. ન્યુ ૧૫૦ ફૂટ રિંગ રોડ પર કોકોનેટ પાર્ટી પ્લોટ સામે અને ઝેન ગાર્ડન પાછળ આવેલા વિશાળ મેદાનમાં તા. ૧૧થી ૧૯ ઓક્ટોબર દરમિયાન નવરાત્રી મહોત્સવ યોજાશે. આ વર્ષે 'પિંક સિટી' થીમ પર આકર્ષક સજાવટ સાથે ૧૦ હજાર ખેલૈયાઓ ગરબાની રમઝટ બોલાવી શકે અને ૩૦ હજાર દર્શકો બેસીને મહોત્સવ માણી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે.ક્લબ યુવી દ્વારા અર્વાચીન રાસોત્સવને પારિવારિક વાતાવરણ સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવે છે. મા ઉમિયાની ભક્તિ અને પરંપરાને કેન્દ્રમાં રાખીને યોજાતા આ મહોત્સવમાં દરેક સમાજની બહેનો અને દીકરીઓ સુરક્ષિત રીતે ગરબા રમી શકે તે માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. ખેલૈયાઓનું મોબાઈલ એપ્લિકેશન દ્વારા રજિસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે. મેદાનમાં પ્રવેશ વખતે ચહેરાની ઓળખ અને પાસ પરના ક્યૂઆર કોડ દ્વારા એન્ટ્રીની વ્યવસ્થા રહેશે. ખેલૈયાઓ મેદાનમાં પ્રવેશે અને બહાર નીકળે ત્યારે વાલીઓને સંદેશ દ્વારા જાણ થાય તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

મહોત્સવની એક વિશેષ પહેલરૂપે જગદંબા સ્વરૂપ દીકરીઓના હાથની કંકુથી હસ્તછાપ સફેદ કાપડ પર લેવામાં આવશે. આ હસ્તછાપને યાદગીરીરૂપે ઉમિયાધામ સિદસર મોકલવામાં આવશે. કંકુવાળા હાથ ધોવા માટે વોશબેસિન સહિતની સુવિધા પણ ઊભી કરવામાં આવશે.

ક્લબ યુવીના નવરાત્રી



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

અબતકની શુભેચ્છા મુલાકાતમાં ક્લબ યુવી ના સભ્યોએ આપી માહિતી

ગ્રાઉન્ડમાં ઝેડ ઈવેન્ટ દ્વારા 'પિંક સિટી' થીમ આધારિત સજાવટ કરવામાં આવશે. એક લાખ ચોરસ ફૂટના વિશાળ મેદાનમાં ખેલૈયાઓ માટે ટુ-લેયર કાર્પેટની વ્યવસ્થા રહેશે. મહેમાનો અને આમંત્રિતો માટે બેઠક વ્યવસ્થા, મુખ્ય મંચ પર વિશાળ એલઈડી સ્ક્રીન તથા મંચની આસપાસ આકર્ષક એલઈડી સજાવટ કરવામાં આવશે. આશરે ૪૦ ફૂટ ઊંચું દક્ષિણ ભારતીય શૈલીમાં તૈયાર કરાયેલું મા ઉમિયાનું ભવ્ય મંદિર મહોત્સવનું મુખ્ય આકર્ષણ બનશે.

નવરાત્રી મહોત્સવમાં ગાયક મથુર બુદ્ધદેવ, નીરવ રાયચુરા, માનસી પટેલ અને દિવ્યા વેખડાની સ્વરલહેરી સાથે ખેલૈયાઓ ગરબાની રમઝટ બોલાવશે. કાર્યક્રમમાં એન્કર તરીકે હર્ષ મણિયાર અને ઈવેન્ટ ઓર્ગેનાઈઝર તરીકે ધર્મેશ મકાતી જવાબદારી સંભાળશે. લેડીઝ, જેન્ટ્સ અને ચિલ્ડ્રન કેટેગરીમાં ખેલૈયાઓ માટે સ્પર્ધાત્મક આયોજન કરવામાં આવશે અને નવમા નોરતે મેગા ફાઈનલ યોજાશે.ક્લબ યુવીના એડવાઈઝરી ડિરેક્ટર્સ મૌલેશભાઈ ઉકાણી, સ્મિતભાઈ કનેરિયા, એમ.એમ. પટેલ અને કાંતિભાઈ ઘેટિયા સહિત બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યો આયોજનની તૈયારીઓમાં જોડાયા છે. લેડીઝ અને જેન્ટ્સ કેટેગરીમાં

(અનું.આઠમાં પાને)

### ૫,૦૦૦ બહેનોના ઉમા કળશ મહારાસ સાથે 'વેલકમ નવરાત્રી'નું આયોજન

ઉમિયાધામ સિદસર પ્રેરિત ક્લબ યુવી અને મહિલા સંગઠન સમિતિના સંયુક્ત ઉપક્રમે નવરાત્રીના પ્રારંભ પૂર્વે 'વેલકમ નવરાત્રી'નું વિશેષ આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં રાજકોટ શહેરના વિવિધ વોર્ડની બહેનો, મહિલા સંસ્થાઓની હોદ્દેદારો અને ક્લબ યુવીની મહિલા ખેલૈયાઓ જોડાય છે. શિર પર કળશ ધારણ કરીને લાલ રંગના પરંપરાગત પોશાકમાં સજ્જ બહેનો મા ઉમિયાની ભક્તિ સાથે ઉમા કળશ મહારાસ અને મહાઆરતીમાં ભાગ લે છે. આશરે ૫,૦૦૦ બહેનોના સહભાગથી યોજાતો આ મહારાસ નવરાત્રી મહોત્સવના પ્રારંભને ભક્તિમય અને પરંપરાસભર બનાવે છે.

# જૈનમ રાસોત્સવમાં ગુંજશે મહારાષ્ટ્રના ધમાકેદાર મ્યુઝિક સાથે સૌરાષ્ટ્રના ગીતોનો ગુલાલ

## મુંબઈની ૧૯ સભ્યોની પ્રોફેશનલ ટીમ આપશે કોન્સર્ટ લેવલના સંગીતનો અનુભવ; ઉમેશ બારોટ, પ્રદીપ ઠક્કર સહિતના ગાયકો જમાવટ કરશે: અબતકની શુભેચ્છા મુલાકાતમાં જૈનમ-મુકેશભાઈ દોશી (મોડર્ન) નવરાત્રી મહોત્સવના સભ્યોએ આપી માહિતી

**અબતક રાજકોટ**

રાજકોટના જૈનમ-મુકેશભાઈ દોશી (મોડર્ન) નવરાત્રી મહોત્સવ-૨૦૨૬માં આ વખતે ખેલૈયાઓને પરંપરાગત ગરબા સાથે આધુનિક સંગીતનો અનોખો અનુભવ માણવા મળશે. મહારાષ્ટ્રના ધમાકેદાર મ્યુઝિક અને સૌરાષ્ટ્રના લોકપ્રિય ગીતોના સંગમ સાથે મુંબઈથી ખાસ ૧૯ સભ્યોની પ્રોફેશનલ ઓર્કેસ્ટ્રા ટીમ રાસોત્સવના આંગણે સંગીતની રમઝટ બોલાવવા આવી રહી છે. લાઈવ મ્યુઝિક, સેક્સોફોનના મધુર સૂર, આધુનિક ફ્યુઝન બીટ્સ અને લોકપ્રિય ગરબાગીતોના તાલે ખેલૈયાઓને ઝૂમતા કરવાનો આ પ્રયાસ રહેશે.

અબતકની શુભેચ્છા મુલાકાતમાં મેનેજિંગ તંત્રી સતીશકુમાર મહેતા સાથે જૈનમ-મુકેશભાઈ દોશી (મોડર્ન) નવરાત્રી મહોત્સવના સભ્યોએ જણાવ્યું હતું કે જૈન સમાજના યુવા વર્ગ એટલે કે ઝેન-જી સહિત તમામ વયજૂથના લોકો માટે સંગીતનો યાદગાર અનુભવ ઊભો કરવાના હેતુથી આ ખાસ આયોજન કરવામાં આવ્યું છે. ઓર્કેસ્ટ્રાની ૧૯ સભ્યોની ટીમમાં વિવિધ વાદ્યોના જાણકાર કલાકારો સામેલ છે, જેમને અનેક લાઈવ શોનો અનુભવ છે. પરંપરાગત ગરબા, સૌરાષ્ટ્રના લોકસંગીત અને આધુનિક સંગીતના સંયોજનથી સમગ્ર રાસોત્સવને નવી ઊર્જા આપવાનો પ્રયાસ કરવામાં આવશે.





તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

આ સંગીતમય મહેફિલમાં લોકપ્રિય ગાયકો ઉમેશ બારોટ અને પ્રદીપ ઠક્કર સાથે મહિલા ગાયિકાઓ મોના ભટ્ટ, દ્રષ્ટિ કાલાવડિયા અને નમ્રતા ગોસલિયા પોતાના સ્વરનો જાદુ પાથરશે. યુવાનોમાં લોકપ્રિય ગીતો, ટ્રેન્ડિંગ ગરબાઓ અને પરંપરાગત લોકગીતોના સુમેળભર્યા સંયોજનથી ખેલૈયાઓને સતત ઉત્સાહિત રાખે તેવું ગીતસંકલન તૈયાર કરવામાં આવશે.

મુંબઈથી આવનારી ઓર્કેસ્ટ્રા ટીમમાં યુવા મહિલા સેક્સોફોન વાદક મૃણાલ સાલુંખે સહિત ધનસુખ મંગલ ગરુડા, કેવલ તાંબેકર, વંશ પારલેકર, રોહન ગાવડે, યશ કામલે, સચીન કાસકરે, રોહિત ચંદ્રવણકર, સુશાંત કસારે, આશિષ ખરાત, સૌરભ પાટીલ, તેજ ખડતર, રોહિત કદમ, મંથન જોષી, કેયુર વાઘેલા, આકાશ દેવગાણિયા, આશિષ વાગલે, વિનેશ કામત અને રઘુ ગોવડે સહિતના કલાકારો પોતાની કલા રજૂ કરશે.

ટીમ દ્વારા સેક્સોફોન, પર્કશન, કીબોર્ડ, ગિટાર, બ્રાસ અને વિવિધ મેલોડીક વાદ્યોના સંગમથી સંગીત પીરસવામાં આવશે. ગરબાના જાણીતા તાલ વચ્ચે સેક્સોફોનના લાઈવ સૂર, મેલોડીક ઈન્ટરલ્યુડ્સ અને ફ્યુઝન સંગીતની રજૂઆત રાસોત્સવને વિશિષ્ટ બનાવશે. માત્ર ગીતો રજૂ કરવા પૂરતું નહીં, પરંતુ લાઈવ મ્યુઝિકના તાલમેલથી ગાયકો અને ખેલૈયાઓ વચ્ચે ઊર્જાસભર જોડાણ ઊભું કરવાનો પણ પ્રયાસ રહેશે.

ખેલૈયાઓની ઊર્જા અને પ્રેક્ષકોના પ્રતિસાદને ધ્યાનમાં રાખીને સંગીતની રજૂઆતમાં ફેરફાર અને વિવિધ પ્રકારનાં મ્યુઝિકલ એરેન્જમેન્ટ કરવામાં આવશે. પરંપરાગત ગરબાની મજા સાથે આધુનિક સંગીતની ધમાલ માણવાની તક મળતાં રાસોત્સવમાં યુવાનો સહિત તમામ

(અનું.આઠમાં પાને)

# યુનિટી ફાઉન્ડેશનના નવરાત્રી મહોત્સવમાં પ્રાચીન ગરબી અને અર્વાચીન દાંડિયાનો સંગમ

## સત્યસાઈ હોસ્પિટલ રોડ, નાના મવા ખાતે નવદુર્ગા ગરબી અને અર્વાચીન દાંડિયા રાસનું આયોજન; પરિવાર સાથે નવરાત્રી માણી શકાય તેવું સંસ્કૃતિસભર વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ

**અબતક રાજકોટ**

રાજકોટમાં નવરાત્રીની ઉજવણીને સંસ્કૃતિ, પરંપરા અને પરિવારભાવ સાથે જોડવાના હેતુથી યુનિટી ફાઉન્ડેશન દ્વારા 'નવદુર્ગા ગરબી તથા અર્વાચીન દાંડિયા - ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૧ ઓક્ટોબરથી ૧૯ ઓક્ટોબર દરમિયાન નાના મવા વિસ્તારમાં સત્યસાઈ હાઈટ હોસ્પિટલ રોડ પર અલાપ હેરિટેજની બાજુમાં આવેલા ગાર્ડનમાં આ નવરાત્રી મહોત્સવ યોજાશે. આ આયોજનમાં પ્રાચીન ગરબીની પરંપરા સાથે અર્વાચીન દાંડિયા રાસનો સંગમ જોવા મળશે.



યુનિટી ફાઉન્ડેશનનો ઉદ્દેશ માત્ર નવરાત્રીનું આયોજન કરવાનો નહીં, પરંતુ નવી પેઢીને હિન્દુ સંસ્કૃતિ, પરંપરા અને સંસ્કારો સાથે જોડવાનો તથા પરિવારના તમામ સભ્યોને સાથે મળીને ઉત્સવ માણવાની તક આપવાનો છે. આ માટે દર વર્ષે પ્રાચીન ગરબી અને અર્વાચીન દાંડિયા રાસને એક જ સ્થળે રજૂ કરવામાં આવે છે. આ વર્ષે પણ મોટી સંખ્યામાં દીકરીઓ પ્રાચીન ગરબીમાં જોડાઈને પરંપરાગત સંસ્કૃતિને જીવંત રાખશે, જ્યારે અર્વાચીન દાંડિયા રાસમાં યુવાનો અને પરિવારજનો સંગીતના તાલે ગરબાની રમઝટ બોલાવશે.



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

અબતકની શુભેચ્છા મુલાકાતમાં યુનિટી ફાઉન્ડેશનના સભ્યોએ આપી માહિતી

મહોત્સવ દરમિયાન દરરોજ રાત્રે ૮થી ૧૦ વાગ્યા સુધી પ્રાચીન ગરબી અને રાત્રે ૧૦થી ૧૨ વાગ્યા સુધી અર્વાચીન દાંડિયા રાસનું આયોજન કરવામાં આવ્યું છે. વિશાળ ખુલ્લી જગ્યામાં યોજાનારા આ કાર્યક્રમમાં પાર્કિંગ, પ્રવેશ અને અન્ય વ્યવસ્થાઓનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી પરિવારો શાંતિપૂર્ણ વાતાવરણમાં નવરાત્રીનો આનંદ માણી શકે.

યુનિટી ફાઉન્ડેશન દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી નવરાત્રીનું આયોજન કરવામાં આવે છે. આયોજકોના જણાવ્યા અનુસાર, શિસ્ત, સલામતી અને પરિવારલક્ષી વાતાવરણને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે છે. આસપાસની સોસાયટીઓના પરિવારો, મિત્રો, સગાં-સંબંધીઓ અને યુનિટી પરિવારના સભ્યો મોટી સંખ્યામાં જોડાઈને ઉત્સવનો આનંદ માણે છે. નાના બાળકો, યુવતીઓ, યુવાનો અને વડીલો સહિત દરેક વયના લોકો માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ કરવામાં આવે છે.

આ આયોજનમાં ઓનલાઈન પાસ બુકિંગની સુવિધા પણ રાખવામાં આવી છે. ઘરે બેઠાં ઓનલાઈન બુકિંગ કરીને પાસ મેળવી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

યુનિટી ફાઉન્ડેશનના સ્વપનદ્રષ્ટા અને ચેરમેન ડો. ભરતભાઈ બોઘરા, સહપ્રમુખ હરેશભાઈ કાનાણી, ઉપપ્રમુખ વિજયભાઈ તોગડિયા અને મંત્રી જિજ્ઞેશભાઈ કિયાડા સહિત સમગ્ર ટીમના સંયુક્ત પ્રયાસોથી આ આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત નીલેશભાઈ વિરાણી, મનીષભાઈ ભૂત, રાજેશભાઈ વૈષ્ણવ, નૈમિષભાઈ પટેલ, હરકિશનભાઈ સોજીત્રા, ધીરુભાઈ આસોદરિયા, અશ્વિનભાઈ રૂપાપરા, સંજયભાઈ અજાણી, હરીભાઈ ભંડેરી, વિપુલભાઈ પટેલ, ચેતનભાઈ જારસાણીયા, જીતભાઈ કક્કડ, કેતન સોરઠીયા, પરેશભાઈ ઘેલાણી, શૈલેષભાઈ શીંગાળા, નિલેશભાઈ ટીલાળા સહિત આયોજક સમિતિના સભ્યો



(અનું.આઠમાં પાને)

# કોકરોચ જનતા પાર્ટીના આંદોલન પહેલા દિલ્હી છાવણીમાં ફેરવાયું

## ૧૦ કલાક માટે ટ્રેનો રદ કરાઈ, મેટ્રો સ્ટેશનો બંધ રહેશે અને દારૂની દુકાનો પણ બંધ રખાશે: સ્ટેડિયમમાં બનાવાઈ અસ્થાયી જેલ

**અબતક, રાજકોટ**

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ આજે રોજ જંતર-મંતર ખાતે આયોજિત કોકરોચ જનતા પાર્ટી અને એઆઈએસએ વિશાળ વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને દિલ્હી વહીવટી તંત્ર અને પોલીસે સમગ્ર રાષ્ટ્રીય રાજધાનીને અભેદ્ય કિલ્લામાં ફેરવી દીધી છે. દિલ્હી પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ હેઠળ જાહેર મનાઈહુકમનો હવાલો આપીને આ પ્રદર્શન માટે સત્તાવાર પરવાનગી આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. ભીડની હિલચાલ અટકાવવા માટે દિલ્હી-એનસીઆરમાં રેલવે, મેટ્રો, કેબ, હોટલ બુકિંગથી માંડીને દારૂના વેચાણ પર અભૂતપૂર્વ નિયંત્રણો લાદી દેવામાં આવ્યા છે. સવારે ૦૪:૦૦ વાગ્યાથી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી નવી દિલ્હી અને હઝરત નિઝામુદ્દીન સ્ટેશને આવતી-જતી તમામ ટ્રેનો રદ રહેશે. ૯ ઓક્ટોબરના રોજ બપોરે ૧૪:૦૦ વાગ્યા પછી ઉપડતી સંબંધિત ટ્રેનોને સોર્સ પરથી જ રદ કરી દેવાઈ છે.પશ્ચિમ બંગાળથી ઉપડતી ૧૨૩૦૧ હાવડા-નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ અને ૧૨૩૧૩ શિયાલદહ-નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ પણ રદ કરી દેવામાં આવી છે. ૧૦ ઓક્ટોબરના રોજ સંભવિત આંદોલનને ધ્યાનમાં રાખીને, દિલ્હી પોલીસે ડીએમઆરસી ને પત્ર લખીને રાષ્ટ્રીય રાજધાનીના ૫૭ મેટ્રો સ્ટેશનોના એન્ટ્રી-એક્ઝિટ ગેટ ૯ ઓક્ટોબર રાત્રે ૯:૦૦ વાગ્યાથી ૧૦ ઓક્ટોબર સ્થિતિ સામાન્ય થાય ત્યાં સુધી બંધ રાખવા તેમજ આ સ્ટેશનો પર ટ્રેનોની ફ્રીક્વન્સી ઘટાડવા પ્રસ્તાવ મૂક્યો છે. પ્રદર્શન દરમિયાન અટકાયત કરવામાં આવનારા લોકોને રાખવા માટે વિવિધ જિલ્લાઓમાં અંદાજે ૧૦ ડિટેન્શન સેન્ટરો તૈયાર કરવામાં આવી રહ્યા છે. બવાના ખાતે આવેલા રાજીવ ગાંધી સ્ટેડિયમ અને છત્રસાલ સ્ટેડિયમ સહિતની નિર્ધારિત સરકારી સુવિધાઓને અટકાયત કેન્દ્રો તરીકે સજ્જ કરાઈ છે. આ ઉપરાંત નરેલા, પૂર્વ દિલ્હી અને ઉત્તર-પશ્ચિમ દિલ્હીમાં પણ આવા અસ્થાયી કેન્દ્રો ઊભા કરવામાં આવ્યા છે.

### સીઆરપીએફની ૨૨૧ કંપનીઓ અને ૨૩,૦૦૦ જવાનો તૈનાત

ગૃહ મંત્રાલયે ૮ થી ૧૨ ઓક્ટોબર સુધી દિલ્હી પોલીસને સહાય માટે સીએપીએફની ૨૨૧ કંપનીઓ ફાળવી છે, જેમાં અંદાજે ૨૩,૦૦૦ જવાનો સામેલ છે. સુરક્ષા બંદોબસ્તમાં ૫ ઓલ-વુમન પેરામિલીટરી કંપનીઓ પણ સામેલ રહેશે. આ સઘન બંદોબસ્ત માટે સીઆરપીએફની કંપનીઓને જમ્મુ અને કાશ્મીર, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢથી ખાસ દિલ્હી બોલાવવામાં આવી છે.

## કાનાભાઈના મફતીયામાં યુવકને અજાણ્યા શખ્સે ગળાના ભાગે છરી ઝીંકી

**અબતક રાજકોટ**

શહેરના કાનાભાઈ ના મફતીયા માં રહેતા ૨૩ વર્ષીય યુવકને ૧૧ વાગ્યા આસપાસ કોઈ કારણોસર ઝઘડો કરી અજાણ્યા શખ્સએ ગળાના ભાગે છરી મારી દેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા ઘટનાની જાણ થતા થોરાળા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને વધુ કાર્યવાહી હાથ કરી હતી આ અંગે મળતી માહિતી મુજબ શહેરના ૮૦ ફુટ રોડ પર અમુલ સર્કલ નજીક કાનાભાઈ ના મફતિયામાં રહેતા રામદાસ વિનોદ રાજવંશી ઉંમર વર્ષ ૨૩ વર્ષીય યુવક ગત રાત્રે ૧૧:૦૦ વાગ્યા આસપાસ ઘર પાસે હતો ત્યારે સામેવાળા અજાણ્યા શખ્સએ કોઈ કારણોસર ઝઘડો કરી યુવકને ગળાના ભાગે છરી મારી દેતા લોહી લોહાણા હાલતમાં ઢળી પડ્યો હતો જેથી તાત્કાલિક ૧૦૮ મારફતે યુવકને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ઘટનાની જાણ થતા થોરાળા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ગયો હતો આ અંગે કયા કારણોસર ઝઘડો થયો તે અંગે થોરાળા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

## જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૯૦૨મું ચક્ષુદાન તથા ૫૪મું સ્કીન ડોનેશન

**અબતક, રાજકોટ:** નિલાબેન પ્રફુલચંદ્ર કોઠારી નું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા તથા જનકલ્યાણ ટ્રસ્ટ ની પ્રેરણા થી ચક્ષુદાન તથા સ્કીન ડોનેશન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરપાડયું છે. જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ થી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાન માં કુલ ૯૦૨ મું ચક્ષુદાન થયેલ છે. તથા ૫૪ મું સ્કીન ડોનેશન થયેલ છે. આ ચક્ષુદાન તથા સ્કીન ડોનેશન વિજયભાઈ ડોબરીયા ના સહયોગ થી થયેલ છે.

## રાજકોટમાં ૧૮ અકસ્માત ક્લેમ કેસોમાં રૂ.૩.૭૨ કરોડનું જંગી વળતર મંજૂર

### ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટની મેગા લોક-અદાલતમાં વીમા કંપનીઓ સામે એડવોકેટ ટીમની બે માસની મહેનત રંગ લાવી

**અબતક, રાજકોટ**

રાજકોટ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ ખાતે યોજાયેલી લોક-અદાલતમાં અકસ્માતમાં મૃત્યુ અને ઈજાનાં ૧૮ કલેઈમ કેસોમાં અરજદારો વતી કલેઈમ કેસોનાં કરોડનુ જંગી વળતર મંજુર કરી ગુજનારના પરિવાર અને ઈજા પામનારને ન્યાય અપાવ્યો છે.રાજકોટ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ ખાતે મેગા લોક-અદાલત યોજાઈ હતી. જેમાં વાહન



### સૌથી વધુ રૂ.૬૮ લાખનો ક્લેમ ઉત્તરપ્રદેશના એન્જિનિયર વિકાસ દીક્ષિતના પરિવારને, ઈજાગ્રસ્તોને પણ ન્યાય

એડવોકેટ રવિન્દ્ર ડી.ગોહેલ, સંદિપ એમ. રાઠોડ અને વિવેક વી. ભાંસળીયા (ગઢવી)ની ટીમ દ્વારા છેલ્લા બે માસથી સખત મહેનત કરીને તેમજ વિમા કંપની સામે દલીલ કરી હાલની મોંઘવારી પ્રમાણે ઉંચા વળતરની ગણતરી કરી ગુજનારના વારસદારોની તરફે જોરદાર રજુઆત કરી ઉપરોકત તમામ અકસ્માત વળતર અંગેનાં કલેઈમ કેસોમાં જુદી જુદી વિમા કંપની પાસેથી કુલ રૂા. ૩,૭૨ અકસ્માતના કલેઈમ કેસો મુકવામાં આવેલ હતા . જે કલેઈમ કેસમા રાજકોટમાં એ. વી. ઈન્દ્રા. કંપનીમાં એન્જીનીયરની નોકરી કરતા અને ઉતરપ્રદેશના વતની ગુજ. વિકાસ મુનેશકુમાર દીક્ષીતના કલેઈમ કેસમાં રૂા.૬૮,૦૦,૦૦૦, મોરબીના મહેન્દ્રનગર ચોકડી નજીક એકતા કેમીકલની કંપનીના કામદાર કરણસિંહ બાબુ બામનીયા અને શંકર દીતીયા ગોયલના અકસ્માતમાં મૃત્યુ નીપજતા બંનેના કલેઈમ કેસોમાં રૂા.૫૪,૨૫,૦૦૦, સાયલા હાઈવે પર આવેલ રીસોન સીરામીક કંપનીમાં નોકરી કરતા ગુજ. અલ્પેશભાઈ મનુભાઈ કાળોતરાનાં કલેઈમ કેસમાં રૂા.૨૮,૦૦,૦૦૦, કુતીયાણાનાં કાંસાબડ ગામનાં ગુજ. નાગાજણભાઈ કારાભાઈ ઓડેદરા અને ગુજ.લીલાભાઈ પરબતભાઈ ઓડેદરાનાં બન્નેનાં કલેઈમ કેસમાં રૂા.૨૭,૦૦,૦૦૦, રાણાવાવનાં રબારી કેડાનાં ગુજ. ભુરાભાઈ પાંચાભાઈ કરમટાનાં કલેઈમ કેસનાં રૂા.૨૫,૦૦,૦૦૦, સાણંદના સરી ગામનાં ગુજ.સંજયભાઈ ડુંગરભાઈ રાઠોડના કલેઈમ કેસમાં રૂા.૨૩,૦૦,૦૦૦, ધારીના દલખાણીયા ગામનાં ગુજ. જયેશભાઈ જેતુભાઈ વાધેલાનાં કલેઈમ કેસમાં રૂા.૨૦,૦૦,૦૦૦, મધ્યપ્રદેશનાં વતની ગુજ. અજય સુખારામ કછવાયેનાં કલેઈમ કેસમાં રૂા.૧૭,૫૦,૦૦૦, લીંબડાનાં ઉધલ ગામનાં ગુજ.રાકેશભાઈ લાલજીભાઈ રાતોજાનાં કલેઈમ કેસમાં રૂા. ૧૭,૫૦,૦૦૦, ગીરગઢડાનાં પીઠવી ગામનાં ગુજ. પ્રેમીબેન બોઘાભાઈ જેઠવાનાં કલેઈમ કેસમાં રૂા.૧૫,૦૦,૦૦૦, વઢવાણનાં ખોડુ ગામનાં ગુજ. કેશવભાઈ બેચરભાઈ મકવાણાના કલેઈમ કેસમાં રૂા.૧૩ લાખ ,મોરબીના કુબેર સીનેમાં પાછળ રહેતા ગુજ. રાણાભાઈ પોપટભાઈ વિરમગામા તથા ઈજા પામનાર ધનશ્યામભાઈ પોપટભાઈ વિરમગામાના બન્નેના કલેઈમ કેસમાં રૂા.૧૭,૨૫,૦૦૦, તળાજા તાલુકાના વેજોદરી ગામના ગુજ. શંભુભાઈ કરશનભાઈ શિયાળના કેસમા રૂા. ૧૨,૦૦,૦૦૦, ધોળકા તાલુકાનાં કેશરગઢ ગામનાં ધર્મેન્દુભાઈ પુનાભાઈ ડાભીના કલેઈમ કેસમાં રૂા.૮,૫૦,૦૦૦, વાંકાનેરની મંત્રી સોસાયટીમાં રહેતા ગુજ મધુબેન ઠાકરશીભાઈ સોળમીયાનાં કલેઈમ કેસમાં રૂા.૮,૫૦,૦૦૦, કલ્યાણપુર તાલુકાનાં રાણ ગામનાં ઈજા પમનાર રમેશભાઈ નાથાભાઈ હડીયલનાં કલેઈમ કેસમાં રૂા.૭,૧૦,૦૦૦, મોરબી જીલ્લાનાં આમરણ જોડીયા ગામનાં ઈજા પામનાર રવી રસીકભાઈ વાઘેલાનાં કલેઈમ કેસમાં રૂા.૬,૨૫,૦૦૦, વીછીંયાના ડાભીની વાડી વિસ્તારમાં રેહેતા ગુજ. લખમણભાઈ જેમાભાઈ રોજાસરાનાં કલેઈમ કેસમાં રૂા.૫,૦૦,૦૦૦ મળી કુલ રૂા. ૩.૭૨ કરોડનું જંગી વળતર મંજુર કરાવ્યું છે. અરજદારો વતી રાજકોટના એડવોકેટ રવીન્દ્ર ડી.ગોહેલ, સંદિપ એમ. રાઠોડ, વિવેક વી. ભાંસળિયા (ગઢવી) અને આસીસટન્ટ તરીકે જતીન પી. ગોહેલ, દિનેશ ડી. ગોહેલ તથા જયેશભાઈ મકવાણા રોકાયેલા હતા.

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમના ઉપક્રમે યોજાનારા

## વહાલુડીના વિવાહ લગ્નોત્સવમાં ૨૨ દીકરીઓની વહાલભરી વિદાયની તૈયારીઓ પૂરજોશમાં

### ૨૦મી ડિસેમ્બરે યોજાનાર ભવ્ય લગ્નોત્સવના ભાગરૂપે પ્રથમ બેઠકમાં શુભ પ્રસંગોની માહિતી અપાઈ



**અબતક, રાજકોટ**

રાજકોટના આંગણે છેલ્લા આઠ વર્ષથી પ્રતિવર્ષ દેશ-વિદેશમાં પોતાની સેવા પ્રવૃત્તિથી ખ્યાતિ પ્રાપ્ત બનેલ દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા દ્વારા પિતાની છત્રછાયા ગુમાવેલ અથવા માતા-પિતાની છત્રછાયા ગુમાવેલ દીકરીઓનો જાજરમાન લગ્નોત્સવ યોજાય છે. જે ટોક ઓફ ધી સૌરાષ્ટ્ર બનેલ છે. ચાલુ વર્ષે પણ ૨૦મી ડિસેમ્બરના રોજ ફરી એક વાર રાજકોટના આંગણે વહાલુડીના વિવાહ ૯ નું આયોજન કરવામાં આવેલ છે. આ વર્ષે આવેલ ૪૭થી વધુ દીકરીઓની લગ્નોત્સવ માટેની અરજીમાંથી ૨૨ દીકરીઓને પસંદ કરવામાં આવેલ છે.સંસ્થા દ્વારા પસંદ થયેલ ૨૨ દીકરીઓની પ્રથમ મીટીંગ સૌરાષ્ટ્ર હાઈસ્કૂલમાં લગ્નોત્સવ માટેની રાજકોટ શહેરના સમાજ જીવનના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ સ્વ નિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ અવધેશભાઈ કાનગડ, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, જાણીતા બિલ્ડર તેમજ કોર્પોરેટર ઘનશ્યામભાઈ હેરભા, સહકારી અગ્રણી હરગોપાલસિંહ જાડેજા સહિતના અતિથિઓની ઉપસ્થિતિમાં યોજવામાં આવી હતી. આ મિટિંગમાં ૨૨ દીકરીઓ તેમજ જમાઈ અને તેઓના પરિવારજનો ઉપરાંત સંસ્થાના દાતાઓ તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેલ.

સંસ્થાના સ્થાપક મુકેશભાઈ દોશીએ તમામ શુકનવંતી દીકરીઓ તેમજ પરિવારજનોને આવકારી દર વર્ષે યોજાતા વહાલુડીના વિવાહની વિગતે વાત કરી અને વહાલુડીના વિવાહ ૯ માં સંસ્થા દ્વારા દીકરીઓ માટે સમૃદ્ધ કરિયાવર, બ્યુટીપાર્લર, મહેંદી રસમ, કંકુ પગલા, મંડપ મુહુર્ત, ભોજન તેમજ નિવાસ વ્યવસ્થા અને અન્ય યોજાનાર તમામ શુભપ્રસંગોની વિગતે માહિતી આપી હતી.

આ મિટિંગમાં સંસ્થાના મોભી વલ્લભભાઈ સતાણી, હરેશભાઈ પરસાણા, કિરીટભાઈ પટેલ, ઘનશ્યામભાઈ રાચ્છ, અશ્વિનભાઈ પટેલ, સુનિલભાઈ મહેતા, કિરીટભાઈ આદ્રોજા, દીપકભાઈ જલુ, સંજયભાઈ દવે ઉપસ્થિત રહેલ. સમગ્ર આયોજનની સફળતા માટે મુકેશ દોશી, અનુપમ દોશી, સુનિલ વોરા, નલિન તન્ના, ડો.ફાલ્ગુનીબેન કલ્યાણી, અલ્કાબેન પારેખ, ગીતાબેન વોરા, મૌસમીબેન કલ્યાણી, હેમાંગ કલ્યાણી સહિતના કાર્યરત રહેલ હતા.

## ગાંધીગ્રામ વિસ્તારમાં દુષ્કર્મના કેસમાં વેપારીની જામીન અરજી ફગાવાઈ

### પતિની ગેરહાજરીમાં બાળકને રમાડવાના બહાને ઘરમાં ઘૂસી બળજબરીથી દુષ્કર્મનો આરોપ

**અબતક, રાજકોટ**

શહેરના ગાંધીગ્રામ (૨) પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી દોઢ વર્ષના બાળકની માતાને પતિની ગેરહાજરીમાં ધાક ધમકી આપી તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરવાના ગુનામાં પકડાયેલા શાકભાજી ધંધાર્થી દલસુખ ઉર્ફે ડીકે વઢવાણિયાની રેગ્યુલર જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે.આ અંગેની હકીકત મુજબ, શહેરના ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસ સ્ટેશનમાં દલસુખ ઉર્ફે ડી.કે. મનુભાઈ વઢવાણિયા વિરુદ્ધ દુષ્કર્મ, મારી નાખવાની ધમકીની થયેલી ફરીયાદ મુજબ આ બનાવમાં ફુટનો ધંધો કરતો પતિ તેના ધંધાર્થે બહાર હતો, ત્યારે તેની પત્ની દોઢ વર્ષના બાળકની માતા ઘેર એકલી હતી ત્યારે પાડોશમાં રહેતા દલસુખ ઉર્ફે બીકે મનુભાઈ વઢવાણિયાએ બાળકને રમાડવાના બહાને ઘરમાં ઘૂસી ધાકધમકી આપી, બળજબરીથી દુષ્કર્મ આચર્યાનું ફરિયાદમાં જણાવતા ગાંધીગ્રામ બે (યુનિ.) પોલીસ દ્વારા ધરપકડ કરી કોર્ટ હવાલે કરતા આરોપી દલસુખ ઉર્ફે ડી.કે. વઢવાણિયાએ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજીમાં બંને પક્ષકારોની દલીલો સાંભળેલ. તેમાં મૂળ ફરિયાદી વતી લેખિત તેમજ સરકારી વકીલ આબિદ સોસને મૌખિક ધારદાર દલીલો કરી હતી, જે ધ્યાને લઈ સેશન્સ કોર્ટે આરોપી દલસુખ ઉર્ફે ડી.કે. મનુભાઈ વઢવાણિયાની જામીન અરજી નામંજૂર કરી છે. આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ આબિદભાઈ એ. સોસન તેમજ મૂળ ફરિયાદી વતી છત્રપતિ એસોસીએટ્સના વકીલ અભય એચ. ખખ્ખર, કપિલ જી. કોટેચા, હાર્દિક એન. મહેતા, નીપ આર. લહેરૂ રોકાયા હતા.

## રૂ.૧૦ લાખનો ચેક બાઉન્સ કેસમાં વેપારી દિલીપ સાવલિયાને ૧ વર્ષની કેદ

### પતિના મિત્રને ધંધા માટે હાથ-ઉછીના લીધેલા રૂ.૧૦ લાખ પરત ન ચૂકવતા મનીષાબેન તન્નાએ ફરિયાદ દાખલ કરી હતી

**અબતક, રાજકોટ**

શહેરમાં રહેતી મહિલાએ પતિના મિત્રને આપેલી હાથ ઊછીની રકમ પરત કરવા આપેલો ચેક વગર વસૂલાતે પરત ફરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે દિલીપ સાવલિયા ને એક વર્ષની સજા અને ચેક ની રકમ ૧૦ લાખનુ વળતર ચૂકવવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના રૈયા રોડ હરિયા રોડ રૈયા રોડ આલા ૫ ગ્રીન સિટી નજીક કેપિટલ ગોલ્ડમાં રહેતા અને જામનગર રોડ પર પીપળીયા બસ સ્ટેશનની પાસ પાછળ શ્રી ખોડિયાર પોલિપેક નામે વ્યવસાય કરતા દિલીપભાઈ તળશીભાઈ સાવલિયા ને ધંધામાં આર્થિક જરૂરિયાત ઉપસ્થિત થતા પોતાના મિત્રના પત્ની મનીષાબેન તન્ના પાસેથી દસ લાખ રૂપિયા સુછીના લીધા હતા જે રકમ ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે મનિષાબેન તન્નાએ દિલીપ તળશીભાઈ સાવલિયા સામે અદાલતમાં ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી.

જે કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરીયાદીના એડવોકેટ કિશન એમ. પટેલે વિવિધ કોર્ટોની ઓથોરીટીઓ ટાંકી ધારદાર દલીલ કરી હતી. કે આરોપીએ આપેલ ચેક કાયદેસરના લેણા પેટે આપેલ હોવાનું પુરવાર હોવાનું માની એડી. ચીફ જયુડી. મેજી. એમ.વી.ચોકસીએ દિલીપ સાવલિયાને તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા અને રૂા.૧૦ લાખનું વળતર ચૂકવવાનો હુકમ ફરમાવેલો છે અને જો આરોપી વળતર ચૂકવવામાં નિષ્ફળ જાય તો વધુ બે માસની સાદી કેદની સજા કરવામાં આવે છે.ફરિયાદી મનીષાબેન એન.તન્ના વતી એડવોકેટ કિશન એમ. પટેલ, જયદીપસિંહ બી. રાઠોડ, યશસ્વી એચ.બોડા, હિનાબા ડી.પરમાર, જયેશ પી. નાગદેવ, પાર્થરાજસિંહ જાડેજા, મદદનીશ તરીકે નીરવ રામાણી તથા ધ્રુવીક હાલાણી રોકાયેલા હતા.

## મહેસૂલ વિભાગના કર્મચારીઓની હડતાળ ત્રીજા દિવસે પણ યથાવત: વિરોધ સાથે યોજાયો રક્તદાન કેમ્પ



**અબતક, રાજકોટ**

પોતાની વિવિધ પડતર માગણીઓને લઈને આંદોલન ચલાવી રહેલા રાજકોટ મહેસૂલ વિભાગના કર્મચારીઓની અનિશ્ચિત મુદતની હડતાળ આજે ત્રીજા દિવસે પણ યથાવત રહી છે. એક તરફ જ્યાં કામગીરીથી અળગા રહીને કર્મચારીઓ સરકાર સામે પોતાનો વિરોધ નોંધાવી રહ્યા છે, તો બીજી તરફ સામાજિક જવાબદારી અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા કર્મચારીઓ દ્વારા આજે એક વિશેષ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.રકતદાન કેમ્પમાં આંદોલન કરી રહેલા મહેસૂલ કર્મીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને સ્વેચ્છાએ રક્તદાન કર્યું હતું. સમગ્ર કેમ્પ દરમિયાન કુલ ૨૪ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું, જે જરૂરિયાતમંદ દર્દીઓની સારવાર માટે ઉપયોગમાં લેવાશે.કર્મચારી મંડળના આગેવાનોએ જણાવ્યું હતું કે, અમે અમારી ન્યાયિક માગણીઓ માટે લડત આપી રહ્યા છીએ, પરંતુ પ્રજા પ્રત્યેની અમારી સામાજિક સંવેદના હંમેશા જીવંત છે. હડતાળના માધ્યમથી વિરોધ દર્શાવવાની સાથે સમાજ ઉપયોગી કાર્ય થઈ શકે તે હેતુથી આ રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો છે.મહેસૂલ કર્મીઓની આ હડતાળને કારણે સરકારી કચેરીઓમાં કામગીરી ઠપ થઈ ગઈ છે અને અરજદારોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તેમ છતાં, વિરોધ પ્રદર્શન વચ્ચે કર્મચારીઓના આ સકારાત્મક અને માનવતાવાદી અભિગમની સ્થાનિક સ્તરે પ્રશંસા થઈ રહી છે. કર્મચારીઓએ ચીમકી આપી છે કે જ્યાં સુધી તેમની પડતર માગણીઓનો સંતોષકારક ઉકેલ નહીં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે.

## ખોડલધામ વિદ્યાર્થી સમિતિ દ્વારા કાલે વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શન હેતુ સેમિનાર

**અબતક, રાજકોટ**

આગામી સમયમાં ગુજરાત પોલીસ વિભાગમાં આવી રહેલ મોટાપાયે કોન્સ્ટેબલ અને પીએસઆઈની જગ્યાઓ તેમજ સીસીઆઈ/ક્લાસ-૩ની મોટાપાયે ભરતીની તૈયારી કરતા ખોડલધામ પરિવારના ૧૨ પાસ યુવાઓ માટે 'શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ' (કેડીવીએસ) દ્વારા વર્ગો શરૂ કરવામાં આવી રહ્યા છે. આ સંદર્ભે વિદ્યાર્થીઓને યોગ્ય દિશા અને માર્ગદર્શન મળી રહે તે હેતુથી એક વિશેષ માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

આગામી તારીખ ૧૦ ઓક્ટોબર ને શનિવારના રોજ સવારે ૯-૩૦ થી ૧૨ વાગ્યા સુધી રાજકોટ શહેરના ન્યૂ માયાણીનગર સ્થિત સરદાર પટેલ ભવન ખાતે આ વિશેષ સેમિનાર યોજાશે. આ સેમિનારમાં આકાશ પટેલ સર અને બકુલ પટેલ સર જેવા નિષ્ણાત ફેકલ્ટીઓ દ્વારા પરીક્ષાલક્ષી સચોટ માર્ગદર્શન આપવામાં આવશે. આ સેમિનારમાં ઉપસ્થિત રહેવા માટે રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. ઈચ્છુક વિદ્યાર્થીઓએ મો.નં. ૭૪૦૫૪૬૯૨૩૯ પર વોટ્સએપ મારફતે પોતાનું રજિસ્ટ્રેશન કરાવી લેવા જણાવાયું છે.

## નાણા રોકાણકારોની જાગૃતિ માટે સેબી દ્વારા રવિવારે માર્ગદર્શન સેમિનાર

### ચેમ્બર ઓફ કોમર્સ ખાતે બપોરે ૨ વાગ્યે યોજાનાર સેમિનારની વ્યવસ્થાની જવાબદારી માજી સાંસદ રમાબહેન માવાણી સંભાળશે

**અબતક, રાજકોટ:** વિશ્વભરમાં નાણા રોકાણકારોની જાગૃતિ માટે તા.૫ ઓક્ટોબરથી તા.૧૧ ઓક્ટોબરના સમયગાળા દરમ્યાન 'વિશ્વ રોકાણકાર સપ્તાહ'નું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત રવિવારે બપોર બાદ ૩:૦૦ કલાકથી ચેમ્બર ઓફ કોમર્સ, સેન્ટર પોઈન્ટ, કરણસિંહ હાઈસ્કુલ સામે, રાજકોટ મુકામે નાણા રોકાણકારોને જાગૃત અને સશક્ત કરવા સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. સેમીનારના ઉદઘાટકો તરીકે મેયર, નેહલભાઈ શુકલ, જીલ્લા કલેક્ટર ડો.ઓમ પ્રકાશજી તથા પોલીસ કમિશ્નર બ્રિજેશકુમાર ઝા ખાસ ઉપસ્થીત રહેનાર છે. મુખ્ય મહેમાનો અને વિષય નિષ્ણાંત વકતાઓ તરીકે કાર્તિકભાઈ બાવીસી (સીનીયર એકઝીક્યુટીવ, બોમ્બે સ્ટોક એકસચેન્જ), આયુષભાઈ કોટેચા (સાયબર નિષ્ણાંત), ગોપાલભાઈ વિઠલાણી (સાયબર નિષ્ણાંત, પોલીસ વિભાગ), પ્રો.વિરલભાઈ પીપળીયા, પૂર્વિબેન દવે (કંપની સેકેટરી), ડો. પી. એમ. ઉધાંડ (સૌરાષ્ટ્ર યુનીવર્સીટી), અશોકભાઈ કોયાણી (શેર બજાર નિષ્ણાંત), સેબીના પ્રતિનિધીઓ વિગેર ખાસ ઉપસ્થીત રહી માર્ગદર્શન આપનાર છે. આ સેમીનારની સંપૂર્ણ વ્યવસ્થાની જવાબદારી માજી સંસદ સદસ્યા રમાબેન માવાણીએ સંભાળેલ છે. આ સેમીનારમા રોકાણકારો માટે પ્રવેશ વિનામુલ્યે રાખેલ છે.



# રાજ્ય સરકાર દ્વારા અંબાજી અને બહુચરાજી સહિત ૯ દેવસ્થાનોએ નવરાત્રીમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

## ગુજરાતના જાણીતા ગાયક-કલાકારોની ઉપસ્થિતિમાં માતાજીની આરાધના અને ગરબાની રંગત જામશે



**અબતક, રાજકોટ**

આગામી રવિવારથી માઁ નવદુર્ગાની આરાધનાના મહાપર્વ નવરાત્રી મહોત્સવનો મંગલારંભ થઈ રહ્યો છે. ત્યારે રાજય સરકાર દ્વારા અંબાજી, બહુચરાજી, ઉંઝા, કચ્છ માતાના મઢ, ચોટીલા, પાવાગઢ, અમદાવાદ ભદ્રકાળી મંદિર, દ્વારકાના હરસિધ્ધિ માતાજીના મંદિર, મોઢેરામાં મોઢેશ્વર માતાજીના મંદીર ખાતે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

નવરાત્રિ ગુજરાતની આગવી સાંસ્કૃતિક ઓળખનું પ્રતિબિંબ છે. માતાજીના પવિત્ર દેવસ્થાનોમાં ગુંજતા ભકિતના જયઘોષ, સંગીતના સૂર અને ગરબાની રમઝટ સાથે ગુજરાતમાં નવરાત્રિનો ઉલ્લાસ છવાઈ જાય છે. રાજ્યના સુપ્રસિધ્ધ શકિતપીઠો અને માતાજીનાં દેવસ્થાનો વર્ષભર દેશ-વિદેશના શ્રધ્ધાળુઓ અને પ્રવાસીઓને આકર્ષે છે. ખાસ કરીને નવરાત્રીના પવિત્ર પર્વ દરમિયાન આ ધાર્મિક સ્થળો ભક્તિ, લોકસંસ્કૃતિ, સંગીત અને ગરબાની અદભુત ઊર્જાથી જીવંત બની ઊઠે છે.

### ‘આતિથ્યમ’ ટૂરિસ્ટ ફટફોલ ડેશબોર્ડના ટોચના ૧૦ પ્રવાસન સ્થળોમાં અંબાજી માતા મંદિર, પાવાગઢ અને બહુચરાજી મંદિરનો સમાવેશ



માતાજીની આરાધનાના આ પર્વને વધુ ભવ્ય અને લોકભાગીદારીસભર બનાવવા મુખ્યમંત્ર ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા અંબાજી અને બહુચરાજી શક્તિપીઠ સહિત રાજ્યના કુલ ૯ દેવસ્થાનો ખાતે નવરાત્રી-સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લાના સુપ્રસિધ્ધ અંબાજી શકિતપીઠ ખાતે તા. ૧૧ ઓકટોબર અને મહેસાણા જિલ્લાના બહુચરાજી શકિતપીઠ ખાતે તા. ૧૨ ઓકટોબરના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત રાજ્યના અન્ય ૭ માતાજીનાં દેવસ્થાનો ખાતે પણ નવરાત્રી નિમિત્તે

(અનુ. આઠમા પાને)

# રેવન્યુ કર્મચારીઓના પડતર પ્રશ્નોને લઈ સરકારનો હકારાત્મક અભિગમથી હડતાલ સમેટાઈ

## ગ્રેડ પે સહિતની માંગણીઓ ઉકેલવા અધિક મુખ્ય સચિવ જયંતી રવિના વડપણ હેઠળ ખાસ કમિટીની રચના

**અબતક, ગાંધીનગર**

રાજયમાં મહેસૂલ કર્મચારીઓની લાંબા સમયથી પડતર વિવિધ માંગણીઓને પગલે ચાલી રહેલી હડતાળ વચ્ચે ગુજરાત સરકારે હકારાત્મક વલણ અપનાવીને પ્રશ્નોના કાયમી નિરાકરણ માટે મોટો નિર્ણય લીધો છે. ગાંધીનગરમાં રાજ્ય સરકારના પ્રતિનિધિઓ અને ’ગુજરાત રાજ્ય મહેસૂલ કર્મચારી મહામંડળ’ના હોદ્દેદારો વચ્ચે યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં સરકારના પ્રવક્તા જીતુ વાઘાણી, મહેસૂલ રાજ્ય મંત્રી સંજયસિંહ મહિડા અને મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં કર્મચારીઓની મુખ્ય માંગણી એવી ગ્રેડ પે સુધારણા સહિતના તમામ મુદ્દાઓની વિસ્તૃત ચકાસણી કરવા માટે અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિના અધ્યક્ષપદે એક વિશેષ કમિટી રચવાનો નિર્ણય કરાયો છે.

સરકારના પ્રવકતા જીતુ વાઘાણીએ સ્પષ્ટ કર્યું હતું કે આ કમિટી કર્મચારી મંડળના આગેવાનો સાથે સીધી ચર્ચા કરશે અને અન્ય સરકારી વિભાગો સાથે યોગ્ય સંકલન સાધીને પ્રશ્નોનો એવો દીર્ઘકાલીન ઉકેલ લાવશે જેથી ભવિષ્યમાં આવી કોઈ મુશ્કેલી ન સર્જાય. સરકારના આ સકારાત્મક અને સમાધાનકારી અભિગમને આવકારીને કર્મચારી મંડળે પોતાની હડતાળ સમેટી લીધી છે, જેનાથી વહીવટી તંત્ર અને સરકાર બંનેએ રાહતનો શ્વાસ લીધો છે.

(અનુ. આઠમા પાને)

# ભાદરવામાં ઉનાળા જેવા આકરા તડકા રાજકોટ ૩૯.૬ ડિગ્રી સાથે સૌથી ગરમ

## રાત્રીના સમયે પણ ઉકળાટનો અહેસાસઃ ગુલાબી ઠંડીનો ઈન્તજાર

**અબતક, રાજકોટ**

ભાદરવા માસમાં ઉનાળા જેવા આકરા તડકા પડી રહ્યા છે. સુર્યોદય અને સુર્યાસ્તના સમયમાં શિયાળાની અસર દેખાવા માંડી છે. સુર્યોદય વહેલો થવા માંડ્યો છે. રાત્રીના સમયે પણ ઉકળાટનો અહેસાસ થઈ રહ્યો છે. ગુલાબી ઠંડીની રાહ વચ્ચે તાપમાનનો પારો ઉંચકાય રહ્યો છે. ગુરૂવારે રાજકોટ ૩૯.૬ ડિગ્રી સેલ્શીયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. બેવડી સીઝનના કારણે રોગચાળો પણ વકર્યો છે. ભાદરવો માસ પૂર્ણતાના આરે છે. આસો માસ શરૂ થવામાં છે. છતા હજી કાળઝાળ ગરમી પડી રહી છે.

ભાદરવા માસમાં સુર્યનારાયણ આકાશમાંથી અગ્નીવર્ષા કરી રહ્યા છે. જાણે ઉનાળો બેઠો હોય તેવા આકરા તડકા પડી રહ્યા છે. જનજીવન ત્રાહિમામ પોકારી ગયું છે. ગુરૂવારે રાજકોટ ૩૯.૬ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. અમદાવાદનું તાપમાન ૩૭.૬ ડિગ્રી નોંધાયુ હતું. આ ઉપરાંત ડિસાનું તાપમાન ૩૮.૬ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૬.૫ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૩૬.૫ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૦.૬ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૭.૨ ડિગ્રી, દમણનું તાપમાન ૩૪ ડિગ્રી, કચ્છના ભુજનું તાપમાન ૩૭.૮ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૫.૪ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૭.૪ ડિગ્રી, કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૩૮.૬ ડિગ્રી, સૌરાષ્ટ્રમાં અમરેલીનું તાપમાન ૩૭.૫ ડિગ્રી,

(અનુ. આઠમા પાને)

# ખાવડામાં કાળ ત્રાટક્યોઃ આર.ઈ. પાર્ક નજીક બલ્કર ટ્રકની ઠોકરે સાત શ્રમિકોના મોત, ૨૦ ઘાયલ

## ઈજાગ્રસ્તોને ભુજ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા, મૃતદેહો પીએમ માટે મોકલવા તજવીજઃ સ્થાનિક પોલીસનો કાફલો દોડ્યો

## મજૂરી પૂર્ણ કરી શ્રમિકો બોલેરો પીકઅપમાં સવાર થઇ ઘરે પરત ફરી રહ્યા’તા સવારે ત્રણ વાગ્યે અકસ્માત સર્જાતા હાઇવે મરણચિસોથી ગુંજી ઉઠ્યો

**અબતક, રાજકોટ**

ગાંધીધામમાં એક અત્યંત ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. ખાવડા નજીક આર ઈ પાર્ક નજીક વહેલી સવારે બોલેરો પીકઅપ અને બલ્કર ટ્રક વચ્ચે ટક્કર થતાં સાત લોકોના મોત નીપજ્યા છે જયારે ૨૦ શ્રમિકોં ગંભીર રીતે ઘાયલ થયાં છે. બનાવને પગલે આખેઆખો હાઈવે મરણચિસોથી દ્રવી ઉઠ્યો હતો. ઘટનાને પગલે ખાવડા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક ભુજ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા જયારે મૃતદેહો પીએમ અર્થે મોકલવામાં આવી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ કચ્છ જિલ્લાના પશ્ચિમ વિભાગમાં ખાવડા રોડ પર આર ઈ પાર્ક પાસે બોલેરો અને બલ્કર વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. જેના પગલે આખો રોડ મરણ ચિચિયારીથી દ્રવી ઉઠ્યો હતો અને લોહી નદીઓ વહેતી થઈ હોય એવા અચંબિત દ્રશ્યો સર્જાયા હતા. અકસ્માતમાં ઘટનાસ્થળ પર જ સાત વ્યક્તિના મોત થયાં હતા જયારે ૨૦ થી વધુ લોકો ઘાયલ થયાં હતા. બનાવને પગલે લોકોના ટોળા એકઠા થયા હતા અને ઈજાગ્રસ્ત વ્યક્તિઓને તાત્કાલિક ૧૦૮ મારફતે ભુજ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. ગમખ્વાર અકસ્માતની ઘટનાની જાણ થતા ખાવડા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એન બી ચાવડા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

અકસ્માતની ઘટના અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર આર. ઈ. પાર્ક કંપનીમાં મજૂરી પૂર્ણ કરી શ્રમિકોં વહેલી સવારે ત્રણ વાગ્યે બોલેરો પીકઅપમાં સવાર થઈ ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન સામેથી ધસી આવેલ કાળમુખ બલ્કરે ઠોકર મારતા કરુણ બનાવ સર્જાયો હતો. ગંભીર અકસ્માતના પગલે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા અને ખાવડા રોડ ૧૦૮ ની લાંબી ખતરો થી હોસ્પિટલ સુધી ઈજાગ્રસ્તો ને પહોંચાડવામાં આવ્યા છે અને સમગ્ર પંથકમાં અરેરાટીનો માહોલ સર્જાયો છેઆ અંગે ખાવડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આર ઈ પાર્ક વિસ્તારમાં આ પ્રકારનો પ્રથમ મોટો અકસ્માત હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. અકસ્માત કયા સંજોગોમાં સર્જાયો અને તેમાં કોની બેદરકારી હતી તે સહિતના મુદ્દે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માત અંગેની સત્તાવાર વિગતો અને ઈજાગ્રસ્તોની સ્થિતિ અંગે તપાસ પૂર્ણ થયા બાદ વધુ માહિતી સામે આવી શકે છે.






# હાશ! ઈસબગુલ પર ઝીરો ટકા જીએસટીની ભલામણ ઊંઝા માર્કેટને ધમધમતું કરશે

## બે મહિનાથી ઠપ્પ પડેલા વેપાર અને ગુજરાત-રાજસ્થાન વચ્ચેના વિવાદનો અંત; પ્રોસેસર્સ, ખેડૂતો અને નિકાસકારોમાં રાહતનો માહોલ

**અબતક, રાજકોટ**

વિશ્વભરમાં ઈસબગુલના વેપારના મુખ્ય કેન્દ્ર ગણાતા ઉત્તર ગુજરાતના ઊંઝાના વેપારીઓ, પ્રોસેસર્સ અને ખેડૂતો માટે મોટા રાહતના સમાચાર સામે આવ્યા છે. જીએસટી કાઉન્સિલે ઈસબગુલના બીજ પર શૂન્ય



જીએસટી દર લાગુ કરવાની મહત્વપૂર્ણ ભલામણ કરી છે. આ દર બીજ તાજા, ચિલ્ડ, ફ્રોઝન કે સૂકા ગમે તે સ્વરૂપમાં હોય તો પણ એકસમાન રીતે લાગુ થશે. કાઉન્સિલના આ નિર્ણયથી ઊંઝા એપીએમસીમાં છેલ્લા બે મહિનાથી વધુ સમયથી ચાલી રહેલી અનિશ્ચિતતાનો સુખદ અંત આવશે.

ઈસબગુલના બીજ પર જીએસટી દરને લઈને ગુજરાત અને રાજસ્થાન વચ્ચે ભારે વિરોધાભાસ ઊભો થયો હતો. ગુજરાતની ’ઓથોરિટી ફોર એડવાન્સ રૂલિંગ’ (આર)એ જણાવ્યું હતું કે ખેડૂતો પાસેથી સીધા ખરીદેલા કાચા ઈસબગુલને ’તાજા’ ગણીને જીએસટી મુક્ત રાખવા. જયારે રાજસ્થાન આરએ એવો આદેશ કર્યો હતો કે મંડી કે વેરહાઉસમાં સંગ્રહિત માલને ’સૂકો’ ગણી તેના પર ૫ ટકા જીએસટી લાગશે. આ કાયદાકીય ગૂંચવણને કારણે ઊંઝા માર્કેટમાં

(અનુ. આઠમા પાને)


